વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-
વર્ષ : ૪૫મું
માર્ચ - ૨૦૨૧
અંક - ૫૧૩
મંગલ મંદિર ● માર્ચ-૨૦૨૧ ● ૧
(કુલ પાના : ૬૪)

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર

## વસંતના વધામણા....



મુખ્ય કાર્યાલય :-
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુથ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kjssmangalmandir@gmail.com • Web site : www.kuthchijainahd.org

તંત્રી મંડળ :
પ્રતાપ નારાણજી દંડ - મુખ્ય તંત્રી
દિનેશ આર. મહેતા - સહતંત્રી


THE NEXT GENERATION
PRACTICAL BOOKS
BRIGHTER
SMOOTHER
SMARTER
Learning practicals has just become way more convenient! With Youva Smart Practical books, now learn and revise practical anytime & anywhere. Scan the QR code given in the book & make 10000+ practical come alive with exclusive videos on the TopScorer app.
Get yours today!
COMBINED
PHYSICS
BIOLOGY
youva
THINK. CREATE.
www.youvaworld.com

છેલ્લા ૪૪ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**


**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

**પ્રતાપ નારાણજી દંડ**

**સહ તંત્રી**

**દિનેશ આર. મહેતા**
**મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮**


*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

*– મુખ્યતંત્રી*

# અનુક્રમણિકા


**તંત્રી લેખ :**

- વિશ્વનું સૌથી મોટું રસીકરણ ભારતમાં થઈ રહ્યું છે – લોકો નિશ્ચિતપણે અને વિશ્વાસપૂર્વક આ અભિયાનને સફળ બનાવે ........ ૫
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૭

**દીપશીખા**

- શ્રેષ્ઠતાનું માર્ગદર્શન ● કારકિર્દી કથા ........ ડૉ. પૂજા કોટક ........ ૮

**ઉત્સવ**

- મને ઓળખી? હું વસંત! ........ પારૂલ દેસાઇ ........ ૯
- વસંતની મસ્તી અને રંગની જમાવટ એટલે હોળી ઉત્સવ ........ દિનેશ આર. મહેતા ........ ૧૦

**વિચારમંચ**

- ધર્મ એટલે પ્રેમ અને સંવાદિતા ........ ડૉ. યાસીન દલાલ ........ ૧૧

**સાવધાન**

- હસ્ત મેળાપ કરતાં અદકેરો મનમેળાપ...! ........ દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ ........ ૧૩

**ગુલશન (ચાલુ શ્રેણી) (મણકો-૪)**

- "દિલની જબાન" : કવયિત્રી - મહેશ્વરી મહેતા "ઉષ્મા" ........ ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર ........ ૧૪

**કચ્છ**

- કચ્છની દક્ષિણામૂર્તિ : સરસ્વતી સદન "સદનવાડી".. ........ નરેશ અંતાણી, જર્નાલિસ્ટ ........ ૧૭

**સંસ્કૃતિ**

- કડવાશ ........ નટવર આહલપરા ........ ૧૯

**સાયન્સ / ટેકનોલોજી**

- અંતરીક્ષ ક્ષેત્રે સંશોધનો માટે ભારત સક્ષમ છે ........ પ્રા. સૂર્યકાંત ભટ્ટ ........ ૨૦

**સ્વાસ્થ્ય**

- વર્લ્ડ સ્લીપ-ડે (World Sleep Day) ........ ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક ........ ૨૧
  ડૉ. દિપ્તી શાહ (ગડા), બાળકો તથા પુખ્તવય માટેના મનોચિકિત્સક

**સુમિરે... બલબીરા, સ્મૃતિપટ પર સંભારણાં (સંકલન : બલવીરસિંહ જાડેજા)**

- સાથ ........ ઇલા કે. શાહ ........ ૨૩

**સંસારબાગ**

- ગરમ સ્વેટર ........ એમ. ડી. સોલંકી ........ ૨૫

**મનોબળ**

- સંકલ્પનો મહિમા. ........ ભરત અંજારિયા ........ ૨૮

**સમભાવ**

- અળગી રાખો સોયની અણી ........ ડૉ. પલ્લવી શાહ, પ્રિન્સિપાલ ........ ૨૯

**જાગૃતિ**

- અંજાર- કચ્છ જવાના રસ્તે – શેખપીર ચોકડી પાસે ચકલીનું એક વૃક્ષ છે ........ ડૉ. મિહિર એમ. વોરા ........ ૩૧

**સંસ્થા / વ્યક્તિ વિશેષ**

- કચ્છના ખાવડા વિસ્તારમાં ગાંધી સેવાશ્રમ (દિનારા)ના સ્થાપક સર્વોદય કાર્યકર : છગનલાલ અમદાવાદી ........ ભરત'કુમાર' પ્રા. ઠાકર ........ ૩૨
- પુસ્તકો માટે અલગ ફલેટ ખરીદનાર – ભૂપેન્દ્ર શેઠ ........ ચંદ્રકાંત પટેલ 'સરલ', સાહિત્યકાર ........ ૩૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી પ્રદીપ સૂરજલાલ મહેતા
ઘર : ૨૬૬૧૨૦૮૯
મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦

**સહમંત્રી**
શ્રી રોહિત સંઘવી

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રજનીકાંત ધરમશી પારેખ
મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**


## બોધકથા / લઘુ કથા

- શત્રુ ● યુધિષ્ઠિરની નમ્રતા ● સફાઈ
- દેવાદાર ● ઓફિસર ........ **હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી**..... ૩૪

## વાર્તા

- છદ્મવેશ ........ **બલવીરસિંહ જાડેજા**..... ૩૫

## YOUTH CLUB

- **Some Golden Thoughts** ........ **Presentation : Dinesh R. Mehta** ....... ૩૭

## ગેમ્સ ગેલેરી

- હેપ્પી વુમન્સ ડે – બિંગો ગેમ... ........ **ભાવના એ. ઝવેરી**..... ૩૮
- ફિલ્મી ફંડા ● કહેવતો ........ **સંકલન : કિરણબેન પી. ઠક્કર**..... ૪૧

## મહત્ત્વની માહિતી

- નક્ષત્ર અને રાશિ ● પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી : વાંસ ● રણ પ્રદેશની વનસ્પતિ : કેકટસ ...... ૪૨
- ઉર્જાના વિવિધ સ્વરૂપ ● વિશ્વનો અલભ્ય ગણતરી યંત્ર

## વૈવિધ્ય

- આંજો કાગર ........ ૪૪
- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૪૬
- સમીક્ષા : "દરજજો" (ગઝલ સંગ્રહ) ........ **રમેશ પટેલ, કવિશ્રી**..... ૪૭
- ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકાર : કનૈયાલાલ મુનશી ........ ૪૮
- કચ્છ દર્શન ........ **સંકલન : દિનેશ આર. મહેતા**..... ૪૯

## મનોરમ્ય

- થયું છે : **ડૉ. નટુભાઈ પંડ્યા**............ ● આધાર પાકા નથી : **કીર્તિકાંત પુરોહિત** . ........ ૫૦
- ડુબવાના હોય છે : **આબિદ ભટ્ટ**........... ● વાંસળી (ગીત) : **જયેશ ઠક્કર** ........ ૫૦
- ખંડેર જેવો માનવી : **'આરસી શાહ'** ..... ● લઘુકાવ્યો : **અરુણા અરુણ ઠક્કર 'માધવી'** ........ ૫૧
- વિવેચક (ગઝલ) : **રમેશ પટેલ**.......... ● સ્ત્રી છું, હું પણ જીવ છું : **જાગૃતિ તન્ના 'જાનકી'** ...... ૫૧
- શબ્દની આરપાર જીવ્યો છું, હું બહુ ધારદાર જીવ્યો છું : **અમૃત 'ઘાયલ'**........ ૫૨
- સામાન્ય મનુષ્યના પ્રેમી - હમદર્દી કવિ મિરઝા ગાલિબ ........ ૫૨
- એક નજર : **મણિલાલ ડી. રૂઘાણી** ......● હાઈકુ : **દિલીપ આચાર્ય 'દિલકશ'** . ........ ૫૨

## નિયમિત વિભાગો

- ***Nano Nine*** શબ્દ રમત-૧૬૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૫૩
- પરિણય મિલન : **BIO DATA** ........ ૫૪
- ***Nano Nine Sudoku*** (ક્રમાંક-૧૧૨૭) ........ **સંકલન : રજનીકાંત પારેખ**...... ૫૫
- બાલુડે જયું ગાલિયું ........ **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા**..... ૫૬

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

- સમાજ દર્પણ ........ ૫૭
- સંસ્થા સમાચાર ........ ૫૮


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**.
Printed at : **Gajanand Offset,** Amraiwadi, Ahmedabad.
Published at : **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. ● **Editor : Mr. Pratap Dand** ● **Yearly Subscription : Rs.150/-**

તંત્રી લેખ

# વિશ્વનું સૌથી મોટું રસીકરણ ભારતમાં થઈ રહ્યું છે

## લોકો નિશ્ચિંતપણે અને વિશ્વાસપૂર્વક આ અભિયાનને સફળ બનાવે

કોરોના વાયરસથી ત્રસ્ત વિશ્વના દેશોએ આ મહામારીને નાબૂદ કરવા માટે ઐતિહાસિક રસીકરણ કાર્યક્રમ શરૂ કર્યો છે અને પૂરજોશમાં તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. તે દરમિયાન બ્રિટનમાં કોરોના મહામારીનો નવો પ્રકાર સામે આવતાં વિશ્વના દેશોમાં ગભરાટ પણ ફેલાયો છે. ફાઈઝર સાથે કોરોનાની રસી વિકસાવનારી બાયોએનટેકના સીઈઓએ કહી પણ દીધું કે કોરોના મહામારીથી વિશ્વને તરત જ છૂટકારો મળશે નહીં. તેના સંદર્ભમાં જોઈએ તો આપણે 'સામાન્ય જીવન'ની નવી વ્યાખ્યા કરવાની જરૂર છે.

વર્ષ ૨૦૨૦ દરમિયાન લોકોએ જે હાડમારી ભોગવેલ છે, એ આજીવન યાદ રહેશે. ભારતની વાત કરીએ તો હાલે કોરોનાના કેસોની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. રિકવરી રેટ પણ વધ્યો છે. આમ છતાં, પ્રકૃતિમાં રહેલા દરેક સજીવની જેમ વાયરસ પણ સતત પ્રજનન અને ક્રમિક વિકાસ કરતા હોય છે. **આ પ્રક્રિયાને વૈજ્ઞાનિક ભાષામાં જીનેટિક મ્યુટેશન કહેવામાં આવે છે.**

હાલના સમયે આખા જગતમાં ઈતિહાસનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ આરંભાઈ ગયો છે. એક ગણતરી અનુસાર ગત જાન્યુઆરી માસ સુધીમાં લગભગ સાત દેશોમાં મોટી માત્રામાં રસીના ડોઝ અપાઈ ચૂક્યા છે. આ દેશોમાં અમેરિકા, ચીન, યુ.કે., રશિયા, ઈઝરાયેલ, કેનેડા અને ભારતનો સમાવેશ થાય છે.

હાલ જે વેક્સિનો લગાવવાની શરૂઆત થઈ છે એ કોઈ નવા વાયરસ વિરુદ્ધ અસરકારક હશે કે પછી અસરહીન પુરવાર થશે? વૈજ્ઞાનિકોનું કહેવું છે કે સામાન્ય રીતે કોઈપણ વેક્સિન શરીરની રોગપ્રતિકારક શક્તિને વાયરસના અનેક પ્રકાર વિરુદ્ધ લડવા માટે તૈયાર કરાતી હોય છે. આમાં સારી બાબત એ છે કે હાલ જે પણ વેક્સિનો આવી રહી છે એમાં અન્ય ફેરફાર સરળતાથી થઈ શકે તેમ છે. કોરોનાની અગિયાર જેટલી રસી એવી છે, જેને વિવિધ દેશોએ મંજૂરી આપી છે. **અત્રે એક વસ્તુ ધ્યાનમાં લેવી જોઈએ કે રસીનું મૂળ કામ થયેલા રોગને મટાડવાનું નથી, પરંતુ રોગ થાય જ નહીં એ માટે શરૂઆતથી શરીરમાં રોગપ્રતિકારક શક્તિ પેદા કરવાનું છે.** દરેક વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ અલગ અલગ હોય છે. સામાન્ય અવલોકન કરીએ તો જણાશે કે ભારત જેવા દેશમાં ધનાઢ્ય અને સુખ સાહેબીમાં રહેતા લોકોને જે પ્રમાણમાં કોરોના થયો એટલો કોરોના મજૂરવર્ગ કે મધ્યમવર્ગને થયો નથી. કારણકે જે સતત મહેનત કરે છે, તેમના શરીર મજબૂત રહે છે. **રસીનું કામ શરીરમાં પ્રવેશી નવા વાયરસ - બેક્ટેરિયા સામે નવું એન્ટિબોડી તૈયાર કરીને તેનાં જંતુઓનો ખાત્મો કરવાનું છે.** આ રીતે જોઈએ તો રસી મળી ગઈ એટલે રોગ તુરત નાબૂદ થઈ જશે એવું નથી. નોંધનીય છે કે, પોલિયા જેવી મહામારીની રસી વર્ષો સુધી આપ્યા પછી હવે વિશ્વમાં તેના કેસની સંખ્યા નહિવત્ થઈ છે.

**રસીથી વિશ્વમાં માત્ર એક જ રોગ સંપૂર્ણપણે નાબૂદ કરી શકાયો છે – એ છે શીતળાનો.** તે સિવાય, અનેક રોગની રસી અપાય છે, જે રોગચાળાને કાબૂમાં રાખવાનું કામ કરે છે તેને તરત જ સાવ નાબૂદ કરી શકાય નહીં. ભારતમાં બાળક પાંચ વર્ષનું થાય ત્યાં સુધીમાં અનેક રસીના ડોઝ આપવાનું મહત્ત્વ છે પરંતુ પશ્ચિમના દેશોમાં તેવું નથી. જ્યાં વિવિધ રસીકરણનો વ્યાપક ઉપયોગ થયો છે એવા દેશોમાં કોરોનાનો મૃત્યુ આંક ઓછો જણાયો છે. **ખાસ કરીને બીસીજી (બેસિલિઆ કિલમેન્ટી ગુરિન) નામની રસી જીવનરક્ષક સાબિત થઈ છે.** અમેરિકા, ઈટાલી, ફ્રાન્સ અને સ્પેન જેવા દેશોમાં બીસીજીની રસી અપાતી નથી. બીસીજીની ભલામણ પણ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા જ થઈ હતી. ભારતમાં ૧૯૪૯થી આ રસીનું અમલીકરણ થયું છે.

તેવી રીતે કોરોના સામે મંજૂર થયેલી રસીઓ પૈકી અમુક રસી ૯૦ ટકા સફળ હોવાનો દાવો થાય છે. અમુક રસી ૭૫ ટકા સક્ષમ ગણાય છે. આનો અર્થ સામાન્ય રીતે એવો થાય કે આ રસી લીધા પછી ૯૦ ટકા સુધી રોગ થવાની શક્યતા નથી. **બીજી તરફ, રસી લીધા બાદ રોગ ન જ થાય એવી ખાતરી કોઈ આપી શકે નહીં.** આ હકીકતના સંદર્ભમાં જોઈએ તો સિઝનલ ફ્લુ - ઈન્ફ્લુએન્ઝાની અગાઉ રસી અપાયા છતાં, એ રોગનો ફેલાવો ૨૦૧૦-૧૧, ૨૦૧૪-૧૫ અને ૨૦૧૯-૨૦માં જોવા મળ્યો હતો. **અત્યાર સુધી પોલિયો અને મિઝલ્સ (ઓરી)ની રસીઓ લગભગ ૯૯ ટકા જેવી સફળ થઈ છે.**

કોરોના માટે તૈયાર થયેલી વિવિધ રસીઓ પૈકી કેટલીક રસીઓની સફળતાની ટકાવારીના દાવા નીચે મુજબ છે :

એસ્ટ્રાઝેનેકા - ઓક્સફર્ડ : ૭૦, સિનોફાર્મ : ૭૯.૮૦, સ્પુતનિક-ફાઈવ : ૯૨,

મોડેર્ના : ૯૪.૧, ફાઇઝર-બાયોએનટેક : ૯૫.

ભારતની વાત કરીએ તો કોરોના મહામારીનો સામનો કરવા માટે નવા વર્ષે દેશવાસીઓને કોરોનાની બે રસીની ભેટ મળી છે. જેમાં ઓક્સફર્ડ - જેનેકાની કોવિશિલ્ડ અને ભારત બાયોટેકની કોવેક્સિન — કોવિડ-૧૯ને ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઇન્ડિયાએ મંજૂરી આપી છે. ત્યારબાદ કેન્દ્ર સરકારની આ જાહેરાતની સાથે જ રસીકરણનો કાર્યક્રમ શરૂ થઇ ગયો છે. પર્યાપ્ત ચકાસણી પછી બંને રસીઓ સલામત છે અને રસીકરણ દરમિયાન બે-બે ડોઝ અપાશે. બંને ડોઝ વચ્ચે ૨૮ દિવસનું અંતર રાખવાની શક્યતા છે. આ રસીઓ ૨ થી ૮ ડિગ્રી સે. તાપમાનમાં સંગ્રહ કરી શકાશે. **ઓક્સફર્ડ યુનિવર્સિટી અને એસ્ટ્રાજેનેકા દ્વારા વિકસાવાયેલી રસીનું સીરમ ઇન્સ્ટિટ્યૂટ કોવિશિલ્ડ નામથી ભારતમાં ઉત્પાદન કરી રહી છે ત્યારે સ્વદેશી રસી કોવેક્સિન ભારત બાયોટેક અને ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે વિકસાવી છે.** ભારતે વિશ્વના ઘણા દેશોને કોવિડ - રસી પૂરી પાડી છે. અત્યારે વિશ્વનું સૌથી મોટું રસીકરણ પણ ભારતમાં થઈ રહ્યું છે. તા. ૧૮-૦૨-૨૦૨૧ સુધીમાં ૨,૧૦,૮૦૯ સેશનમાં કોરોનાની રસી દેશમાં કુલ ૯૮.૫ લાખ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે. સરકાર દ્વારા નક્કી થયું છે તે મુજબ કોરોના મહામારીની વિપરીત પરિસ્થિતિમાં અસાધારણ સેવાભાવ દાખવનાર હેલ્થકેર અને ફ્રન્ટલાઇન વર્કર્સ, ડૉક્ટર્સ, મેડિકલ સ્ટાફ - પ્રોફેશનલ્સ, વૈજ્ઞાનિકો, પોલીસ કર્મચારીઓ, સફાઇ કામદારો, બધા જ કોરોના વોરિયર્સ અને વૃદ્ધોને આ રસીકરણમાં પ્રાથમિકતા અપાશે અને ત્યારબાદ સામાન્ય લોકોને રસીના ડોઝ અપાશે. કોરોના વોરિયર્સ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આ એક ઉત્તમ તક છે.

કેટલાક લોકો સાઇડ ઈફેક્ટ્સથી ગભરાય છે. સ્વાભાવિક રીતે વેક્સિનના કરોડો ડૉઝમાં બે-ચાર કિસ્સામાં તેવું થાય પણ ખરું. જે નહિવત ગણાય. આમ છતાં તેની ગંભીરતા પણ ધ્યાનમાં લેવી જોઈએ. આ બાબતે વધુ સંશોધન જરૂરી છે. કોઇને એવું લાગે કે શું વેક્સિન લીધા પછી કોરોના ફરી ના થાય? વેક્સિનની પ્રતિકારક શક્તિ કેટલા સમયની? કોઈ વળી એવું પણ કહેતા હોય છે કે વેક્સિન લીધા પછી પણ કેટલીક કાળજી લેવાની હોય તો વેક્સિનનું જોખમ શા માટે લેવું? આ પ્રકારના બધા પ્રશ્નોના ઉત્તર પોતાના ડૉક્ટર પાસેથી મેળવવા જોઈએ.

સમગ્ર દેશના બધા જ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ માટે મોક ડ્રિલ દરમિયાન લગભગ ૧,૧૪,૧૦૦ વેક્સિનેટર્સને જરૂરી તાલીમ આપવામાં આવી છે. **આમ, આ એક ખૂબ મોટું અને મહત્ત્વનું અભિયાન છે. "આત્મનિર્ભર ભારત"ના વિકાસ અને પ્રગતિ માટે લોકોએ નિશ્ચિતપણે, વિશ્વાસપૂર્વક અને જાગૃતિ કેળવીને આ અભિયાનને સફળ બનાવવા દરેક પ્રયાસો કરવા જરૂરી છે.** વેક્સિન જ્યારે ૮૦ ટકા જેટલા લોકો લેશે ત્યારે જ વાયરસનો અંત આવશે. નિષ્ણાતોના મતે અત્યારે ૪૦ ટકા લોકોમાં ઇમ્યુનિટી આવી ગઈ છે. કોરોના મહામારી એક યુદ્ધ જેવું છે. એટલે લોકોએ સતત સક્રિય રહેવું જરૂરી છે.

એ ગૌરવની વાત છે કે કોરોનાની બંને રસીઓને વપરાશ માટે મંજૂરી અપાઈ છે અને બંને રસીઓ ભારતમાં બની છે. **"આત્મનિર્ભર ભારત"નું સ્વપ્ન સિદ્ધ કરવા માટે દેશના વૈજ્ઞાનિકોનું મહાન યોગદાન છે, આ તેમની ભવ્ય સિદ્ધિ છે.**

**આ અભિયાનમાં અથાગ પ્રયાસ કરનારા વૈજ્ઞાનિકો, ઇનોવેટર્સ, તેમના કોર્પોરેટ યુનિટો, સંબંધિત દરેક વ્યક્તિઓ તથા દેશવાસીઓને અભિનંદન! સલામ!!** ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૪-૦૩-૨૦૨૧ સવારે ૯.૩૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિ. - અમદાવાદની વાર્ષિક સાધારણ સભા |
| ● બુધવાર, તા. ૧૭-૦૩-૨૦૨૧ સવારે ૬.૩૦ થી ૭.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી (બેઝમેન્ટમાં) | ગૃહ ઉદ્યોગ સમિતિ અને વયસ્ક સમિતિના સંયુક્ત ઉપક્રમે | ન્યુટ્રિશયન એડવાઈઝર દ્વારા યોગ સેમિનાર |
| ● સોમવાર, તા. ૨૯-૦૩-૨૦૨૧ સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | યુવા વિકાસ સમિતિ | ધૂળેટીનો કાર્યક્રમ |
| ● ગુરુવાર, તા. ૦૧-૦૪-૨૦૨૧થી | નવનીત મેડિકલ સેન્ટર, શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ કાર્ડ ધારક સભ્ય પરિવારમાં ૩૦થી ઉપરની વયના સભ્યોના સંપૂર્ણ બોડી-ચેક અપનો કાર્યક્રમ (નિઃશુલ્ક) (દરરોજ ૧૦ થી ૨૦ સભ્યો) |
| ● – | પ્રહલાદ નગર, સેટેલાઇટ તથા મણિનગર વિસ્તારમાં | વયસ્ક સમિતિ | ૬૦ વર્ષથી ઉપરની વયના વડીલો માટે નિઃશુલ્ક ઓડિયોગ્રામની વ્યવસ્થા. |

*નોંધ : કાર્યક્રમની વિગતવાર માહિતી માટે "સંસ્થા સમાચાર" વિભાગ જોઈ લેશો.*

### હસ્ત મેળાપ કરતાં અદકેરો મન મેળાપ...!

**(અનુસંધાન : પાના નં. – ૧૩ ઉપરથી ચાલુ)**

રૂપિયા... બૂટ પાછાં આપવાના અમુક રૂપિયા... ઘરે પાછા ફરેલા વરરાજા માટે તેની બહેન દરવાજો ખોલે તેનાય પૈસા ચૂકવવા પડે. બધાના જ પૈસા. માત્ર એ બધામાં પડતો ત્રાસ મફત...! લગ્નોમાં બે વિરોધાભાસી દશ્યો મેં એકસાથે જોયાં છે. એક તરફ બ્રાહ્મણ બંને વેવાઈઓ વચ્ચે સાત પેઢીનો સંબંધ બંધાવતા હોય... બીજી તરફ માંડવામાં પહેરામણીનાં વસ્ત્રોની ફેંકાફેંક થતી હોય...! કોકને ચાંલ્લાના પૈસા ઓછા પડે, કોકને કપડાં સસ્તાં લાગે...! વેવાઈઓ વચ્ચે પણ પછી એ મુદ્દે એવી રકઝક થાય છે કે સાત પેઢીના સંબંધો સાત મિનિટ પણ ટકતા નથી. માણસના સ્નેહ-સંબંધો કરતાં સ્વાર્થ વધુ ટકાઉ નીવડે છે!

લગ્નોમાં સોનાની ન્યુસન્સ વેલ્યુ બહુ મોટી હોય છે. વિશેષતઃ સ્ત્રીઓ ઘરેણાંને સ્નેહ સંબંધો કરતાંય વધુ મહત્ત્વ આપે છે. ઘણી સ્ત્રીઓને પતિ કરતાં મંગળસૂત્ર વહાલું હોય છે. વેવાઈ જોડેના સાત પેઢીના સંબંધ કરતાં એમને મન એકાદ બે તોલાની જણસ વધુ કિંમતી હોય છે. સ્ત્રીઓની આવી સુવર્ણપ્રીતિથી સંબંધો તૂટવાની કે તરડાવાની શક્યતા રહેતી હોય છે. સોનાને બૌદ્ધિકો તુચ્છ ગણે છે પણ એ નિર્જીવ મેટલ સાત પેઢીનો સંબંધ ક્ષણમાં નષ્ટ કરી દે એવી ગજબની વિનાશક શક્તિ ધરાવે છે.

ઘણા વડીલો સોનાના ગીલિટ કરેલાં ઘરેણાં કન્યાને ચઢાવે છે. આવો ચોવીસ કૅરેટનો દગો બહુ ટૂંકા ગાળામાં ચાંદીની જેમ ચળકી ઊઠે છે. સમાજનાં મૂલ્યો એવાં જડ છે કે દીકરીની ઊંચી ડિગ્રી કરતાં તેના દેહ પર ચઢાવેલા સોનાની કિંમત લક્ષમાં લેવાય છે. સંબંધોમાં છેતરાવાની વેદના કરતાં સોનામાં છેતરાવાની વેદના વધી જાય છે. કન્યાએ નાટક નૃત્ય કે સાહિત્યમાં ગોલ્ડ મેડલો ભલે મેળવ્યા હોય પણ જો તે બે ચાર તોલાનો હાર ન પહેરી લાવી હોય તો તેનો ગોલ્ડ મેડલ કટાયેલા લોખંડ જેવો બની રહે છે. આ પ્રકારનું અબૌદ્ધિક મૂલ્યાંકન દુઃખદ હોય છે. પણ **વર્ષોથી સમાજ નામનો શિક્ષક ખોટા દાખલાના પૂરા માર્કસ આપતો આવ્યો છે તેથી પરીક્ષાનાં પરિણામોમાં આવી ગેરરીતિ રોકી શકાતી નથી.**

હજીય વર્ષો સુધી અક્કલના પેપરમાં માણસની એટીકેટી આવતી રહેશે અને લગ્નટાણે દસ હજાર ફટાકડાની લૂમ ફૂટતી રહેશે. કન્યાઓ માંડવામાં ઊંચકાતી રહેશે અને પહેરામણીનાં કપડાંની ફેંકમફેંક થતી રહેશે! એકવીસમી સદી ઝડપથી પસાર થઈ રહી છે... સમય વરતે સાવધાન...!

*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી,*
*ગણદેવી રોડ, જમાલપોર,*
*નવસારી-૩૯૬ ૪૨૭ (ગુજરાત).*
*મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

## શ્રેષ્ઠતાનું માર્ગદર્શન

શ્રેષ્ઠતા (એક્સેલન્સ) મહાન ગુણ છે અને તે મેળવવા રીતસરનું તપ (પરિશ્રમ) કરવું પડે છે. આ શ્રેષ્ઠતા એમ ને એમ કે રાતોરાત મળતી નથી. દરેક ક્ષેત્રમાં સતત અને સખત કાર્ય હોય તો Best બની શકાય છે. કોઈ ક્રિકેટર, કલાકાર કે કર્મયોગી, કામ અને તેના મહાવરા વિના મહાન ન બની શકે. આ શ્રેષ્ઠતા કેમ પ્રાપ્ત થાય, વ્યક્તિત્વમાં કેવા ગુણ હોવા જોઈએ વગેરે બાબતો જોવાથી આની સ્પષ્ટતા થશે.

કોઈપણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ દેખાવ કરવા માટે તે વિશેની મહત્ત્વકાંક્ષા હોવી જોઈએ. પ્રારંભિક નિષ્ફળતા બાદ પણ પોતાના પ્રયાસો છોડી દેવાતા નથી. અબ્રાહમ લિંકન કે થોમસ આલ્વા એડિશન કે મહાત્મા ગાંધીજીના જીવન કવન જોવાથી આ બાબત વધુ સ્પષ્ટ થશે. **કોઈ વ્યક્તિ સામાન્ય સંતોષ માનીને બેસી રહે તો તે આગળ ન આવે.** પ્રતિકૂળ વાતાવરણ અને ટીકાના વરસાદ વચ્ચે અડગ રહેવું પડે છે. આ માટે આત્મવિશ્વાસ જરૂરી છે. પોતાની જાત પર વિજય મેળવનાર જ અન્યત્ર વિજયી બને છે. ગુસ્સો, હતાશા દૂર કરી જાત નિયંત્રણ રાખવું પડે છે.

એક વાત છે, **કેરિયર કરતાં જીવન વધુ મહત્ત્વનું છે.** સામાજિક જીવનને પણ મહત્ત્વ અપાય તો જ કેરિયરની શ્રેષ્ઠતા દીપી ઉઠે છે. લાંબી દૃષ્ટિથી અન્યને મદદરૂપ થતાં શીખવું પડે છે. **મહાનતા ફક્ત ધનસંચય કે ઉપાર્જનથી નથી મળતી, સ્વાર્થ સિવાય કંઈક વિશેષ કલ્યાણકારી કરવું પડે છે.** તો આપણી શ્રેષ્ઠતાને માન્યતા મળે છે. આ માટે લક્ષ્ય, ધગશ, ધીરજ, કાળજી, યોગ્ય વર્તણુંક વગેરેની જરૂર પડે છે. પોતાના 'કમ્ફર્ટ ઝોન'માંથી બહાર આવી કાર્ય શોભાવનાર વ્યક્તિ વિશિષ્ટ કે સાચો VIP બની શકે છે. **મોટો હોદ્દો જ નહીં પણ તેની ગરીમા મહાન છે.** આ પ્રકારના ગુણોના આધારિત માર્ગદર્શન મેળવવાથી શ્રેષ્ઠતા મળી શકે છે.

## કારકિર્દી કથા

**'બચપન કો ભૂલા ન દેના'** – એક ગીત પંક્તિ છે. આ બાળપણની અનેક મજા પૈકીની એક છે, 'વાર્તા કે કથા શ્રવણ.' બાળકને તેના બચપણના દિવસોમાં વાર્તા સાંભળવાનો ખૂબ શોખ હોય છે. કુટુંબના વડીલો, દાદા-દાદી, નાના-નાની વગેરે દ્વારા દિવસે કે રાત્રે સૂતા પહેલા બાળકો આ રસાસ્વાદ માણે છે. કથા જીવનના વિવિધ તબક્કે વાર્તા, કહાની, સ્ટોરી સ્વરૂપે આવે છે. તે માહિતી, મનોરંજન, માર્ગદર્શન, પુણ્ય પ્રાપ્તિ, ભગવદ્ સ્મરણ, ધર્મ સેવા, ઇત્યાદિ હેતુથી પ્રયોજાય છે. તેમાં ધાર્મિક, સામાજિક કે સાંપ્રત કથાઓના વિવિધ પ્રકાર હોય છે. જેની પ્રસ્તુતિ અનેક રીતે યુગ પ્રમાણે – સમય પ્રમાણે કથાકારો, વક્તાઓ, તજજ્ઞો દ્વારા થાય છે. આ એક વિશિષ્ટ અને બહુવિદ પ્રકારનું પ્રસાર માધ્યમ છે. જેનાથી જે તે વિષય વસ્તુ, પ્રસંગ, સંદેશ, સમાચાર, ઇત્યાદિ ઝડપથી સારી રીતે જનમાનસ સુધી પહોંચે છે. જે અસરકારક હોય છે, લાભદાયી છે.

આ પ્રકારની કથાઓમાં ઇશ્વરીય કે ધાર્મિક કથાઓનું મહત્ત્વ-આકર્ષણ ખૂબ હોય છે. મોટો પ્રેક્ષક ગણ હોય છે. ૩થી ૭ દિવસ સુધી તે ચાલે છે. તે હવે 'હાઈફાઈ' પણ થઈ છે. ટી.વી. ચેનલ દ્વારા લાઇવ - રિપીટ પ્રસારણ થાય છે. તેમાં શ્રીમદ્ ભગવત કથા, શ્રી રામકથા, શ્રી શિવકથા વગેરે પ્રખ્યાત છે. સામાજિક કથાઓમાં ઇશ્વરીય સેવાની 'વિભૂતિ કથા' થાય છે. જેમાં વિરલ કે મહાન વ્યક્તિઓની જીવનગાથા પ્રેરણાત્મક રીતે કહેવાય છે. જેમાં ગાંધી કથા, સરદાર કથા, નારી કથા વગેરે છે. આ ગાથાઓ ભૂતકાળની વધુ છે. સાંપ્રત કથાઓમાં પર્યાવરણ કથા, આરોગ્ય કથા વગેરે છે જેમાં 'કારકિર્દી કથા'નો પણ સમાવેશ છે. આ કથાઓ વર્તમાનને મોટાભાગની વાતો કહીને ભાવિ દિશા દર્શન આપે છે.

'કારકિર્દી કથા' એક નવો વિચાર છે. વિદ્યાર્થી, પરીક્ષાર્થી કે ઉમેદવારને કારકિર્દી અને રોજગારલક્ષી માર્ગદર્શન કથા કે વાર્તા સ્વરૂપે આપવાનો અત્રે ઉપક્રમ છે જેનો લાભ વાલી, શિક્ષક કે અન્યને મળી શકે છે. અત્રે વિષયોની વિવિધતા હોય છે. તેથી તેનું સંપૂર્ણ કથા સ્વરૂપે એક જ વક્તા કે વધુ વક્તા દ્વારા શિબિર કે સેમિનાર સ્વરૂપેથી તેનું આયોજન થાય છે. પણ તે 'ઘનિષ્ટ માર્ગદર્શન' આપે છે અને ખૂબ લાભપ્રદ, ઉપયોગી છે. આ પ્રકારની કારકિર્દી કથા પણ હવે યોજાય છે. જે વિદ્યાર્થી - પરીક્ષાર્થીની યોગ્ય કારકિર્દીની પસંદગી કે પ્રાપ્તિની સફળતા અપાવે છે. તે એક વ્યક્તિ રસ મુજબ કરી શકે છે. કથા સ્વાદ સૌને ગમે છે.

## જીવન ઉપયોગી સંદેશ

★ જો તમે નિરાશા, દુઃખ અને બંધનોથી બચવા માંગતા હો તો પોતાના મન અને ઇન્દ્રિયોના રાજા બનો. નહીં કે મન અને ઇન્દ્રિયોના ગુલામ.

★ જો તમે કર્તવ્યનું પાલન કરશો તો તમારે કોઈનાથી શરમ નહીં અનુભવવી પડે. જો તમે તેનું ઉલ્લંઘન કરશો તો બધાથી શરમ અનુભવવી પડશે. ઇચ્છા તમારી.

★ **'સફળતા' તમારો પડછાયો છે. જો તમે પ્રકાશની તરફ ચાલી રહ્યા છો, તો તેને પકડવાનો પ્રયત્ન ન કરો. તે સ્વયં જ તમારી પાછળ પાછળ આવશે.**

★ ટેન્શન (તણાવ) દૂર કરવાના ત્રણ ઉપાય અજમાવો : (૧) પોતાને નિયંત્રણમાં રાખો. (૨) બીજા પ્રકારના સમાધાન પર ધ્યાન આપો. (૩) ટેન્શન (તણાવ) ઉત્પન્ન કરતા બિનજરૂરી વિચારોને દૂર કરો.

★ સફળતાના સૂત્ર – નાનામાં નાનું કાર્ય પણ પૂરી શ્રદ્ધા, બુદ્ધિ અને લગનથી કરો. ઇશ્વરની કૃપાથી સફળતા નિશ્ચિત મળશે.

*– ડૉ. પૂજા કોટક*

ઉત્સવ

# મને ઓળખી? હું વસંત!



પારૂલ દેસાઈ

વાચક મિત્રો, યાદ કરો કે તમે છેલ્લે સૂર્યોદય ક્યારે નિહાળ્યો હતો? સૂર્યાસ્ત ક્યારે માણ્યો હતો? વાસંતી વાયરાના સ્પર્શમાં રોમાંચ ક્યારે અનુભવ્યો હતો? ગુલમહોરના લાલચટ્ટક પીળા - કેસરિયા લહેરિયા ફૂલોને આંખમાં આંજ્યા હતા? લીમડાની કૂણી કુંપળની મહેક થકી શ્વાસને સુગંધિત કર્યા છે ક્યારેય? કોઈક જ એવું હશે જેણે જિંદગીને આ રીતે ભરપૂર માણી હશે.

*"રૂડો જુઓ આ ઋતુરાજ આવ્યો, મુકામ તેણે વનમાં જમાવ્યો,*
*તરૂવરોએ શણગાર કીધો, જાણે વસંતે શિરપાવ દીધો."*

શિશિરની ગાત્રો ધ્રુજાવતી ઠંડી પછી મદમસ્ત વાતાવરણને સથવારે વસંત રાણી રૂમઝુમ કરતા આવી ચૂક્યા છે. હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા અને શરદ એમ દરેક ઋતુઓને પોતાનું આગવું રૂપ - સૌંદર્ય છે જ પરંતુ વસંતનો વૈભવ તો નોખો-અનોખો. અરે! એટલે જ તો ઋતુરાજ કહેવાય. પ્રકૃતિ માણસને તાજગી બક્ષી જીવનમાં ઉમંગ ભરવાનો મોકો આપતી રહે છે. પ્રકૃતિ વર્ષમાં બે વાર ખીલી ઉઠે છે. વસંતમાં ભેજનું પ્રમાણ નહિવત હોય છે. વળી, ન બહુ ઠંડી કે ન ગરમી અને વરસાદ પડવાની તો કોઈ બીક જ નહીં. કુમળો તડકો, ગુલાબી ઠંડી ને ચારેય તરફ મહોરી ઉઠેલા ચમકીલા, પીળા, ગુલાબી, લાલ, કેસરી, સફેદ, જાંબલી રંગબેરંગી ફૂલોની રંગત પ્રકૃતિને યૌવનનું બિરૂદ અપાવે. પહાડી પ્રદેશોમાં ફરવા જવાની ઉત્તમ મોસમ. **આંબાવાડીમાં મંજરીઓનો મઘમઘાટ, આમ્રકુંજમાં ટહુકતી કોયલ અને જંગલમાં તો કેસરી પીળા ફૂલ સાથે કાળા ડીંટાવાળા કેસુડાના સૌંદર્યનું સામ્રાજ્ય ફેલાયેલું હોય.** શહેરના રસ્તા પર ગુલમહોરના લાલ-પીળી ઝાંયવાળા કેસરી ફૂલો, આસોપાલવ - પીપળા કે સપ્તપદીના ઝીણા ઝીણા પાન નવજાત બાળ જેવા રતુંમડા ચમકીલા લાગે અને આ જોઈને યાદ આવી ગઈ આ પંક્તિ :

*"અજબ મિલાવટ કરી ચિતારે રંગ પ્યાલીઓ ભરી!*
*એક લસરકે ઊગી નીકળ્યા, જંગલ-જંગલ ઝાડ,*
*ને જરાક ખંખેરી પીંછી ત્યાં ફૂલને લાગી છાંય."*

શિશિર - ગ્રીષ્મને જોડતી ખુશનુમા વસંત પૂરબહારમાં ખીલી હોય ત્યારે ભમરાનો ગુંજારવ અને પક્ષીઓનો કલરવ વાતાવરણને સંગીતમય બનાવે. પતંગિયા અને મધમાખીઓ ફૂલોના સૌંદર્યને માણવા ભમતા રહે છે. વાસંતી હવા ફૂંકાય ત્યારે લાગે કે વાસંતી વાયરો પણ ઝંખે છે આ ગુલમહોરની ઝુલતી ડાળીઓનો સ્પર્શ. પણ શું ગગનચુંબી એપાર્ટમેન્ટ અને ગીત રેસિડેન્સિયલ બંગ્લોઝના કોન્ક્રીટ જંગલોમાં વસતા શહેરીજનોએ વસંતને માણી? **યંત્રવત્ જિંદગીની ઘરેડમાં જીવી જતો માનવી આખી વસંત ઋતુ ક્યારે આવે અને ક્યારે જાય એ જાણતો જ નથી.** અગાસી કે આંગણામાં ૫ મિનિટ ઊભી કુમળા તડકા કે ગુલાબી ઠંડી માણવાનો સમય નથી. રસ્તા પર ટ્રાફિકમાંથી સ્કુટર કે કારને ચીરતા ધુમાડા શ્વાસમાં ભરતા શહેરીજનો વસંતે વેરેલા સૌંદર્યને માણતા જ નથી. વસંતના સૂર્યોદય અને સૂર્યાસ્ત પણ જો આંખમાં ભરી લઈએ તો રાત-દિવસ ઉત્સાહ-ઉમંગથી છલકાઇ જાય. પણ ના, રવિવારે કે રજાને દિવસે કોઈ ગાર્ડન, શહેર નજીકના નદી-કિનારે ફરવાને બદલે મલ્ટિપ્લેક્સમાં ઘૂસી જઈ ખુશી મેળવવા ફાંફા મારે છે. એક જમાનો એવો પણ હતો કે લોકો વસંતમાં પ્રવાસ પિકનિક કરીને વર્ષ આખાનો થાક ઉતારી રીફ્રેશ થઇ જતા. પણ આજે તો આધુનિક માણસ પાસે ફૂલોની સુવાસ ઝીલવાની કે પ્રકૃતિના સૌંદર્યને માણવાની ફુરસદ કે દૃષ્ટિ કંઈ જ નથી. જાણે માનવે, પ્રકૃતિ સાથે તો છુટાછેડા જ લઇ લીધા છે.

વસંત તો છે પ્રેમરાગની ઋતુ. પૌરાણિક કથા અનુસાર જગતના કલ્યાણ અર્થે પ્રભુ શિવના તપોભંગની આવશ્યક્તા વર્તાઈ. ત્યારે એ કાર્ય કામદેવે પોતાના શિર પર લીધું. તેઓ જાણતા હતા કે તપોભંગથી યોગી ક્રોધિત થશે. પણ તે જ એકમાત્ર ઉપાય હતો. આ કાર્યમાં તેમના પત્ની રતિએ સાથ આપ્યો. ત્યારે આ કામ અને રતિ મિત્ર તરીકે વસંતે પણ પોતાનું પૂર્ણ સૌંદર્ય રેલાવ્યું. કૈલાસ મહેકી ઉઠ્યો. કામદેવે પણછ પર તીર ચડાવ્યું. કામદેવનું તીર પણ એવું જ સુકોમળ. સુવાસથી મઘમઘતા તીર દ્વારા શિવજીના નેત્રો ખૂલ્યા અને ક્રોધની અગનજ્વાળામાં કામદેવ ભસ્મ થયા. રતિ વિલાપ કરવા લાગ્યા. હવે જો કામ જ ન રહે તો આ જીવ જગતની લીલા જ અટકી પડે. વળી કામદેવે તીર જ એ હેતુથી ચલાવ્યું હતું કે ભગવાનનું તપ છૂટે અને માતા પાર્વતી તરફ નજર મંડાય. જેથી તેઓના સહજીવન થકી કાર્તિકેયનો જન્મ થાય. ભગવાન કાર્તિકેય જ સુર સેનાના સેનાપતિ થઇને દાનવોનો વધ કરે. જો કામનો જ નાશ થાય તો આ બધું ન બને. શિવજી ભોળા છે. તેમણે પ્રસન્ન થઇ કામદેવને વરદાન આપ્યું કે આજ પછી તમે પ્રાણીમાત્રની સાથે જ ધબકશો. વસંત પંચમીએ પતિ-પત્ની કામદેવ અને રતિની પૂજા કરે છે. **વસંત આખી જ ભારતીય સંસ્કૃતિની વેલેન્ટાઇન ઋતુ છે.**

જે પ્રકૃતિને પ્રેમ કરી શકે, એ જ 'સ્વ'ને પ્રેમ કરી સમગ્ર જીવસૃષ્ટિને કોઈપણ જાતના દ્વેષ કે ઈર્ષ્યા વગર ચાહીને ખુશ રાખી શકે. **વસંત એ તો યૌવનની ઋતુ છે. એકલતાને ઓગળીને પરસ્પરના પ્રેમમાં પરોવાની પળ છે.** વસંત તો છે વહાલ વરસવાની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૧૮ ઉપર)

ઉત્સવ (નિબંધ)

# વસંતની મસ્તી અને રંગની જમાવટ એટલે હોળી ઉત્સવ



દિનેશ આર. મહેતા

કવિ કાલીદાસે માનવીને ઉત્સવપ્રિય કહ્યો છે. માનવ જીવન ઉત્સવોના ઉત્સાહથી રંગાયેલું છે. કેટલાક ઉત્સવોનું મૂળ ધર્મમાં રહેલું હોય છે, તો કેટલાકનું ક્યાંક બીજે. જુદા જુદા લોકોના જુદા જુદા ઉત્સવો હોય છે પરંતુ હોળીનો ઉત્સવ અજોડ અને અનેરો છે. હોળીના ઉત્સવને બધા જ માણે છે!

હોળીના તહેવારે વાતાવરણ રંગીલું બની જાય છે. હોળી એટલે રાગરંગ, અબીલ-ગુલાલ અને રંગભરી પિચકારીઓની મસ્ત મહેફિલ. હોળી એટલે સર્વ કોમનું મનગમતું પર્વ. આ દિવસે જનસમાજ ઘેલો બની જાય છે. આબાલવૃદ્ધ સૌ મસ્તીમાં નાચી ઊઠે છે. મંદિરોમાં પણ રંગભરી પિચકારીઓ ઉડે છે. શેરી અને મહોલ્લાઓ રંગથી રંગાઈ જાય છે. દિયર-ભોજાઈનાં હેત રંગથી નીતરતાં નજરે ચડે છે. ડફ, ઢોલ, ત્રાંસા અને શરણાઈથી ગામ અને શહેરોના રસ્તા ગુંજી ઊઠે છે. **હોળીનો તહેવાર એટલે વસંતની મસ્તી, હૈયાના હિલોળા અને રંગની જમાવટ.** હોળીનો તહેવાર એટલે જીવતો તહેવાર.

હોળીની જ્યોત સાથે જ ઠંડી વિદાય લે છે. રોગરૂપી દુશ્મનો પણ સાથે સાથે વિદાય લે છે. હવા શુદ્ધ બને છે. વિશુદ્ધ પ્રેમની હેલીમાં નાનામોટાં સૌ ભીંજાઈ જાય છે. પ્રકૃતિ પણ નવા ધન-ધાન્યોની ભેટ લઈને આવે છે. પીળાં પાનેતર પાથરતી અને ફાગણી વાયરાને ફટકાર દેતી હોળીનાં ઢોલ ઢમકી રહે છે અને હોળીના આગમન સાથે માનવ-મન યૌવન અનુભવે છે.

હોળી સાથે એક પૌરાણિક કથા પણ ગુંથાયેલી છે. દુષ્ટ રાક્ષસ હિરણ્યકશ્યપનો પુત્ર પ્રહલાદ, ઈશ્વરનો ભક્ત હતો. ભક્ત પ્રહલાદનો ઘાત કરાવવા તેના પિતાએ ઘણી યુક્તિઓ કરી પરંતુ બધી જ નિષ્ફળ નીવડી. આખરે પુત્રને સળગાવીને મારી નાખવામાં પોતાની બહેન હોલિકાની મદદ લીધી. હોલિકાને વરદાન હતું કે અગ્નિમાં તે બળે નહીં. ભડભડ અગ્નિ ચેતાવ્યો. પ્રહલાદને ખોળામાં લઈને હોલિકા બેસી ગઈ. પણ 'રામ રાખે તેને કોણ ચાખે?' એ ન્યાયે ભક્ત પ્રહલાદનો વાળ પણ વાંકો ન થયો અને હોલિકાનો નાશ થયો. **આમ અસત્ય પર સત્યનો વિજય થયો.**

હોળીનો ઉત્સવ એક રીતે વસંતનો ઉત્સવ જ ગણી શકાય. વસંતાગમને જન-વનમાં આનંદમંગળ વ્યાપી જાય છે. રાત્રે ચોકમાં ઠેરઠેર હોળી પ્રગટે છે. બાલક-બાલિકાઓ હોળી માતાની પ્રદક્ષિણા કરે છે, પાણીનો લોટો અને નાળિયેર લઈને પૂજા કરે છે. ઘીનો દીવો પ્રગટાવે છે, ધાણી-ચણા, અબીલ-ગુલાલ વગેરે પધરાવે છે. રંગબેરંગી હારડાથી દુકાનો શોભી ઊઠે છે. ધાણી, ખજુર અને મિષ્ટાન્નથી બાળકો આનંદિત થાય છે. કેટલેક સ્થળે મોડે સુધી હોળીના તાપણે લોકો તાપતા જણાય છે.

આવા પવિત્ર તહેવારને દિવસે લોકો કેટલીકવાર વધુ પડતા ઘેલા બને છે. આથી આ ઉત્સવનું સ્વરૂપ બદલાઈ જાય છે. **ક્યારેક લોકો માઝા મૂકીને અત્યંત બીભત્સતા કે અશ્લીલતાનું પ્રદર્શન કરે છે.** હોળીના ફાગના ઓઠા નીચે પરસ્પર અપશબ્દોની ઝડીઓ વરસે છે. કુદરતી કેસુડા રંગની રંગત છોડીને એકબીજા પર છાણ, માટી, કાદવ, મૂત્ર, મેશ જેવી ખરાબ વસ્તુઓ છાંટે છે. રસિકતાના શિરમોર જેવી હોળીનું સુંદર સ્વરૂપ બીભત્સતાના સામ્રાજ્યે જ્યારે છવાઈ જાય છે ત્યારે મસ્તક શરમથી ઝુકી પડે છે.

હોળી આપણી એકતાનો તહેવાર છે. એને રાષ્ટ્રીય તહેવારનું નામ પણ આપી શકાય. આપણા લાડીલા નેતા જવાહરલાલજી અને રાજેન્દ્રબાબુ જેવા પણ તે દિવસે બાળકો કે મોટેરા સાથે હોળી ખેલવામાં મગ્ન બની જતા હતા. આપણા લાડીલા નેતા શાસ્ત્રીજી પણ હોળીની અનેરી મોજ માણતા હતા. આપણાં લોકગીતો અને લોકનૃત્યો જનહૃદય સુધી પહોંચાડવાનો આ સર્વોત્તમ મોકો છે. **ભેદભાવ, અસ્પૃશ્યતા, ગંદકી એવા આપણા દુર્ગુણોને જલાવવાનો આ તહેવાર છે. તહેવારોમાં નૂતન દૃષ્ટિ કેળવવાનો સમય હવે પાકી ગયો છે.** તે દિવસે મર્દાનગીભરી રમતો રમી શકાય; રાસ, ભજન, નૃત્યગીત, સંગીત, નાટક વગેરે ખેલી શકાય અને આ રીતે એ તહેવારને આપણે જીવંત બનાવી શકીએ.

સમગ્ર રાષ્ટ્રની ચેતનાને ઢંઢોળતો અને ઐક્યનો સંદેશો આપતો, રંગની છોળો ઉછાળતો આ તહેવાર અલબેલો, ને કામણગારો છે. **હોળીનો તહેવાર આપણને પ્રેમ અને અહિંસાનો સંદેશ આપી જાય છે.** ચાલો ત્યારે, આપણે પણ એ સંદેશને વધાવીએ અને પરસ્પરના મતભેદો ભૂલી એકબીજાને ભેટીએ!

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી,*
*નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.*
*મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

વિચાર મંચ

# ધર્મ એટલે પ્રેમ અને સંવાદિતા



ડૉ. યાસીન દલાલ

આખરે આપણે ધર્મ સંપ્રદાયની સાંકડી ગલીગૂચીમાં અટવાઈ ગયા. આ ગલી એટલી ભૂલભૂલામણીવાળી છે કે એમાંથી બહાર નીકળતા નાકે દમ આવી જશે. વારંવાર એ આપણને ભ્રમમાં નાખશે કે આપણે કોઈ વિશાળ મેદાન ભણી જઈ રહ્યા છીએ. પણ વાસ્તવમાં એ વધુ ને વધુ ઊંડા દલદલમાં જ આપણને ખૂંચાડશે. મનુષ્ય જીવનના ઉચ્ચતમ મૂલ્યોને ધારણ કરે તે ધર્મ પણ એ ઉંચા મૂલ્યોમાંથી મનુષ્યને પછાડી, **સંકુચિતતાના ખાડામાં નાખે એનું નામ સંપ્રદાય.** આજે કોઈ વધુ સંકુચિત બની શકે એની એક કુત્સિત હરીફાઈ ચાલી રહી છે. સંપ્રદાયો ઔપચારિકતાઓમાં ફસાઈ ગયા છે. જે સંપ્રદાયનો વડો કરે, એ જ એના અનુયાયીઓ કરે. જે ઘરનો મુખી કરે, એ જ બાકીના સભ્યો કરે.

વોલ્ટર લિપમેનની એક થિયરી છે. એને સ્યુડો એન વાયમેન્ટ થિયરી કહે છે. માણસ બીજા પશુઓથી એટલા માટે ભિન્ન છે કે એ પ્રતિક્રિયા આપી શકે છે, બોલી શકે છે, હસી શકે છે, પણ એની પ્રતિક્રિયા પેલા સાચા, વાસ્તવિક ભૌતિક પર્યાવરણ પ્રત્યે જ હંમેશાં નથી હોતી. પણ એ એનું પોતાનું એક કૃત્રિમ પર્યાવરણ ઘડી કાઢે છે, જેમાં એના બધા પૂર્વગ્રહો, ગમા-અણગમા ભળેલા હોય છે. સંપ્રદાયોની બાબતમાં આ વિચારધારા બરોબર બંધ બેસે છે.

ધર્મનો અર્થ વિશાળ છે. એની વ્યાખ્યા વિશાળ છે, એનું પરિપ્રેક્ષ્ય વ્યાપક છે, એનું કાર્યક્ષેત્ર વિસ્તૃત છે, પણ આપણે ધર્મને ધીમે ધીમે સંપ્રદાય અને પેટા સંપ્રદાયમાં વહેંચીને એને સાંકડો કરી નાખ્યો. મહાસાગરના ટુકડા કરી કરીને ખાબોચિયામાં પડી ગયા. ખાબોચિયું બંધિયાર હોય છે. એનું પાણી બહુ જલ્દીથી ગંધાવા માંડે છે. એમાંથી અભિમાન, નફરત અને ધિક્કારની દુર્ગંધ નીકળવા માંડે છે. બધા સંપ્રદાયના સાંકડા વર્તુળથી ટેવાઈ ગયેલા માણસને એ દુર્ગંધ પણ સુગંધ લાગે છે. એક ખાબોચિયું બીજા ખાબોચિયા સામે જોઈને હસે છે, મશ્કરી કરે છે. પછી તો સંખ્યાબંધ ખાબોચિયા વચ્ચે ચડસાચડસીની સ્પર્ધા શરૂ થાય છે. કોની દુર્ગંધ શ્રેષ્ઠ – એ નક્કી કરવાની હરીફાઈ શરૂ થાય છે. આવા ખાબોચિયામાં પ્રેમ મુદીતા, કરુણા અને સહઅસ્તિત્વની ભાવના હોય ખરી? અહં પ્રેમના વિરાટપણાની જગ્યા ધિક્કારતું વામનપણું લઈ લે છે.

ઉદાહરણ વિશાળતાનો ઈજારો કોઈ એક ધર્મનો હોતો નથી. કોઈ એક સંપ્રદાયનો નથી. બધા સંપ્રદાયોમાં એક સરખી સંકીર્ણતા, એકસરખી સંકુચિતતા હોય છે. ક્યારેક કોઈ ચોક્કસ સમયે એમાં વધારો કે ઘટાડો જોવા મળી શકે, પણ આખા ઈતિહાસ પર નજર કરો તો બધા સંપ્રદાયોમાં નકારાત્મક ચિહ્નો જણાશે. પછી હું વધુ ઉદાર અને તું વધુ સંકુચિત, એમ કહેવાનો કોઈ અર્થ ખરો?

આપણા ધર્મસ્થાનોમાંથી હવે પ્રેમનો સૂર સંભળાતો નથી, પણ નફરત અને વેરઝેરનો બેસૂરો ઘોંઘાટ સંભળાઈ રહ્યો છે. પ્રેમના મધુર, સાતાપૂર્ણ, શીતળ રાગને સ્થાને કોઈ વર્ગ પ્રત્યે, કોઈ જાતિ પ્રત્યેના અપમાનપૂર્ણ નફરત ભરપૂર ચિત્કારો ઉઠી રહ્યાં છે. લોકોનું ધ્યાન હવે ધર્મની જ્યોતમાંથી નીકળતા પ્રકાશમાં નથી, પણ એ જ્યોતિ કયા દીવામાંથી નીકળે છે, જ્યોતનું મહત્ત્વ ઘટી ગયું અને દીવાનું વધી ગયું. દીવો સોનાનો છે કે ચાંદીનો, એની વાટ દેશી છે કે વિદેશી, એ ઊંચો છે કે નીચો, એમાં દસ વાટ છે કે વીસ છે, એનું મહત્ત્વ વધી ગયું છે.

લોકો વાતવાતમાં 'શ્રધ્ધા'ની વાત કરે છે. આ શ્રધ્ધા આખર શું ચીજ છે? માણસમાં જો વિચારશક્તિ જ ન હોત, એની પાસે બુદ્ધિ ન હોત, તર્ક ન હોત તો આ શ્રધ્ધા પણ હોત ખરી? **તર્ક અને સમજ વિનાની શ્રધ્ધા એ ચાળ્યા વિનાના ઘઉં જેવી છે. તર્કરૂપી ચાળણીનો ઉપયોગ કરીએ ત્યારે વહેમ અને પૂર્વગ્રહરૂપી કાંકરા ખરી પડે છે.**

લોકો ધર્મગ્રંથો વાંચે છે, ધર્મગ્રંથનું વાંચન તો મનુષ્યને વિશાળ બનાવે, એની ક્ષિતિજોને વિસ્તારે, એના વિચારોને ઉદાર બનાવે. પણ થાય છે એથી ઉલટું જ. ખૂબ વાંચનારા લોકો ક્યારેક ખૂબ સાંપ્રદાયિક બની જાય છે અને કશું નહીં વાંચનાર ગામડાંનો ગ્રામજન વધુ ઉદાર જોવા મળે છે.

માણસના સ્વભાવની બધી કુત્તિમસતા, બધા પૂર્વગ્રહો, એની બધી માનસિક ગંદકી એના ધાર્મિક વ્યવહારમાં દેખાઈ આવે છે. બીજી રીતે બહુ જ સંતુલિત, સ્વસ્થ, બુદ્ધિગમ્ય દેખાતો મનુષ્ય પણ ધર્મ અને સંપ્રદાયના મામલામાં અત્યંત સાધારણ, અતાર્કિક, અબૌદ્ધિક અને અંધશ્રધ્ધાળુ બની જતો જણાય છે.

આપણો ધર્મ શો હોવો જોઈએ? પૂજા, પ્રાર્થના, મંદિર-મસ્જિદ, ઓચ્છવ કથા, મિજલસ, મંત્રજાપ, ઉપવાસ, વ્રત – એમાં જ ધર્મ સમાઈ જાય છે? **ધર્મનો દાયરો, ધર્મની સીમા શું આટલી તંગ, આટલી સાંકડી હોઈ શકે?** જે માણસ વધુ ઉપવાસ, વધુ જાપ, વધુ અનુષ્ઠાન કરે છે એનામાં એક પ્રકારનો

અહંકાર આવી જાય છે. એ બીજા અનુયાયીઓ કરતાં પોતાને બે ગજ ઊંચો માનવા લાગે છે. સમાજ પણ આવા બધા ક્રિયાકાંડોમાં જે માણસ આગળ નીકળી જાય, એને સાધુ-સંતનું બિરૂદ આપી દે છે!

જે માણસ રોજ ધર્મસ્થાનમાં જાય છે, સવાર-સાંજ પૂજા અર્ચના કરે છે, અનુષ્ઠાન કરે છે, કથાઓ સાંભળે છે, ઉપવાસ કરે છે, એકટાણા કરે છે, ટીલાંટપકા કરે છે, માથે ટોપી પહેરે છે, દાઢી રાખે છે અને સતત પડોશી સાથે ઝઘડે છે, કુટુંબમાં વર્ચસ્વ કેમ જમાવવું એના કાવતરાં કરે છે, ધંધામાં શોષણ કરે છે, કરચોરી કરે છે, ગ્રાહકને છેતરે છે, પત્નીને ત્રાસ આપે છે, સંતાનો ઉપર જમાદારી કરે છે — એના કરતાં એ માણસ નહીં સારો કે જે કદી ધર્મસ્થાનમાં જતો નથી, ધાર્મિકતાનો ડોળ કરતો નથી, પૂજા પ્રાર્થના કરતો નથી અને છતાં સમગ્ર સૃષ્ટિને ચાહે છે, વ્યક્તિ અને સમાવિષ્ટને પ્રેમ કરે છે, કોઈની ખટપટ કરતો નથી, કોઈની ઈર્ષ્યા કરતો નથી?

આજના કેટલાક સંપ્રદાયો લાખોની સંખ્યામાં શિષ્યો ધરાવે છે. માણસનું કલ્યાણ કરવાના દાવા કરે છે. પણ શિષ્યોને અસહિષ્ણુતા અને સંકુચિતતાના પાઠ ભણાવે છે. સંપ્રદાયનાં વડાની સામે કોઈ શિષ્ય વાંધો લે કે પ્રશ્ન પૂછે તો બીજા શિષ્યો મારફત એમની ઉપર હુમલા કરાવવામાં આવે છે. શારીરિક હુમલામાં ક્યારેક હાથ પગ ભાંગી નાખવામાં આવે છે અને ક્યારેક એમની હત્યા કરાવી દેવાય છે. **આમ ધર્મને પણ કરોડોની સંપત્તિ એકઠી કરવાનું માધ્યમ બનાવી દેવાયું છે.** જ્યાં કરોડોની સંપત્તિ એકઠી થાય ત્યાં આપોઆપ વ્યક્તિ પૂજા દાખલ થઈ જાય છે અને એ સંસ્થાનું અને સંસ્થાના વડાનું સ્થાપિત હિત ઊંચું થઈ જાય છે. આપણી પ્રજા કેટલી ભોળી છે કે જલ્દી એ અંધશ્રદ્ધામાં સરી પડે છે.

સંસ્થાના વડાના આદેશોને મૂંગે મોઢે સ્વીકારી લે છે અને એનો તરત અમલ કરે છે. છેલ્લે સ્વાધ્યાય પરિવારમાં જે બન્યું એ આનો દાખલો છે. સારા ઉદ્દેશથી અને આધ્યાત્મિક ઉન્નતિના ધ્યેયથી ઉભી થયેલી આવી સંસ્થાઓનું બહુ ઝડપથી પતન થઈ જાય છે. છેલ્લે આચાર્ય રજનીશના સંપ્રદાયની પણ આજ દશા થઈ હતી. એમણે પોતે જે વસ્તુનો વિરોધ કર્યો એ જ દૂષણમાં એ પોતે સપડાયા. એમની વિચારસરણી ઉત્તમ હતી, પણ કરોડોની સંપત્તિ એકઠી થઇ અને તેમની આસપાસ એવા શિષ્યો એકઠા થયા જેમની વચ્ચે રજનીશના વારસ બનવાની કાતિલ હરીફાઈ શરૂ થઇ. આજે જે બચ્યું છે એ માત્ર રજનીશની વિચારધારા બચી છે. એમની વિચારધારા ઘણે અંશે રેશનલ હતી, વિવેકબુદ્ધિ યુક્ત હતી. આપણે અત્યારે એ વિચારધારા અપનાવવાની તાતી જરૂર છે. એને બદલે આપણે જુદા જુદા સંપ્રદાયોના વાડામાં કેદ થઈ ગયા છીએ. સંસ્કૃતમાં કહ્યું છે કે, **'મુક્તિ અપાવે એ જ સાચો ધર્મ.' અહીં ધર્મનો સંપ્રદાય નથી. જે ધારણ કરે તે ધર્મ. અત્યારના સંપ્રદાય મનુષ્યને વિશાળ બનાવવાને બદલે સાંકડા બનાવે છે.** એમાંથી જ તંગદિલી ફેલાય છે, એમાંથી જ હિંસા ફેલાય છે.

ગાંધી, વિનોબા અને વિવેકાનંદ ધાર્મિક હતા પણ સાંપ્રદાયિક નહોતા. એમનો ધર્મ સર્વ સમાવંશક હતો. એ કોઈ વિચારસરણીનો ઇન્કાર કરનારો નહોતો. આપણા દેશમાં જાતજાતના ધર્મો અને સંપ્રદાયો છે. **આ બધા ધર્મને વિચારધારામાંથી જે સારા તત્ત્વો અપનાવવા જેવા હોય એમને અપનાવીને એક નવો માનવધર્મ અપનાવવો જોઇએ.** સદીઓ પહેલાં મોઘલ બાદશાહ અકબરે આવો પ્રયોગ કર્યો હતો. એ પ્રયોગ નિષ્ફળ ગયો. હવે ઇચ્છીએ કે આવો પ્રયોગ ફરી એકવાર કરવામાં આવે.

*સૌજન્ય પબ્લિકેશન્સ*
*૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,*
*રાજકોટ - ૩૬૦ ૦૦૭.*
*ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭*

## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ રૂલ્સ) ૧૯૫૬ અન્વયે "મંગલ મંદિર" અંગેની માહિતી ફોર્મ -૪, રૂલ - ૮


**૧. પ્રકાશનનું સ્થળ :** અમદાવાદ

**૨. પ્રકાશનનો ગાળો :** માસિક

**૩. મુદ્રકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**મુદ્રકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**મુદ્રકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૪. પ્રકાશકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**પ્રકાશકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**પ્રકાશકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૫. સંપાદકનું નામ :**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
**સંપાદકની રાષ્ટ્રીયતા :** ભારતીય
**સંપાદકનું સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્ર મંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલ સામે,
પાલડી-એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

**૬. અખબારની માલિકી :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
**સરનામું :**
શ્રી કચ્છી જૈન ભવન,
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી - ઍલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬

*હું, પ્રતાપ નારાણજી દંડ, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વતી જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.*

અમદાવાદ **પ્રતાપ નારાણજી દંડ**
માર્ચ ૨૦૨૧ પ્રકાશક અને મુદ્રક - "મંગલ મંદિર"

સાવધાન

# હસ્તમેળાપ કરતાં અદકેરો મનમેળાપ...!



દિનેશ પાંચાલ - જર્નાલિસ્ટ

'હસ્તમેળાપ' માટે પાંચ મિનિટથી ઓછો સમય જોઈએ છે. 'મનમેળાપ' માટે આખી જિંદગી ઓછી પડે છે. પાનેતર ઓઢીને પતિગૃહે પધારેલી પરણેતર પાનેતર ઓઢીને સ્મશાને સિધાવે છે તોય મનમેળાપ બાકી રહી જાય છે. આ બાકી રહી ગયેલી બાબત બાકીના સમાજને દેખાતી નથી. **લગ્ન સહેલાં છે. દાંપત્ય જીવન અભિમન્યુના આઠમા કોઠા જેટલું અઘરું છે.** લગ્નનું માહ્યરું જાહેર ઘટના છે. મધુરજનીનો પલંગ ખાનગી ઘટના છે. માહ્યરાની જેમ લગ્ન બધાં જોઈ શકે છે, પણ દાંપત્યનાં દુઃખો મધુરજની જેવી ખાનગી ઘટના બની રહે છે. કપાળનો ચાંદલો બધા જોઈ શકે છે. એ ચાંદલા પાછળની ત્વચાની ખંજવાળ સ્ત્રી જ અનુભવી શકે છે. ચાંલ્લાનો ગુંદર હલકી ક્વૉલિટીનો હોય ત્યારે કપાળ પર ફોલ્લીઓ પડે છે. ક્યારેક પતિ મહાશયની કક્ષા પણ એ ગુંદર જેવી હોય ત્યારે દાંપત્ય જીવનમાં છાલાં પડતાં રોકી શકાતાં નથી.

હમણાં એક લગ્નમાં એવું બન્યું કે વરરાજાને હાર પહેરાવવા કન્યા માંડવે આવી. તે સમયે વરરાજાના મિત્રોએ તેને ઊંચો કરી દીધો. કન્યાથી હાર ન પહેરાવી શકાયો. કન્યાપક્ષમાંથી કોઈએ વ્યંગ કર્યો : 'જેની માનસિક હાઈટ ઓછી હોય તેણે બીજાના ખભે ચઢવાની જરૂર પડે!' એ કટાક્ષથી મામલો બિચક્યો. જુવાનિયાઓ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ. બંને પક્ષના વડીલો વચ્ચે પડ્યા ત્યારે માંડ મામલો થાળે પડ્યો. એક મિત્રે હળવેથી કહ્યું — 'એમ નથી લાગતું કે આ ઊંચકવાની પ્રથા નરી બેવકૂફી છે?' બીજા મિત્રે હળવાશમાં જવાબ આપ્યો — 'ભાઈ, લગ્ન સ્વયં બેવકૂફી છે. તેની ઉજવણીમાં આવી પેટા બેવકૂફીનું શું રડવું?' ખેર, લગ્નને બેવકૂફી ન કહી શકાય, પરંતુ આનંદ-ઉમંગના પ્રસંગોમાં આવું ગાંડપણ ના આચરવું જોઈએ. **પરણ્યા પછી બંનેએ ધરતી પર રહીને જ જીવવાનું હોય તો ધરતીથી અધ્ધર થઇને હાર પહેરાવવાનો શો મતલબ?** કદાચ યુવા પેઢીએ મનોરંજન માટે ઘુસાડેલો આ છીછરો રિવાજ છે. એ અંગે ફેરવિચારણા થવી જોઈએ. લગ્નના વરઘોડામાં યુવાનો ભેગી હવે સ્ત્રીઓ પણ રસ્તા વચ્ચે હાથ ઊંચા કરીને નાચે છે. **આનંદ વ્યક્ત કરવાનો હક્ક સ્ત્રીઓને પણ હોઈ શકે. પણ સ્ત્રીઓ રસ્તા વચ્ચે ઊંચા હાથ કરીને નાચે તે જચતું નથી.** સ્ત્રીઓએ બધી વખતે પુરુષ સમોવડી બનવાનો મોહ ના રાખવો જોઈએ.


મૂળ મુદ્દા પર આવીએ. ગળે ટાઈ બાંધવી એ ઠંડા પ્રદેશોની જરૂરિયાત છે. આપણો દેશ ગરમ છે. આકાશમાંથી લૂ વરસતી હોય એવા ધગધગતા ઉનાળામાં લોકો ટાઇ અને સૂટ પહેરે છે. એ વરઘોડામાં ટાઇ અને સૂટ પહેરેલા યુવાનો પરસેવે રેબઝેબ થઇ અશોભનીય રીતે અંગો મરડાવી નાચી રહ્યા હતા. નૃત્યની ટીકા ના હોઈ શકે પણ જાહેર રસ્તા પરનો નાચ નૃત્યના નામે છીછરી અભિવ્યક્તિ હોય છે. નૃત્ય અને આવા નાચ વચ્ચે કાજુ અને કરમદા જેટલો તફાવત હોય છે. એવી કાયદાકીય વ્યવસ્થા થવી જોઈએ કે જાહેર માર્ગો પર ટ્રાફિક અવરોધાય એ રીતે રસ્તો રોકીને નાચવું એ ફોજદારી ગુનો ગણાય. **લગ્નોના કેટલાક રિવાજો આજના યુવાનોએ ઠોકી બેસાડ્યા છે.** જમાઇરાજા જમતાં પૂર્વે એકસો એકથી શરૂ કરી હજાર રૂપિયા સુધીની માંગણી કરે છે. કન્યાના પિતા તે ચૂકવે પછી જ વરરાજા જમે છે. અમારા બચુભાઈ કહે છે : 'આ આંકડો વરરાજાના બૌદ્ધિક-બેલેન્સ અનુસાર ઓછો-વધતો હોઈ શકે છે (અક્કલ ઓછી તેમ આંકડો મોટો!) 'જમાઇ એટલે જમ.' એ કહેવતના મૂળમાં આવા નાના-મોટા જમાઈસહજ જુલ્મો રહેલા છે! એક ઊંચા ટેબલ પર ઊભો રહી કન્યાનો ભાઈ પાણીમાં આંબાનાં પાંદડાં બોળી જાનૈયાઓ પર છાંટણાં છાંટે છે. આ રિવાજ બીજી કોમોમાં હશે કે નહીં, પણ અમારી કોમમાં છે. સ્વાગતની આ જૂની રસમ હવે પરિવર્તન માંગે છે. મઘમઘતું અત્તર છંટાય તો સૌને આનંદ થાય. પણ અહીં પાણીથી કપડાં ભીંજાય અને ચશ્માં પહેર્યાં હોય એમણે નીચે જોઈ જવું પડે છે. (રિવાજોમાંથી વિવેકબુદ્ધિની બાદબાકી થાય ત્યારે વિના કારણે આવું 'નીચાજોણું' થાય છે.) વરરાજાના બૂટ સંતાડવાનો રિવાજ થોડીક મજા પૂરતો સારો, પણ તે સમજદારીની હદ છોડી હઠાગ્રહ બની જાય છે ત્યારે મામલો મનદુઃખના ડેન્જર ઝોનમાં પ્રવેશી જાય છે. વિચારીને ચૂપચાપ બેસી રહેવું પડે એવી બાબત એ છે કે, પેલી કન્યા ત્યાર પછી તેના દાંપત્ય જીવનમાં બૂટની એડી વડે સિગારેટના ઠુંઠાની જેમ કચડાય છે ત્યારે બૂટ સંતાડનારા કશું કરી શકતા નથી. વરરાજાની મોજડીની વેદનાજનક વેલ્યુ તો કન્યાએ જ ચૂકવવી પડતી હોય છે.

આપણા પ્રત્યેક રિવાજમાં પૈસાનું મહત્ત્વ અપરંપાર હોય છે. છાંટણાં છાંટવાના અમુક રૂપિયા... જમાડવાના અમુક

(અનુસંધાન : જુઓ પાના નં. – ૭ ઉપર)

ગુલશન

# "દિલની જબાન"
# કવયિત્રી મહેશ્વરી મહેતા 'ઉષ્મા' : મણકો-૪



ચંદ્રકાંત પટેલ 'સરલ'

કવિતા એ અમૃતરસ છે. જેમ અમૃતનાં સેવનથી કોઈ ધરાતું નથી તેમ કાવ્યામૃતરસથી પણ તૃપ્તિ થતી નથી. એક પ્રાચીન કવિએ કહ્યું છે :

*કાન્ પૃચ્છામઃ સુરાઃ સ્વર્ગે નિવસોમો વયં ભુવિ ।*
*કિં વા કાવ્યરસઃ સ્વાદુઃ કિં વા સ્વાદીયસી સુધા ॥*

*અર્થાત્ :* દેવો સ્વર્ગમાં વસે છે અને અમે પૃથ્વીમાં વસીએ છીએ. તેથી અમે કોને પૂછીએ કે કાવ્યરસ સ્વાદવાળો છે કે અમૃતરસ તેથી અધિક સ્વાદવાળો છે?



મહેશ્વરીબહેન મહેતા
(ભાવનગર)
મો. ૯૪૨૬૫ ૯૦૦૪૬

**વ્યંગ્ય અર્થ વાચ્યાર્થ કરતાં વિશેષ ચમત્કારી હોય તે જ ઉત્તમ કવિતા કે ગઝલ.** શબ્દ અને અર્થનો સંબંધ સંયોગ આદિ નથી પણ શબ્દ અને અર્થની વચ્ચે વાચ્યવાચકભાવ સંબંધ રહ્યો છે અને **જે થોડામાં ઘણું સમજાવે તે જ કવિતા છે, ગઝલ છે. ગઝલમાં બે જ લીટીમાં વાત પૂરી કરી અસર પેદા કરવાનો પડકાર ગઝલે ઝીલ્યો છે** ને તેમાં સફળતા પણ પ્રદાન કરી છે. ગઝલના પ્રત્યેક અક્ષરને પોતાનું આગવું સ્થાન છે અને તેને કારણે જ ભાષાના સૂક્ષ્મતમ અનુકરણને ઝીલવાની કળા અક્ષરે સંપાદિત કરી છે.

ભાવ, ભાષા, કલા, ઊર્મિ, કલ્પના અને ભાવના આદિના સંયોજનમાંથી જે હૃદયંગમ, સંસ્કારમંડિત અને અનુભાવકતા તાદૃશ્ય કરતા ખરી કવિતાના, સાચી કવિતાના પિંડદાન આજની સદીના કવિ-ગઝલકારો લઈ આવ્યા છે તે આવકારદાયક અને આનંદનો વિષય છે.

આવા જ શબ્દના સાધક છે મહેશ્વરીબહેન મહેતા. ભાવનગરના વતની. ભાવનગર પ્રથમથી જ કલાની નગરી તરીકે ઓળખાય છે. દર ત્રણ વ્યક્તિમાં એક વ્યક્તિ કોઈ પણ કલામાં પારંગત નીકળે જ!

૨૫મી સપ્ટેમ્બર, ૧૯૪૪માં ભાવનગરમાં જન્મેલા શ્રી મહેશ્વરી મહેતા સમાજશાસ્ત્ર સાથે M.A. થયા છે. કૉલેજકાળ દરમિયાન સુગમ સંગીત, રાસ-ગરબા અને નાટકોમાં ભાગ લઈ અનેક પારિતોષિકો પ્રાપ્ત કર્યા છે.

કવયિત્રીને કવિતા-વાર્તા-લેખન અને સંગીતનો વારસો તેમના દાદીબા, નાનાજી અને માતુશ્રી તરફથી મળ્યો છે. કળાના ક્ષેત્રમાં સ્વ. મુકબિલ કુરેશી, સ્વ. આરજુ નૂરાની, સ્વ. જટીલ વ્યાસ, સ્વ. મૂળશંકર ત્રિવેદી વગેરે જેવા સમૃદ્ધ - ખ્યાતનામ ગઝલ સર્જકો તેમના આદર્શ રહ્યા છે. 'કિસ્મત કુરેશી'ની ગઝલો સાંભળી **આ કવયિત્રીએ સને ૧૯૬૮-૬૯થી ગઝલ લખવા તરફ લક્ષ કેન્દ્રિત કર્યું હતું.**

સને ૧૯૭૪માં તેમનો પ્રથમ ગઝલ સંગ્રહ 'અવધિ' પ્રગટ થયો. ત્યારબાદ સને ૧૯૮૨માં 'આરત', સને ૧૯૯૨માં 'નેજવાં', સને ૨૦૦૧માં 'મેઘધનુષી' ગીતસંગ્રહ તથા સને ૨૦૦૨માં 'દર્શન' નામે ગઝલ સંગ્રહ. આમ કવયિત્રીના પાંચ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે.

કવયિત્રી જ્યારે રેલવેમાં સાહિત્ય પરિષદના મંત્રીપદે હતાં ત્યારે ૧૯૭૪માં તેમના પ્રથમ ગઝલ સંગ્રહ (અવધિ)ને શ્રેષ્ઠ ગઝલનો ઍવોર્ડ મળેલો.

આકાશવાણી અને દૂરદર્શનના માન્ય કવયિત્રી એવા આ કવયિત્રીના ૪૦ વર્ષથી ગઝલ - કાવ્યોના કાર્યક્રમો આકાશવાણી - દૂરદર્શન પર પ્રસારિત થઈ રહ્યા છે તથા ગુજરાતના લબ્ધ-પ્રતિષ્ઠિત સામયિકોમાં અને દૈનિકોમાં તેમનાં ગઝલ - કાવ્યો પ્રગટ થયાં કરે છે.

કવયિત્રીની ઘણી ગઝલો અને ગીતોને ગાયક આસિત દેસાઇ, દેખૈયા, નૈનેશ જાની, સુરેશ જોષી (ગાયક), સ્વ. શ્રી દિશામી મહેતા અને મિલન વસાવડા વગેરેએ કંઠ આપ્યો છે.

આ કવયિત્રી મહેશ્વરીબહેન મહેતાને અનેક સન્માનો મળ્યા છે. તેમાં 'શિશુવિહાર બુધસભા' તરફથી શ્રેષ્ઠ કવયિત્રીનું સન્માન તેમજ મહિલા મંડળ, મહિલા સેવા સમાજ, નાગરિક સહકારી બેંક, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર તથા અન્ય સંસ્થાઓ તરફથી તેમને ઍવોર્ડ પ્રાપ્ત થયા છે.

**આ સિવાય 'મહાવીર જૈન સાહિત્ય પરિષદ' દ્વારા તેમને "જૈન મુનિશ્રીઓની ગઝલ : સજ્જાઇ અને શ્રાવકો"**

**પરના સંશોધનાત્મક નિબંધને જૈન પરિવાર તરફથી પારિતોષિક પ્રાપ્ત થયું છે.**

**વેસ્ટર્ન રેલવે ભાવનગરમાં ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે સેવા બજાવી હાલ તેઓ વય મર્યાદાને કારણે નિવૃત્ત થયા છે.**

હાલ તેઓ ઈન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ વેલફેર અને ફેમિલી પ્લાનિંગ એસોસિએશન ઑફ ઇન્ડિયાની સંસ્થામાં સોશિયલ વર્કર તરીકે સેવા આપી અને હોદ્દેદાર કમિટીમાં કાર્યરત છે.

દરેક કવિ પ્રથમ જિંદગી વિશે જ લખે છે. આ કવયિત્રીએ પણ 'જિંદગી' વિશે લખ્યું છે. જોઈએ તેમનો એક શે'ર :

*સ્વપ્ન જોયું ને મને લાગ્યું મળી ગઈ જિંદગી,*
*આંખ ખૂલતાં દૂર જાણે નીકળી ગઈ જિંદગી.*

રમલ છંદમાં લખાયેલી આ ગઝલ રંગરંગી સ્વપ્નમાં તાદશ્યમાન થતી જિંદગીની વાત કરે છે. આ જિંદગી પણ એક સ્વપ્ન સમાન છે. સ્વપ્નમાં જે દેખાય છે તે હકીકતમાં દેખાતું નથી. પોતાની જિંદગીને વિધવિધ રંગીન ખ્વાબોથી સજાવવા અને એ સપના હકીકતમાં રૂપાંતરિત, તબદિલ થાય એવી પ્રત્યેક માણસની તમન્ના હોય છે. પણ આંખ ખૂલ્યે એ રંગીનતા, એ આભાસી રંગો દૂર થઈ જાય છે.

**માણસે વિશ્વ જોઈ લીધું છે, ચાંદ-સૂરજ જોઈ લીધા છે ને સમજી લીધાં છે પરંતુ માણસ હજુય પણ પોતાને સમજી શક્યો નથી.** કવયિત્રી ઈશ્વર પાસે પ્રાર્થના કરતાં કહે છે કે –

*ભલે સમજું નહીં 'ઉષ્મા' ગીતા, ભાગવત કે રામાયણ,*
*પરંતુ હું મને સમજું એવું માનસ મને આપો.*

હજઝ છંદના ચાર આવર્તનોમાં લખાયેલી આ ગઝલ છે. કવયિત્રીને ગીતા, ભાગવત કે રામાયણની સમજની જરૂર નથી પણ પોતાને સમજી શકાય એવા માનસની જરૂર છે. આપણે ફક્ત સ્થુળતા સુધી જ જઈ શક્યા છીએ, સૂક્ષ્મતા સુધી નહીં! અર્થાત્ આપણે હજી પણ આપણને ઓળખી કે સમજી શક્યા નથી.

રજઝ છંદના ચાર આવર્તનવાળી એક ગઝલનો શે'ર જોઈએ : ગાગા લગાના બંધારણમાં તેમણે વિશાળ ભાવ ગૂંથી ગઝલને ઊંચાઈ આપી છે.

*હર પળ નવા અગણિત ચહેરાઓ સતત સામા મળે,*
*મ્હોરાં બધાં દર્પણ મઢ્યાં, ત્યાં કોણ કોને ક્યાં મળે?*

કવિતા એ આત્માનું સર્જન છે, આત્માની કલા છે. કવિનું અલૌકિક કર્મ એટલે કવિતા. માત્ર છંદોબદ્ધ તામીર (રચના) એ કંઈ કવિતા કે ગઝલ નથી. ને એનો રચનાર કંઈ કવિ પણ નથી.

મહેશ્વરી મહેતાની ગઝલોમાં ઊંડાણ છે. તેને જે વર્ણવવું છે તે ગૂઢ ને ઊંડા વિચારોને વ્યવસ્થિત સુસ્પષ્ટ અને સમર્થ શબ્દોમાં આવેષ્ટિ કરી સમજી શકાય, પચાવી શકાય, તેવા શબ્દોમાં જ તે વર્ણવે છે.

મહેશ્વરી મહેતા ઋજુ સ્વભાવના, નિર્મળ હૃદયના અને નિખાલસના ઓછાયા કવયિત્રીના વ્યક્તિત્વમાં દેખાયા કરે છે. સંવેદનશીલ ઉરમાં એક શાલીનતાભરી આર્દ્રતા અને આભિજાત્ય સાથે ઉર્જસ્વીપણું આ કવયિત્રીના વ્યક્તિત્વમાં નિખાર પામ્યું છે. તેમનો વધુ એક શે'ર માણીએ :

*એકલતાનું એક ટોળું હોય છે,*
*ભીડના રંગોથી કોરું હોય છે.*

આ ગઝલમાં કવયિત્રીએ 'એકલતા'નાં ટોળાંની વાત કરી છે. એ સાંકેતિક - વ્યંગ્યાર્થમાં કરી છે. ટોળું. શૂન્યતાના ટોળાં હોય ખરાં? એકલતા હોય ત્યાં ભીડ કઈ રીતે સંભવે? આવી જ વાત આધ્યાત્મિક રંગે રંગાયેલા મસ્ત કવિ જવાહર બક્ષીએ કરી છે :

*ટોળાંની શૂન્યતા છું, જવા દો કશું નથી,*
*મારા જીવનનો મર્મ છું હું, છું ને હું નથી.*

રઈશ મનિયાર કહે છે કે — અંતરમ સ્વરે કવિતા મનોવ્યાપાર છે. બાહ્યત્મ સ્વરે કવિતા અભિવ્યક્તિ છે. આ બે સ્તરોની વચ્ચે ચિત્ત, મન અને બુદ્ધિના ઘણા બધા સ્તરોના સંસ્પર્શથી કવિતાને ઘાટ મળે છે.

મહેશ્વરી મહેતાની ગઝલો - કવિતાની કેટલીક નિર્દેશાત્મક અભિવ્યક્તિ નાવીન્યતાના નેવિગેશન તરફ લઈ જાય છે. તેમના 'મત્લા'ના શે'રોમાં એક પ્રકારનો ઉપાડ દેખાય છે ને મનને સ્થિર કરી રાખે છે અને ભાવક - વાચકને પ્લાવિત કરે છે.

*જોઈ બળતા ડુંગરા દોડ્યા અરે!*
*ઉંબરા તો ઓલવો નિજ દ્વાર પર.*

માનવની એક ખાસિયત એ રહી છે કે તે હંમેશાં બીજાના જીવનમાં ચંચુપાત કરી રહ્યો છે. પોતાના પગ નીચે સળગતું ઠારવાને બદલે બીજાનું ઠારવા મથી રહ્યો છે ને અવરનો હુકમરા બનવાના પ્રયાસો કરી રહ્યો છે. પોતાની વેદનાને તસ્કીન આપવાને બદલે બીજાને સળગાવી, પછી ઠારવાના નાટક ખેલી રહ્યો છે. આશ્વાસન આપી તેની હમદર્દી મેળવી પોતાનો સ્વાર્થ સાધવા થનગની રહ્યો છે ને પોતાની દોહદને આગળ વધારી રહ્યો છે. આ તેનો જન્મજાત સ્વભાવ છે.

મારી 'કાવ્યસરિતા'માં પ્રગટ થયેલી એક ગઝલમાં પણ મેં માણસ વિશેની જ વાત કરી છે. આ રહ્યો તેનો શે'ર :

*અમારે ક્યાં કસોટી કરવી'તી માણસ વિશે કોઈ,*
*અમે શોધ્યા કરી સમજણ - વહેલા આવજો સાજન!*

*— ચંદ્રકાંત પટેલ 'સરલ' (કાવ્ય સરિતા)*

મહેશ્વરી મહેતાની ગઝલો છંદબદ્ધ અને લય-લઢણમાં હોવાને લીધે તેમણે ગઝલની ગઝલિયત તથા ગઝલનો અસલી મિજાજ જાળવી રાખ્યો છે. **છંદને કારણે જ તેમાંથી લય નીકળે છે અને રસનિષ્પતિ ભાવકને ભીંજવે છે.**

આ કવયિત્રીમાં અભિધાશક્તિ હોવાનું દૃષ્ટિગોચર થઈ રહ્યું છે. શબ્દમાંથી નવો જ અર્થ ઉપજાવવાની તેનામાં શક્તિ છે. શબ્દમાં અનેક અર્થ ઉપજાવવાના સામર્થ્યને વૃત્તિ અથવા શક્તિ કહે છે. અર્થના ત્રણ વિભાગ છે : યૌગિક, રુઢ ને યોગારુઢ. પ્રકૃતિ અને પ્રત્યય, એ બંનેનો અર્થ ભેગો થવાથી શબ્દનો જે અર્થ થાય છે તે યોગ. યૌગિક અર્થ. શબ્દની એવી શક્તિને અવયવ શક્તિ કહે છે ને અર્થ ઉપજાવનારી શક્તિને જ 'અભિધાશક્તિ' કહે છે.

ગઝલ - કવિતા એ કંઈ શબ્દની ગોઠવેલી રમત નથી અને તે પરાણે લખાતી પણ નથી. જાત ખાલી કર્યા વિના સર્જન શક્ય નથી બનતું અને તેમાં ખાસ તો કવિતાનું સર્જન થતું નથી. **કવિ નીતિન વડગામા** સાચું જ કહે છે. નીતિન વડગામાનો શે'ર જોઈએ :

*જાતમાંથી કંઈક જાતું હોય છે,*
*આ બધું ત્યારે લખાતું હોય છે.*

ગઝલ આજે એટલી બધી સસ્તી થઈ ગઈ છે, એટલી બધી લોકપ્રિય થઈ ગઈ છે કે, દરેક નવોદિત પોતાના કાવ્યની શરૂઆત ગઝલ લખવાથી જ કરે છે. **ડૉ. અદમ ટંકારવી** કહે છે કે, હૃદયંગમ અને સાચી ગઝલ લખવી એ ઘણું અઘરું કામ છે. એટલે તો કવિ **જયંત કોરડિયા** પણ લખે છે કે :

***દોસ્ત! ભઠ્ઠીથી ઊડ્યો તણખો અચાનક,***
***એમ ભીતરથી મળ્યો મિસરો અચાનક!***
***એક પર્દાફાશ : એનાં એ જ દશ્યો!***
***આજ અંદરથી થયો તડકો અચાનક.***

***(મતલબ સાફ છે)***
***– કવિ. પ્રા. જયંત કોરડિયા***

હૈયું વલોવાયા વિના ઉત્કૃષ્ટ શે'ર (મિસરા) મળતા નથી. વેદના સહન કર્યા પછી જ ભીતરથી કવિતા પ્રગટતી હોય છે, ને ગઝલ પણ પ્રગટતી હોય છે. આ 'ગઝલ અપ્સરા'ને વરવા માટે હૃદયને છોલી નાખવું પડે છે, ત્યારે જ એ કવિને વરે છે. ગઝલકાર **મુસાફિર પાલનપુરી** લખે છે :

***છે ગજબની 'મુસાફિર' ગઝલ અપ્સરા,***
***કંઈ જ કહેવાય ના, એ વરે તો વરે!***

*કવયિત્રી મહેશ્વરી મહેતાના થોડાક શે'ર માણીએ :*

***બેસીને રાત આખી રજનીએ ફૂલ ગુંથ્યા,***
***એ વિશ્વને સુવાસિત કરતાં રહે સવારે.***

★

***શક્યતાની ડાળ પર ફૂલ ખીલશે,***
***એમ વાતો કંટકો કરતાં રહ્યા.***

★

***છે સમય ઓછો અને લાંબી સફર જોયું જશે;***
***ઝંપલાવ્યું સાગરે, ઊંડા ભંવર, જોયું જશે.***

★

***વટાવી ઓરડો પછી ઓસરી વૃદ્ધત્વ બેઠું ડેલીએ;***
***સમયની આ વિષમતા પણ ઘણો આઘાત આપે છે.***

*(કવિયીત્રી મહેશ્વરી મહેતાનો સંપર્ક નંબર : ૯૪૨૬૫ ૯૦૦૪૬)*

## કવિ મિત્રોને વિનંતી

***"દિલની જબાન"માં આપ જો આપનો પરિચય કરાવવા માંગતા હો તો આપનો એક ગઝલ સંગ્રહ, બે પાસપોર્ટ સાઈઝના ફોટા તથા આપનો સંપૂર્ણ પરિચય (બાયોડેટા) નીચેના સરનામે મોકલી આપશો. પરિચય મળ્યે અનુકૂળતા પ્રમાણે તેને 'મંગલ મંદિર'માં પ્રકાશિત કરવામાં આવશે.***

**શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'**
રતનપરા શેરી-૧, બાગ દરવાજા,
માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જૂનાગઢ)
મો. ૮૭૩૫૯ ૦૨૪૨૪

***C/o. "સંસ્કૃતિ દર્શન" કાર્યાલય,***
***રતનપરા શેરી નં.-૧, નીલકંઠ બંગલાની સામે,***
***બાગ દરવાજા, માણાવદર-૩૬૨ ૬૩.૦ (જિ. જૂનાગઢ)***
***મો. ૮૭૩૫૯૦૨૪૨૪***

## એટેચમેન્ટ



એટેચમેન્ટ કોને કહેવાય?

જ્યારે બે જણા એકબીજા સામે સતત વાતો કર્યા કરતા હોય, દૂર રહેવા છતાં એકબીજાને મેસેજ કરતા હોય, રાતના નેટ ઉપર ચેટ કરતા હોય, દિવસમાં દસ વાર ફેસબુકમાં અપડેટ મારીને મોકલતા હોય – એને એટેચમેન્ટ ના કહેવાય!

*એટેચમેન્ટ એટલે.....*

તમે જ્યારે કોઈને ઇ-મેઈલ કરો ત્યારે સાથે કોઈ મેસેજ કે ડેટાની ફાઈલ ઍટેચ કરીને મોકલો, એને ઍટેચમેન્ટ કહેવાય. સમજ્યા?

કચ્છ

# કચ્છની દક્ષિણામૂર્તિ : સરસ્વતીસદન "સદનવાડી"



નરેશ અંતાણી

આજે કચ્છમાં શિક્ષણનો વિકાસ સારો એવો થયેલો જોઈ શકાય છે. આ સરહદી જિલ્લામાં તબીબી કે ઇજનેરી કે અન્ય ઉચ્ચ શિક્ષણ ક્યારે શરૂ થશે એવો પ્રશ્ન એક દાયકા પહેલા પૂછાતો. આજે હવે આ તમામ પ્રકારનું ઉચ્ચ શિક્ષણ તો મળે જ છે પરંતુ જિલ્લાને સ્વાયત્ત વિશ્વ વિદ્યાલયની સુવિધા પણ મળી છે ત્યારે આજથી આઠ દાયકા પહેલા શિક્ષણની એક નવીન તરાહનો પ્રયોગ કચ્છમાં થયો હતો. અલબત્ત તે અલ્પજીવી બન્યો તે જુદી વાત છે પણ તેના સારા અને મીઠા ફળ તો આજે પણ જોવા મળે જ છે. **એંસી વર્ષ જૂની શિક્ષણ સંસ્થાની વાત કરવી છે.** કચ્છના તાજેતરના ઇતિહાસની આ ઘટના હોવાથી બહુ ઓછી નોંધ લેવાઈ છે પણ નવી પેઢી માટે એ જાણવા અને સમજવા જેવી છે. આવો નવતર પ્રયોગ એટલે સદનવાડી. બાળ કેળવણીના મોટા ગજાના કેળવણીકાર ગિજુભાઈ બધેકાના શિષ્યો અને કચ્છના એ સમયના ચુસ્ત ગાંધીવાદી કાર્યકરો **પ્રભુલાલ ધોળકિયા, મગનભાઈ સોની અને માર્કંડરાય મહેતા**એ ૧૯૩૩માં ભુજથી ૨૫ કિ.મી. દૂર નખત્રાણા જતા માર્ગ પર નૂતન શિક્ષણની આ સંસ્થા સરસ્વતી સદન "સદનવાડી"ની સ્થાપના કરી હતી. આ સંસ્થા એટલે દક્ષિણામૂર્તિની નાનકડી આવૃત્તિ. ૧૯૪૫માં સંસ્થા બંધ પડી પરંતુ આ બાર વર્ષના ટૂંકાગાળામાં પણ નૂતન શિક્ષણની કચ્છભરમાં એક નવી સુવાસ ફેલાવી હતી. નૂતન શિક્ષણ સંમેલનો, છાત્રાલય સંમેલનો વગેરે જેવી પ્રવૃત્તિઓ દ્વારા કચ્છ આખાયમાં એનો સંદેશ પ્રસર્યો હતો. કચ્છના ખૂણે ખૂણેથી તેને વિદ્યાર્થીઓ મળ્યા. છેક જબલપુર, મધ્યપ્રદેશથી જાણીતા સાહિત્યકાર અને પ્રવાસ લેખક **અમૃતલાલ વેગડ** પણ અહીં રહીને ભણી ગયા છે. કચ્છની એકમાત્ર શિક્ષણ સંસ્થામાં એ સમયે મોન્ટેસરી, ડોલ્ટન અને વર્ધા યોજનાના સફળ પ્રયોગો એ સમયે કરાયા હતા. સદનવાડીના સફળ સંચાલન માટે ઉપર્યુક્ત ત્રણે ગાંધીવાદીઓએ કામગીરીની વહેંચણી કરી હતી. એ મુજબ પ્રભુલાલભાઈ ધોળકિયા સંસ્થાના નિયામક હતા. તેઓ વહીવટ, નાણાંકીય બાબતો અને બહારના સંબંધોની કામગીરી સંભાળતા. મગનભાઈ સોની સંસ્થાના ગૃહપતિ તરીકે તેની તમામ આંતરિક બાબતો સંભાળતા જ્યારે માર્કંડરાય મહેતા શાળાનું સંચાલન અને શિક્ષણનું કાર્ય સંભાળતા. **ભાવનગરની દક્ષિણામૂર્તિની પ્રેરણા લઇ કચ્છમાં સ્થપાયેલી આ નવતર શિક્ષણ સંસ્થાનું ઉદ્‌ઘાટન જાણીતા કેળવણીકાર અને દક્ષિણામૂર્તિના સંચાલક નાનાભાઈ ભટ્ટના હસ્તે કરાયું હતું.** તેમણે જાતે અહીં થોડો સમય રોકાઈ સંસ્થાનું સંચાલન, શિક્ષણ કાર્ય સંભાળ્યું હતું. આ પછી કેટલાય વર્ષ સુધી માર્ગદર્શન પણ આપ્યું હતું. બાળ શિક્ષણના મશાલચી **ગિજુભાઈ બધેકા** પણ આ સંસ્થામાં રોકાયા હતા અને વર્ષો સુધી દોરવણી પણ કરતા.

કચ્છની આ એક સુંદર અને નવતર કેળવણી સંસ્થાનું સંચાલન અને અભ્યાસ પદ્ધતિ પણ રસપ્રદ છે. ભાવનગરની દક્ષિણામૂર્તિના **હરભાઈ**એ થોડા સમય માટે સદનવાડીનું સંચાલન સંભાળ્યું ત્યારે તેમણે મેડમ મોન્ટેસરી અને ડોલ્ટન પદ્ધતિથી સદનવાડીનું સંચાલન કરવા સૂચવ્યું. આથી માર્કંડરાય મહેતાએ ખાસ દક્ષિણામૂર્તિ જઈ આ પદ્ધતિનો અભ્યાસ કર્યો અને તેને કચ્છમાં પ્રથમવાર સદનવાડીમાં દાખલ કરી. મેડમ મોન્ટેસરીના સિદ્ધાંતો બાલમંદિર માટે છે. તેમાં દરેક બાળકોને સ્વતંત્રતા અને સવયં સ્ફુરણાને પ્રાધાન્ય આપવામાં આવે છે. આજ સિદ્ધાંતોને આધારે જ ઉપલા ધોરણમાં તેનો ઉપયોગ મિસ પાર્ક હર્સ્ટ ડોલ્ટન નામના શહેરની હાઈસ્કૂલમાં કરવામાં આવ્યો. ત્યારથી તે સિદ્ધાંત ડોલ્ટન યોજના તરીકે ઓળખાઈ અને તેને સદનવાડીમાં દાખલ કરવામાં આવી હતી. **આ યોજના મુજબ શાળામાં સૌથી વધારે અગત્યતા વિદ્યાર્થીઓમાં રહેલી શક્તિ અને અભિરૂચિને ધ્યાનમાં રાખીને તમામ શિક્ષણ આપવામાં આવતું. જેમાં શાળાના વર્ગો ધોરણ પ્રમાણે નહીં પણ વિષયો પ્રમાણે રહેતા. દરેક વિદ્યાર્થી પોતાના ધોરણમાં નહીં પણ પોતાના ગમતા વિષયવાળા ખંડમાં અભ્યાસ કરતા.** શાળામાં કંઈ પણ ફરજિયાત નહીં પણ વિદ્યાર્થીની રૂચિ પ્રમાણે તેમાં રસ જાગૃત કરી તેમના રસના વિષયોવાળા ખંડમાં અભ્યાસ કરવાનો રહેતો. **તેમના મનગમતા વિષયમાં જ આગળ વધવા તેમને તક આપવામાં આવતી. પરિણામે વિદ્યાર્થી હોંશે હોંશે શાળામાં અભ્યાસ કરતા.** ગમે તે ધોરણનો વિદ્યાર્થી હોય તેને પોતાના રૂચિના વિષય પ્રમાણેના અભ્યાસક્રમ વર્ગખંડમાં આપવામાં આવતા. વાર્ષિક અભ્યાસક્રમમાં દસ ભાગ પાડી માસવાર અભ્યાસક્રમ નક્કી કરવામાં આવતો અને તેમાં વિદ્યાર્થીએ શું શું ભણવું અને કેવી રીતે ભણવું તેનું માર્ગદર્શન પણ આપવામાં આવતું. પરિણામે કોઈપણ વિદ્યાર્થીને અભ્યાસક્રમ પૂર્ણ કરવામાં કોઈ મુશ્કેલી ન પડતી. વળી સદનવાડીમાં સમયની કોઈ મર્યાદા ન હતી. શાળા ૨૪ કલાક ખુલ્લી રહેતી. ગમે ત્યારે વિદ્યાર્થી શિક્ષક પાસે કે તેના શાળાના પરિસરમાં જ આવેલા નિવાસ સ્થાને જઇને માર્ગદર્શન મેળવી શકતો.

સદનવાડીના તમામ સંચાલકો ચુસ્ત ગાંધીવાદી અને ખાદીધારી હતા. અને તે દરેક જણ જાતે સુતર કાંતીને ખાદી વણાવતા અને તેજ ખાદી પહેરતા. આથી શાળામાં પણ વિનોબાજીની વર્ધા યોજના

મુજબ દરેક વિદ્યાર્થીને દિવસના નક્કી કરેલા કલાકો પ્રમાણે સુતર કાંતવાનું રહેતું અને તે ખાદીના કપડાં જ પહેરવાનો આગ્રહ રાખવામાં આવતો. પરિણામે વિદ્યાર્થીઓમાં સ્વાવલંબનના ગુણો પણ વિકાસ પામતાં. દરેક વિદ્યાર્થી આનંદથી સુતરની આંટી વણતો. તેમાં પણ આપસમાં સ્પર્ધાઓ પણ થતી. વળી આ શાળામાં કોઈ પણ પ્રકારની ધાકધમકી નહીં! પ્રેમ અને સહાનુભૂતિથી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતો. શાળામાં દરેક વિદ્યાર્થીઓને ગમતી પ્રવૃત્તિ કરવાની છૂટ રહેતી. રમત-ગમત, દાંડિયારાસ, તરવા જવું, ચિત્ર દોરવા, આજુબાજુના ટેકરા પર ઘૂમવા જવું, ગામમાં આંટો મારવો, સ્વયંપાક, પગપાળા પ્રવાસ કરવો, ચર્ચાસભાઓ કરવી, લોકગીતો ગાવાં, નાટક ભજવવા જેવી પ્રવૃત્તિઓ કરાવવામાં આવતી. જેથી દરેક વિદ્યાર્થીને અભ્યાસ અને શાળા બોજ સમાન નહીં પણ ઘર જેવી જ લાગતી. **સદનવાડીમાંથી અભ્યાસ કરી બહાર આવેલા વિદ્યાર્થીઓને વાસ્તવિક જીવનમાં ક્યાંય મુશ્કેલી નડતી નહીં કેમકે જીવનના ઉપયોગી તમામ પાઠો અહીં શીખવવામાં આવતા.** જેથી તે પોતાના જીવનનો માર્ગ આપમેળે સરળ બનાવી શકતો. વિદ્યાર્થીઓની શારીરિક સફાઈ પણ ક્યારેક શાળામાં મગનભાઈ કે તેમના પત્ની હીરાબહેન જાતે કરતાં. એક વિદ્યાર્થીને ખસનો રોગ થયો હતો. તેને નવડાવતાં હીરાબહેન અને મગનભાઈને પણ ખસ નીકળી હતી. વિદ્યાર્થીઓમાં ચોરીની આદત ન પડે તે માટે શાળાનો કોઠાર કે રસોડાની સંપૂર્ણ જવાબદારી પણ વિદ્યાર્થીઓને સોંપવામાં આવતી. ચા પીવી કે બહારના નાસ્તાની આદત ન પડે તે માટે અઠવાડિયામાં એકવાર મગનભાઈ જાતે ચા બનાવી આપતા અને વિદ્યાર્થીઓને મનગમતો નાસ્તો બહારથી મંગાવી આપતા. અરે, એક વિદ્યાર્થીને બીડીની આદત હતી. તો તેને મગનભાઈએ બીડી પાઈ શરમમાં મૂકી દીધો. પરિણામે તેની આ આદત પણ છૂટી ગઈ.

સદનવાડીની મુલાકાતે કચ્છ અને કચ્છ બહારના રાજકીય આગેવાનોએ પણ મુલાકાત લીધી હતી. **જેમાં રવિશંકર મહારાજ, કાકાસાહેબ કાલેલકર, સરદાર પૃથ્વીસિંહ, રાજવી પરિવારના શિક્ષક સ્મિથ સાહેબ, યુસુફ મહેરઅલી** વગેરેનો સમાવેશ થાય છે. વિદ્યાર્થીઓમાં નેતૃત્વના ગુણો વિકસે તે માટે રાજકીય પ્રવૃત્તિઓમાં રસ લેવડાવવામાં આવતો. કચ્છી પ્રજાકીય પરિષદના મુંદ્રા અધિવેશન વખતે અહીંના વિદ્યાર્થીઓએ સંમેલનનો ચોક, ઉતારાના તંબુઓ વગેરેની સ્વચ્છતાનો વિભાગ સંભાળ્યો હતો. જાણીતા સાહિત્યકાર અને પ્રવાસ લેખક અમૃતલાલ વેગડ, સાહિત્યકાર ગૌતમ શર્મા, મોરઝરના પૂર્વ સરપંચ ભારતદાન ગઢવી વગેરે આ સદનવાડીના વિદ્યાર્થીઓ રહી ચૂક્યા હતા. સદનવાડી માટે ટૂંકમાં એટલું જ કહી શકાય કે મોન્ટેસરી, ડાલ્ટન અને ગાંધીજીની વર્ધા યોજના એ ત્રણેયના સફળ પ્રયોગો અહીં થયા એ જ આ અલ્પજીવી શિક્ષણ સંસ્થાની સફળતા રહી.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક,*
*નાના યક્ષ મંદિર પાસે, માધાપર રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## મને ઓળખી? હું વસંત!

**(અનુસંધાન : પાના નં. – ૯ ઉપરથી ચાલુ)**

મોસમ. આ પ્રેમનો ઉત્સવ છે અને એ તો મનમોહક જ હોય. હા, કોઈ પ્રેમનો અસ્વીકાર કરે તો કંઈ અકળાઈ જઈને નિરાશ નહીં થવાનું; કે નહીં નફરતની આગમાં અન્યને કે ખુદને નુકસાન પહોંચાડવાનું. કારણકે ઘણી વ્યક્તિઓ જરૂરિયાત મુજબ લાગણીના સંબંધો રાખે છે તે પ્રેમ કરી શકે નહીં એમ માનીને એ ચાહે કે ન ચાહે તો પણ આપણે તો તેને નિઃસ્વાર્થભાવે ચાહી શકીએ ને! કારણકે અસ્વીકાર પ્રેમી કે પ્રેમિકાનો હોય છે, પ્રેમનો નહીં. તો બીજી તરફ **મા સરસ્વતીનું પૂજન પણ વસંત પંચમીએ કરી, સદ્‌બુદ્ધિની યાચના કરાય છે. બાળકને આ જ દિવસથી અક્ષર જ્ઞાન આપવાની શરૂઆત કરાય છે.** એટલે કે આ દિવસથી શાળામાં દાખલ કરાય છે. વિદ્યાર્થીઓ પુસ્તકનું પૂજન અને મંત્ર દ્વારા મા સરસ્વતીની કૃપા વરસતી રહે તેવી પ્રાર્થના કરે છે.

શિશિરની ઠંડીને કારણે સૂકા થઈ ખરી પડેલા પાંદડાથી ડાળીઓ નિર્જીવ બની જતી હોય છે ત્યારે વસંતના આગમન સાથે જ લીલાં પાંદડા પણ નવો જન્મ લઈ ડાળખીનો શણગાર સર્જે ત્યારે સહજ પ્રશ્ન થાય કે યે કૌન ચિત્રકાર હૈ?

*'મલયાનીલોની પીંછીને રંગો ફૂલોના લઈ,*
*દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના?'*

કુદરત વસંત દ્વારા જીવનમાં પોઝિટિવ થીન્કિંગનો અણમોલ સંદેશો આપે છે. જેમ પાનખર પછી વસંત આવે જ છે તેમ માનવ જીવનમાં દુઃખ, વ્યથા, તકલીફ, સમસ્યાનો અંત થઈ સુખ-શાંતિ આવે જ. પાનખર છે તો વસંતનું મહત્ત્વ છે. રાતનો અંધકાર દૂર થઈ ઉજાસ આવે જ છે. જિંદગીમાં આશાનો દીપ ઝળહળતો રાખી સતત ઊર્જાવાન બનવાનો બોધ પ્રકૃતિ વસંતઋતુ આપણને પરોક્ષ રીતે આપે છે. જિંદગી તો હારની કવિતા છે એવો ભાવ આ પંક્તિ આપે છે.

પતઝડ મહીયે જો તમે ધારો તો વસંત છે! એ ધારણાના સત્યમાં યારો વસંત છે. **માનવ જીવનમાં પણ પાનખર પછી વસંત આવે જ છે** એ પ્રભુ પ્રત્યેની શ્રદ્ધા જ સુખ-દુઃખને અપનાવતા રહી જીવનને હર્યુંભર્યું રાખવા પ્રેરણા આપે છે.

વસંત રંગોની પણ ઋતુ છે. ઠાકોરજીને નિત્ય શૃંગાર, આરતી સમયે કેસરનું જળ, અબીલ, ગુલાલ અને બીજા રંગોથી (હોળી સુધી) રંગવામાં આવે છે. વસંતમાં આવતા તહેવારોમાં એટલે જ ધૂળેટી રંગોથી રમીને ઉજવાતી હશે. વસંત ગીતો, હોળી ગીતો ગાઈને સમૂહ નૃત્ય કરીને વસંતપંચમી, હોળી, ધૂળેટીની ઉજવણી થાય છે.

આવી સોહામણી વસંતના રંગે રંગાવાને બદલે આધુનિકતાના રંગે રંગાયેલા યંત્ર માનવને મોલના શો કેસમાં પીળા વસ્ત્રો સાથે **"સ્પ્રિંગ સીઝન ઓફર"** લખવું જોઈએ અથવા તો સોશિયલ સાઈટ પર ઈમેજીસ જોતા પ્લાસ્ટિકિયા સ્મિત ફરકાવતા માનવીને ઋતુઓની રાણીએ વ્યથા વ્યક્ત કરતાં પૂછવું પડે કે, ''મને ઓળખી? હું વસંત!''

*"નીલયમ", સહકાર નગર મેઇન રોડ, મહિલા કોલેજ પાછળ,*
*એસ.બી.એસ. સોસાયટી, રાજકોટ. મો. ૯૪૨૯૫ ૦૨૧૮૦*

સંસ્કૃતિ

# કડવાશ



નટવર આહલપરા

ડૉક્ટર કાંતિભાઈએ ધ્રુજતા હાથે જાંબુડાનું જ્યુસ બનાવ્યું. પોતાની જ જ્ઞાતિના પ્રેમાળ ઇજનેર વિશાલને અને અધ્યાપક નયનને આપ્યું. જેવું મીઠું જ્યુસ એવો મીઠો સ્વભાવ. કાંતિભાઇએ સુગંધી મીઠી સોપારી પણ ખવડાવી.

નયન - વિશાલની ઉંમર સરખી. બંને પચાસ વર્ષના. ખૂબ જ માયાળુ, વિવેકી, આજ્ઞાંકિત, કર્તવ્યનિષ્ઠ અને જ્ઞાતિમાં તેમજ બીજે પણ બધાને ઉપયોગી થાય તેવા સ્વભાવવાળા. તેમને કોઈ સાથે રાગદ્વેષ કે પૂર્વગ્રહ નહીં. સૌ સાથે મીઠા સંબંધ. કોઈ નેગેટિવ પ્રવૃત્તિ કરે તો બંનેને ગમતું નહીં.

વિશાલ – નયન ડૉક્ટર કાંતિભાઈથી અને તેમની ફોટોગ્રાફીથી બહુ જ પ્રભાવિત. ક્યારેક - ક્યારેક મળવા આવે.

વિશાલે ડૉ. કાંતિભાઈને પૂછ્યું કે, 'કાંતિભાઈ, આપ ફોટોગ્રાફી કોની પાસેથી શીખ્યા?' પંચોતેર વર્ષના કાંતિભાઈ ભૂતકાળમાં સરી પડ્યા. જાણે ચોવીસ વર્ષના થઈ ગયા. ચહેરો ખીલી ઉઠ્યો. આંખોમાં તેજ ચમક્યું. હોઠ ઉપર હાસ્ય રેલાયું. શરીરમાં શેર લોહી ચઢી ગયું. તેમણે વાત માંડી : 'જો ભાઈ વિશાલ-નયન, તમે મને ફોટોગ્રાફીનો પ્રશ્ન પૂછ્યોને, મને બહુ આનંદ થયો. **આ ભાગદોડના નાટકીય જમાનામાં કોણ કોને પૂછે છે? કોઈને કોઈની પડી નથી.** સાંભળો, મારા પિતાશ્રી ફોટોગ્રાફીના બહુ શોખીન હતા. તેઓએ મારા માતુશ્રીને પણ ફોટોગ્રાફી અંગેનું વ્યવસ્થિત શિક્ષણ આપ્યું હતું.'

નયનથી પ્રશ્ન પૂછ્યા વિના ન રહેવાયું. 'સાંઈઠ વર્ષ પહેલા એક ગૃહિણી ફોટોગ્રાફી કરે?' કાંતિભાઈએ જવાબ વાળ્યો : 'હાસ્તો, એક ગૃહિણી ફોટોગ્રાફી કરે! મારા માતુશ્રી કરતા, અને એ પણ અચરજ પમાડે તેવી!'

નયન-વિશાલ રસથી કાંતિભાઈને સાંભળતા હતા. 'મારા પિતાએ મને બહુ જ નાની વયમાં, એટલે કે હું પંદર વર્ષનો હતો ત્યારે મને કેમેરો ભેટ આપ્યો હતો અને મને વ્યવસ્થિત ટ્રેનિંગ આપી હતી. પછી તો ફોટોગ્રાફી મારી સાધના બની ગઈ. આવો, તમને મારો સાધનાકક્ષ બતાવું. હું કાંઈ કમ નથી.'

ખજાનો! ચારે તરફ ખજાનો. ભારતની સંસ્કૃતિ અને અસ્મિતા જોઈ નયન-વિશાલ રાજી-રાજી થઈ ગયા. જૈન, હિંદુ, ખ્રિસ્તી, ઈસ્લામ તીર્થોના સ્થાપત્યોના ફોટોગ્રાફ્સ, મંદિરમાં બિરાજમાન પ્રતિમાઓના આભૂષણ, આંગી અને શણગારના ફોટોગ્રાફ્સ જોઇ બંને મિત્રો આભા બની ગયા.

ડૉક્ટર કાંતિભાઈએ પાછી સ્મૃતિઓ તાજી કરી : '**ફોટોગ્રાફીની અનુભૂતિઓ મારા જીવનની એક મહામૂલી મૂડી બની ગઈ છે.** મારી યાત્રાઓએ મારા માટે કેટલીય નવી નવી ક્ષિતિજો ખોલી છે. રોજબરોજના ધમાલિયા જીવન છોડીને અનેક મહિનાઓ મેં અમરનાથ, કૈલાસ - માનસરોવરના ખોળે વિતાવ્યા છે.'

'કાંતિભાઈ, સતત પ્રવાસો કરવાથી તમે તમારા કુટુંબમાં ધ્યાન આપી શકતા હતા? ક્યારેક કલાકાર તરીકેનો અહમ્ ટકરાતો?'

'હા, હા, પૂરેપૂરી લાગણી સાથે સંતાનોને, પત્નીને, માતા-પિતાને પ્રેમ આપ્યો છે. મારો ધર્મ સમજ્યો છું. મારી બા નેવું વર્ષના છે. તેમની સેવા હું જ કરું છું. સવારે રેડિયોમાં તેમને ભજન સંભળાવું, દાતણ કરાવું, નવડાવું, છાપું વાંચી સંભળાવું. હું કલાકાર તો ખરો જ ને? સામાન્ય થોડો છું?'

કાંતિભાઈ લાગણીના પ્રવાહમાં વધુ સરી પડે તે પહેલાં વિશાલ-નયને સમજીને રજા લીધી.

કાંતિભાઈ, આલ્બમમાં પોતે પાડેલી નૈસર્ગિક દશ્યોની તસવીરો લગાડે છે. છ-આઠ મહિના થઈ ગયા. વિશાલ-નયનને થયું કે, ડૉક્ટર કાંતિભાઈની અમરનાથની ફોટોગ્રાફીનો સ્લાઇડ-શો યોજીએ તો સૌ દર્શકોને લાભ મળશે. બંને કાંતિભાઈને મળ્યા. ધર્મ-સંસ્કૃતિના ઉપાસક, કલાસાધક અને પીઢ તસવીરકાર કાંતિભાઈ દ્વારા સ્લાઇડ-શો યોજાયો. અમરનાથની ઝાંખી કરી સૌ તરબોળ થઈ ગયા. સ્લાઇડ-શો પૂરો થયા બાદ ડૉક્ટર કાંતિભાઈએ સંબોધન કર્યું : '**આજે આપણે ભૌતિકવાદ તરફ દોડ મૂકી છે. એટલે કુટુંબમાં પ્રેમ, ત્યાગ, સ્નેહ, સહનશીલતા, સમજણને બદલે સ્વાર્થ, સ્વતંત્રતા, સ્વચ્છંદતા, ઇર્ષ્યા વધી છે.** હું તો કહીશ, જરૂર કહીશ, આપણે કલાભાન ગુમાવ્યું છે. જે દેશની પ્રજા પોતાનું કલાભાન ગુમાવે છે, એ પ્રજાનું નૈતિક રીતે, બધી જ રીતે પતન થાય છે. **જાગો, મારા ભાઈ-બહેનો જાગો! આજે નહીં તો કાલે પ્રકૃતિ તરફ પાછા જવું જ પડશે.**' કાંતિભાઈ વધુ ન બોલી શક્યા. તેઓ હજારો દર્શકો વચ્ચે રડી પડ્યા. ધ્રુસકે -ધ્રુસકે રડ્યા.

દિવસો પસાર થતા હતા. વિશાલ - નયનને કાંતિભાઈના બા ગુજરી ગયાના સમાચાર મળ્યા. બંને કાંતિભાઈ પાસે ગયા. મરણ થયું હોય ત્યાં કોઈ ડહાપણ કે જ્ઞાનની વાત થાય? વિશાલ - નયન કાંતિભાઈને મળી પાછા ફર્યા. બંનેના દિલ દ્રવી ઉઠેલા.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૭ ઉપર)**

સાયન્સ / ટેક્નોલોજી

# અંતરીક્ષ ક્ષેત્રે સંશોધનો માટે ભારત સક્ષમ છે



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

આપણા અંતરીક્ષ કાર્યક્રમોએ ૫૭ વર્ષમાં ખૂબ જ લાંબી મજલ સર કરીને, સમગ્ર વિશ્વમાં અમેરિકા, રશિયા અને ચીન બાદ આ ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ ક્ષમતા ધરાવતો ચોથો દેશ બનવા પામ્યો છે. **ઇ.સ. ૧૯૬૦માં પ્રારંભમાં ત્રિવેન્દ્રમ નજીકના થુંબામાં નવીનતમ "સાઉન્ડિંગ રોકેટ પ્રક્ષેપણ સુવિધા"ની સ્થાપનાથી માંડીને હવે તે વિશેષ પરિપક્વ બનીને વિશ્વસ્તરીય અંતરીક્ષ શક્તિ બન્યું છે.**

પૃથ્વીના પહેલા ઉપગ્રહ **"સ્પુટનિક-૧"** કે જેણે અંતરીક્ષ યુગનો માર્ગ પ્રશસ્ત કર્યો, તેના પ્રક્ષેપણના માત્ર પાંચ વર્ષ બાદ ઈ.સ. ૧૯૬૨માં ભારતીય સંશોધન રાષ્ટ્રીય સમિતિ (INCOSPAR)ની રચનાની સાથે ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના શ્રીગણેશ થયા.

ભારતીય અંતરીક્ષ કાર્યક્રમોની સત્તાવાર શરૂઆત ઇ.સ. ૧૯૬૩ના ૨૧ નવેમ્બરના રોજ કેરળના પાટનગર તિરૂવનપુરમ નજીક તત્કાલીન માછીમાર ગામ થુંબા ખાતેથી 'નાઇક અપીએ' સાઉન્ડિંગ રોકેટના પ્રક્ષેપણ સાથે થઇ હોવાનું જાણવા મળે છે. ભારતીય અંતરીક્ષ કાર્યક્રમના જનક **ડૉ. વિક્રમ સારાભાઈ**એ અંતરીક્ષ સંશોધન માટે જરૂરી ટેકનિક વિકાસ માટે અંતરીક્ષ વિજ્ઞાન અને ટેકનોલોજી કેન્દ્રની સ્થાપના કરેલી. **ઇ.સ. ૧૯૬૯માં ઇસરો (ISRO)ની સ્થાપના કરવામાં આવી.** આજે સંસ્થાના કુલ ૧૮૦૦૦થી વધારે કર્મચારીઓ દેશમાં અનેક સ્થળોએ કાર્યરત છે.

ઇ.સ. ૧૯૭૫ના ૧૯ એપ્રિલના રોજ પૂર્વ સોવિયેત સંઘના એક પ્રક્ષેપણ કેન્દ્ર પરથી ભારતના પ્રથમ ઉપગ્રહ **"આર્ય ભટ્ટ"**ને પ્રક્ષેપિત કરવામાં આવ્યો. ત્યારબાદ ઘણા પ્રાયોગિક ઉપગ્રહો પ્રક્ષેપિત થતા જ રહ્યા. પૃથ્વીના અવલોકનાર્થે ભાસ્કર-૧, ભાસ્કર-૨ એ દૂરસ્થ સેન્સિંગ ઉપગ્રહોના નિર્માણ માટે વૈજ્ઞાનિકોને વિશ્વાસ અપાવ્યો. **'એપલ'** નામનો ઉપગ્રહ યુરોપિયન - એરિયન રોકેટથી પ્રક્ષેપિત કરાયો, જે ઇ.સ. ૧૯૮૧માં પોતાની અંતિમ જીઓસિન્ક્રોનસ કક્ષામાં પહોંચ્યો હતો. ઇસરોએ ૧૯૭૦માં બે મહત્ત્વપૂર્ણ પ્રયોગો કરેલા, જેનો ઉપયોગ અને આશય ટેલીવિઝન પ્રસારણ અને સંચાર માટે હાથવગો એક અનુભવ પ્રાપ્તિનો હતો.

ઇસરોએ પોતાના પહેલા ઉપગ્રહનું પ્રક્ષેપણ **વ્હીકલ SLV-3** નું ૧૮ જુલાઇ, ૧૯૮૦ના રોજ કરેલું. ભારતનો પ્રથમ બહુલક્ષી પરિચાલન ઉપગ્રહ INSAT-1B ઇ.સ. ૧૯૮૩માં પ્રસ્થાપિત કર્યો. જેથી ભારતની સંચાર, ટેલીવિઝન પ્રસારિતતા તથા હવામાનની આગાહી કરવાની વિશેષ સુવિધા અર્પી.

આજદિન સુધીમાં ઇસરોએ પાંચ પ્રક્ષેપણ વાહન SLV-3, ASLV, PSLV, GSLV અને MK III અર્થાત્ LVM-3 જે વિકસાવ્યા છે. ૧૪મી જાન્યુઆરી, ૨૦૧૪થી GSLV-D5 એ કાર્યક્ષેત્રમાં નિપુણતા દર્શાવી છે. મે-૨૦૧૬માં RLVTD નું સફળ પરીક્ષણ થયું. **૨૨ ઓક્ટોબર, ૨૦૦૮ના રોજ PSLV દ્વારા ૧૩૮૦ કિ.ગ્રા. વજનના ચંદ્રયાન-૧ અંતરીક્ષમાં મોકલાયા. જે ત્રણ સપ્તાહે ચંદ્ર પર પહોંચ્યું.**

ઇ.સ. ૨૦૧૩ના PSLV દ્વારા ૧૩૪૦ કિ.ગ્રા. 'માર્સ ઓર્બીટર' ૨૪ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ મંગળ ગ્રહની ભ્રમણકક્ષામાં પહોંચેલું. સપ્ટેમ્બર ૨૦૧૫માં એટ્રોસેટે જાંબલી આકાશગંગા શોધી કાઢી. ૨૨ જુલાઈ, ૨૦૧૮ના ચંદ્રયાન-૨ ને ઇચ્છિત ભ્રમણકક્ષામાં મોકલાયું. ચંદ્રના ધ્રુવીય ક્ષેત્રમાં પાણીની ખોજ, ખનિજનું મેપિંગ કરશે.

ISRO એ સફળતાપૂર્વક નેવિગેશન વિથ ઇન્ડિયન કોન્સ્ટેલેશન (NAVLC)ની સ્થાપના કરીને તેનું સફળ સંચાલન હાથ ધર્યું છે. **જાન્યુઆરી ૨૦૧૯માં ઇસરોએ માનવ અંતરીક્ષ ઉડાનનું કેન્દ્ર (HSFC)ની રચના કરી છે.** જેનો આશય માનવ સહિતના અંતરીક્ષ ઉડાન કાર્યક્રમની દૂરંદેશીના અમલીકરણની છે. માનવ અંતરીક્ષ ઉડાન ક્ષેત્ર અને કેન્દ્રને ગગનયાન કાર્યક્રમના અમલીકરણની તેમજ ટકાઉ અને સક્ષમ અમલીકરણની અપેક્ષાઓ અવશ્ય સાર્થક થવાની પૂર્ણ સંભાવના છે.

ઇસરો દ્વારા અમલમાં મૂકાતા પ્રત્યેક કાર્યક્રમો સફળ થઇને ભારતની શાન વિશ્વમાં વધારતા રહ્યા છે. વિશ્વના અવકાશ ક્ષેત્રે મહત્ત્વનો પ્રદેશ ભારત બનવા પામ્યું છે.

*"સહજાનંદ", ૬/એ, લીમડા લેન,*
*શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય રોડ, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

સ્વાસ્થ્ય

# વર્લ્ડ સ્લીપ ડે
# (World Sleep Day)



ડૉ. મણિલાલ ગડા
(સિનિયર મનોચિકિત્સક)



ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(બાળકો તથા પુખ્તવય માટેના મનોચિકિત્સક)

વર્લ્ડ સ્લીપ ડે – વિશ્વ નિંદ્રા દિવસ – વર્ષ ૨૦૦૮થી માર્ચ મહિનામાં મનાય છે. વર્લ્ડ સ્લીપ સોસાયટીની વર્લ્ડ સ્લીપ કમિટી તરફથી જાગતિક વિશ્વ નિંદ્રા દિવસ મનાય છે. વિશ્વ નિંદ્રા દિવસના દિવસે સ્ફુર્તિદાયક તથા સ્વાસ્થ્યમય ઊંઘ માટે જાહેર જનતાને જાણકારી તથા ઊંઘની સમસ્યાઓને લીધે થતી વૈદ્યકીય તથા સામાજિક તકલીફો વિશે વૈજ્ઞાનિક જાણકારી અપાય છે તથા ઊંઘની સમસ્યાઓનું નિરાકરણ લાવવાના વૈજ્ઞાનિક ઉપાયો પર ચર્ચા કરવામાં આવે છે. ૨૦૦૮થી દર વર્ષે નવું સૂત્ર પણ આપવામાં આવે છે.

૨૦૨૧માં ૧૯ માર્ચ, શુક્રવારના દિવસે ‘વિશ્વ નિંદ્રા દિવસ’ મનાવવામાં આવશે. ૨૦૨૧નું સૂત્ર છે : **“નિયમિત ઊંઘ, સ્વાસ્થ્યમય ભવિષ્ય”** (Regular Sleep, Healthy Future).

- **ઊંઘ :**

ઊંઘ એ કુદરતી રીતે થતી પ્રક્રિયા છે. **સંપૂર્ણ જાગૃત અવસ્થા તથા બેશુદ્ધ અવસ્થાની વચ્ચેની અવસ્થા એટલે ઊંઘ.** જેમાં માનસિક તથા શારીરિક ચેતના અલગ જ હોય છે. મનુષ્યની બાહ્ય પરિબળો સાથેની પ્રતિક્રિયા લગભગ બંધ થઈ જાય છે. સ્વૈચ્છિક સ્નાયુઓ ઢીલા પડે છે, હલનચલન બંધ થાય છે. શારીરિક કાર્યો (શ્વાસોચ્છવાસની ગતિ, હૃદયના ધબકારા વગેરે) ધીમા પડે છે. વ્યક્તિ જાગૃત અવસ્થામાં પોતાની મેળે આવે છે.

- **ઊંઘનું મહત્ત્વ :**

**મનુષ્ય પોતાની જિંદગીનો ત્રીજો ભાગ ઊંઘમાં ગાળે છે.** પૌષ્ટિક ખોરાક તથા પ્રવાહી (પાણી)ની જેમ ઊંઘ - સારી ઊંઘ આપણા રોજિંદા જીવનનો એક મહત્ત્વનો હિસ્સો છે. માણસ હોય કે પ્રાણી હોય, ઊંઘ લીધા વગર રહી શકતા નથી.

ઊંઘ બ્રેઈનના કોષો - ન્યુરોન માટે મહત્ત્વનો ખોરાક છે. જાગૃત અવસ્થા દરમિયાન ન્યુરોનમાં ઉત્પન્ન થયેલો કચરો (Toxins) ઊંઘ દરમિયાન સાફ થાય છે. ન્યુરોન પોતાની શક્તિ પાછી મેળવે છે. એટલે જાગૃત અવસ્થામાં ન્યુરોન વ્યવસ્થિત રીતે પોતાનું કાર્ય કરી શકે છે.

ઊંઘની અસર હૃદય, ફેફસાના કાર્યો, રોગ પ્રતિકારક શક્તિ, મુડ વગેરે પર થાય છે. સંશોધન દ્વારા જાણવા મળ્યું છે કે ઊંઘની સમસ્યાઓ, અનિંદ્રાને લીધે શારીરિક બીમારીઓ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્થુળતા, માનસિક બીમારીઓ પર નકારાત્મક અસર થાય છે.

- **ઊંઘ માટેના બ્રેઇનમાં આવેલ શારીરિક અવયવો :**

બ્રેઈનમાં આવેલ લિમ્બિક સિસ્ટમના અવયવો જાગૃત અવસ્થા તથા ઊંઘની અવસ્થાને નિયંત્રિત કરે છે.

**હાઇપોથેલામસ** : બ્રેઈનના મધ્યભાગના ઊંડાણમાં આવેલ આ અવયવ જાગૃત તથા ઊંઘની અવસ્થાને નિયંત્રિત કરે છે.

**સુપ્રાકાઇસ્મેટિક ન્યુક્લિયસ (Suprachiasmic Nucleus – SCN)**નું આંખના સ્પેશિયલ ન્યુરોન જોડે સીધું જોડાણ છે. જેથી અજવાળાની માહિતી એક સેકન્ડના દસમા ભાગમાં મળે છે.

**બ્રેઇન સ્ટેમ :** બ્રેઈનના નીચેના ભાગમાં આવેલ બ્રેઈન સ્ટેમ હાઈપોથેલામસ જોડે સતત સંપર્કમાં રહે છે. બ્રેઈન સ્ટેમ ગાબા (GABA) નામનું ન્યુરોટ્રાન્સમિટર્સ બનાવે છે, જેની અસર હાઈપોથેલામસના ન્યુરોન પર થાય છે અને ઊંઘ આવવામાં મદદ કરે છે.

**થેલામસ :** બ્રેઈનના મધ્યભાગમાં આવેલ થેલામસ બહારના વાતાવરણના સંદેશાઓ બ્રેઈનને પહોંચાડે છે. ઊંઘ દરમિયાન થેલામસની પ્રક્રિયા ખૂબ જ ધીમી થઈ જાય છે. એટલે વાતાવરણના સંદેશાઓ બ્રેઈનને લગભગ મળવા બંધ થાય છે તથા ઊંઘમાં ખલેલ પડતી નથી.

**પીનિઅલ ગ્રંથિ** બ્રેઈનના બે ભાગની વચ્ચે આવેલ છે, જેને સુપ્રાકાઈસ્મેટિક ન્યુરોન (SCN) તરફથી નિયમિત સંદેશાઓ મળે છે. અંધારું થતાં મેલેટોનિન નામનું ન્યુરોટ્રાન્સમિટર્સનું પ્રમાણ વધે છે, જે ઊંઘ આવવા માટે અત્યંત જરૂરી છે.

ઉપરોક્ત શારીરિક અવયવોની રચના તથા કાર્યો પરથી જાણી શકાશે કે ઊંઘની પ્રક્રિયા એક અલગ પ્રકારની પ્રક્રિયા છે. જેમાં બ્રેઈનના અલગ અલગ અવયવો તથા અલગ અલગ ન્યુરોટ્રાન્સમિટર્સ ભાગ લે છે. આ અવયવો વચ્ચેના સંદેશાની આપ-લે (જે સેકન્ડના દસમા ભાગમાં પૂરી થાય છે) પર સારી

ઊંઘ નિર્ભર કરે છે.

- **ઊંઘના તબક્કાઓ :**

બ્રેઈન વેવ તથા ન્યુરોનલ પ્રક્રિયા પરથી ઊંઘના તબક્કાઓનું વર્ગીકરણ કરાયેલ છે. રેપિડ આઈ મુવમેન્ટ સ્લીપ (REM) અને નોન રેપિડ આઈ મુવમેન્ટ સ્લીપ (NREM). જેવી રીતે હૃદયનો કાર્ડિયોગ્રામ (ECG) છાતી પર વાયર લગાવીને લેવાય છે, એવી રીતે બ્રેઈન વેવ માથા પર વાયર લગાવીને ઇલેક્ટ્રો એનસેફલોગ્રામ (EEG) લેવાય છે તથા એના પરથી બ્રેઈન વેવની ઊંડાણમાં સ્ટડી કરાય છે.

રાત્રિની નોર્મલ ઊંઘમાં વ્યક્તિ આર.ઈ.એમ. (REM) તથા એન.આર.ઇ.એમ. (NREM)ના તબક્કામાંથી ઘણી વખત પસાર થાય છે.

❖ **સ્ટેજ-૧ NREM-1 :** જાગૃત અવસ્થામાંથી ઊંઘમાં જવાની પ્રક્રિયા બ્રેઈનમાં થાય છે. હૃદયના ધબકારા, શ્વાસોચ્છ્વાસની ગતિ, આંખોની હલનચલન, ધીમે ધીમે ઓછા થતા જાય છે. સ્વૈચ્છિક સ્નાયુઓમાં ઢીલાપણું (Relax) આવે છે. બ્રેઈનમાં જાગૃત અવસ્થાના આલ્ફા વેવ ધીમે ધીમે ઓછા થાય છે. થીટા વેવ વધે છે.

❖ **સ્ટેજ-૨ NREM-2 :** હલકી ઊંઘ (સ્ટેજ-૧)માંથી ઊંડી ઊંઘમાં જવાનો વચ્ચેનો સ્ટેજ છે. હૃદયના ધબકારા, શ્વાસોચ્છ્વાસની ગતિ વધારે ધીમી થાય છે. આંખોની હલનચલન લગભગ બંધ થાય છે. સ્વૈચ્છિક સ્નાયુઓ ઢીલા થાય છે. શરીરનું ઉષ્ણતામાન ઓછું થાય છે. ઇઇજી (EEG)માં સ્લીપ સ્પિન્ડલ તથા કે-કોમ્પ્લેક્સ જોવા મળે છે.

❖ **સ્ટેજ-3 NREM-3 :** ઊંડી ઊંઘનો આ તબક્કો છે. આ તબક્કાને લીધે સવારના ઊંઘમાંથી ઉઠીએ ત્યારે સ્ફુર્તિ વર્તાય છે. રાત્રિની ઊંઘની શરૂઆતના સમયમાં આ તબક્કો રાત્રિના અન્ય ભાગના તબક્કા કરતાં લાંબો હોય છે. આ તબક્કામાં હૃદયના ધબકારા તથા શ્વાસોચ્છ્વાસ સૌથી ધીમા હોય છે. સ્નાયુઓ એકદમ ઢીલા હોય છે તથા વ્યક્તિને આ તબક્કામાંથી ઉઠાડવું અઘરું હોય છે. આ તબક્કામાં બ્રેઈન વેવ ધીમા હોય છે, થીટા તથા ડેલ્ટા વેવ (આલ્ફા વેવને બદલે) જોવા મળે છે.

❖ **આર.ઈ.એમ. (REM) Sleep :** શરૂઆતની ઊંઘના ૯૦ મિનિટ બાદ આર.ઈ.એમ. ઊંઘનો તબક્કો શરૂ થાય છે. આંખોની કીકીઓ એક બાજુથી બીજી બાજુ (જમણેથી ડાબે તથા ડાબેથી જમણી બાજુ) (Rapid Eye Movement) હલનચલન કરે છે. આના પરથી આ તબક્કાનું નામ પડેલ છે. શ્વાસોચ્છ્વાસની ગતિ વધે છે તથા હૃદયના ધબકારા, બ્લડ પ્રેશર વધીને જાગૃત અવસ્થા જેટલું થાય છે.

આ તબક્કામાં સપનાઓ આવે છે. સ્નાયુઓ એકદમ ઢીલા હોવાથી વ્યક્તિ હાથ તથા પગ હલાવી શકતી નથી. એટલે વ્યક્તિ સપનાઓ પ્રમાણે ચાલી શકતો નથી (Temporary Paralysis).

- **સામાન્ય રીતે કેટલી ઊંઘ જરૂરી છે?**

ઊંઘની પ્રક્રિયા તથા ગુણવત્તા ઉંમર પ્રમાણે બદલાય છે.

સામાન્ય રીતે ઊંઘ કેટલા કલાક હોવી જોઈએ એની કોઈ ચોક્કસ માત્રા નથી તથા ચોક્કસ કલાક નથી. નવજાત શિશુ ૧૬થી ૧૮ કલાક ઊંઘ કરે છે, જે બ્રેઈનના વિકાસ માટે મહત્ત્વનું છે. વિદ્યાર્થીઓ તથા કિશોરો સામાન્ય રીતે ૯.૩૦ કલાક ઊંઘ લે છે. પુખ્ત વયના માણસોને ૭થી ૯ કલાકની ઊંઘ જરૂરી છે. ૬૦ વર્ષની ઉંમર બાદ રાતની ઊંઘ ઓછી થાય છે. રાત્રે ઊંઘ ઘણી વખત ઉડી જાય છે. **મોટાભાગના સિનિયર સિટીઝન શારીરિક બીમારીઓ માટે દવાઓ લેતા હોય છે, જેની અસર ઊંઘની ગુણવત્તા પર થાય છે.**

- **સપના (Dreams) :**

વૈજ્ઞાનિક સંશોધનો પ્રમાણે સપનાં દરેક વ્યક્તિને આવે છે. દરેક નોર્મલ વ્યક્તિને રાતની ઊંઘના બે કલાક જેટલો સમય સપના આવે છે. મહત્ત્વનું એ છે કે કોઇકને સપનાની વિગત યાદ રહે છે. મોટાભાગના લોકોને તેની વિગત યાદ રહેતી નથી.

દિવસ દરમિયાન થયેલા પ્રસંગો તથા એ પ્રસંગ સાથે જોડાયેલી લાગણી વિશે સપનાઓ આવે છે. માનસિક સ્ટ્રેસથી પીડાતી વ્યક્તિને ડરાવના સપનાઓ આવે છે.

સપનાઓ આર.ઈ.એમ. સ્ટેજના (REM Sleep) તબક્કામાં આવે છે. **પરોઢિયે આવેલા સપનાઓ ઘણી વખત યાદ રહે છે.** આર.ઈ.એમ. સ્ટેજના તબક્કામાં વ્યક્તિને ઉઠાડવામાં આવે તો ઊંડાણમાં સપનાઓનું વર્ણન કરી શકે છે એવું સંશોધનમા પુરવાર થયેલ છે.

હવે પછીના લેખમાં સ્લીપ હાઈજીન (Sleep Hygeine) તથા ઊંઘની સમસ્યાઓ વિશેની વૈજ્ઞાનિક જાણકારી મેળવીશું.

***(ક્રમશઃ)***

## એક નજર...


ઉપવનમાં
આગ લાગે ને પર્ણો
બધા સળગી ગયા!
હશે
જવાળા ખુશ્બૂની આશિક કે
મધમધતા ગુણો રહી ગયા.

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

યાદગીરી

# સુમિરે.... બલબીરા

## (સ્મૃતિપટ પર સંભારણાં)



સંપાદન :
બલવીરસિંહ જાડેજા

*નોંધ : 'મંગલ મંદિર' એક વધુ રસપ્રદ અને લોકોપયોગી કોલમ ઉમેરવા જઈ રહ્યું છે... તેવી એક વિજ્ઞપ્તિ તેના ગત અંકમાં પ્રકાશિત થઈ હતી. વાચકવર્ગના પોતાના, તેમના પરિવારમાં અથવા સગા-સંબંધી મિત્રવર્ગમાં બનેલા કોઈ યાદગાર / અવનવા બનાવો - પ્રસંગો કે જેના થકી આમ સમાજમાં કોઈ અગત્યનો મેસેજ કે પ્રતિભાવ પહોંચે તેવી વિગત સામાજિક, સાહિત્ય ક્ષેત્રે, રમત-ગમત કે અન્ય ક્ષેત્રની વૈવિધ્યસભર વિગત સ્મૃતિપટ પર રહી ગઈ હોય તો અંદાજે ૫૦૦ શબ્દોમાં પાનાની એક બાજુ સ્પષ્ટ રીતે તે વિગત લખીને પોતાના નામ, સરનામા, ફોન નંબર અને વિગત લખનારની એક તસવીર સાથે 'મંગલ મંદિર' કાર્યાલયમાં મોકલાવવાથી આ નવી કોલમ હેઠળ પ્રકાશિત કરવામાં આવશે. સમાજમાં અંધશ્રદ્ધા ફેલાવતા કોઈપણ પ્રકારના લખાણ સ્વીકૃત થશે નહીં.*

*ઉપર મુજબ પોતાના સંભારણાંની વિગત મોકલાવવા દરેકને નમ્ર અનુરોધ છે. આ નૂતન કોલમનું સંપાદન જાણીતા સાહિત્યકાર શ્રી બલવીરસિંહ જાડેજા કરી રહ્યા છે.*

**સત્ય ઘટના પર આધારિત....**

## 'સાથ'



ઇલા કે. શાહ
ખંભાત

જીવન એક વહેતી નદી જેવું છે. જીવાતી જિંદગીમાં કદી છાંયડો, તો કદી તડકો; કદી સુખ તો કદી દુઃખ; તો વળી ક્યારેક ફોરમનો ફાગણ હોય તો ક્યારેક અષાઢી વાદળાં પણ હોય. આ જ રીતે અટપટી, અવનવી વિટંબણાઓથી ઘેરાયેલા વાતાવરણમાં બનેલી કેટલીય ઘટનાઓ આપણે કદી વિસરી શકતા નથી. મારા જ જીવનમાં બનેલા પ્રસંગોને મારા સ્મૃતિપટ પર અનોખું સ્થાન મળ્યું છે, જેને હું જાણે વાગોળ્યા જ કરું!

મારા જ પરિવારમાં ગુંથાયેલો એક યાદગાર પ્રસંગ કદી ન વિસરાય તેવો છે.

મમતાળુ માતા મધુબા અને પ્રેમાળ પિતા મોહનભાઈની હુંફાળી હૂંફ સાથે આઠ ભાઈ-બહેન ખૂબ આનંદથી રહેતા હતા. ભર્યાભાદર્યા કુટુંબની ઇમારતનો પાયો મારા બાએ જ નાખેલો. પાંચ બહેનો અને ત્રણ ભાઈ અમે અને સાથે ઘરડાં દાદી અને અંધ ફોઈ પણ હતા.

સંસારનું ચક્ર સુમેળથી ફરી રહ્યું હતું. ત્યાં અચાનક એક કરુણ ઘટના ઘટી. મારા પિતાશ્રીએ જીવનલીલા સંકેલી લીધી. મધુબાનાં માથે જાણે આભ તૂટી પડ્યું. મોટો દીકરો હજુ S.S.C. ની પરીક્ષા આપવાનો હતો. નાનો દીકરો છ માસનો હતો. આટલી નાની ઉંમરમાં વૈધવ્ય વેઠવાનું આવ્યું. ત્રણ પુત્ર અને પાંચ પુત્રીની તથા વૃદ્ધ સાસુ અને અંધ નણંદની જવાબદારી મૂકીને જ્યારે પ્રાણપ્યારા મારા પિતાએ કાયમી વસમી વિદાય લીધી ત્યારે તો મધુબાનું રૂદન કાળજું કંપાવી નાખે તેવું હતું. પણ શું કરે? રડીને બેસી રહે તેવું કઈ રીતે ચાલે? પોતાનાં નાનકડાં ભોળાં શિશુઓને નિહાળતા જ તેમની આંખો સજ્જડ થઇ ગઈ. આંસુના બંધને રોકવા પ્રયત્ન કર્યો. હિંમતને ટેકેદાર બનાવી. પરિશ્રમને પકડી લીધો. આ બધા બાળકોને કેવી રીતે ઉછેરીશ, શું ખવડાવીશ, કેવી રીતે ભણાવીશ વગેરે અનેક પ્રશ્નોની ઝડી તેમના મનમાં વરસી ગઈ.

પ્રભુની અકળ લીલાનો તાગ કોણ પામી શક્યું છે? ઇશ્વરીય સંકેતને સમજી જઈ નાના ભૂલકાંઓને ઉછેરવામાં, સુસંસ્કારોનું સિંચન કરવા જાણે મચી પડ્યા. મોટો દીકરો કેવલ માત્ર સત્તર જ વર્ષનો. તે તો જાણે હબકી જ ગયો. તે સૌથી મોટો. પછી પાંચ નાની બહેનો અને બે નાના ભાઈઓની જવાબદારી કઈ રીતે લઈ શકે? દરેક જણ શૈશવકાળને રળિયામણું બનાવે, પણ તે પહેલા જ પિતાની છત્રછાયા ગુમાવી. મારા બા મધુબા કરકસર, સ્વાવલંબન, પરિશ્રમ વગેરે ગુણો કેળવવા મહેનત કરવા માંડ્યા.

ખાસ તો કદી ન વિસરાય તેવી વાત, કે અમારા મોસાળ પક્ષેથી ખૂબ સારી મદદ મળી. બા ના ભાઈઓ એટલે કે અમારા

મામાઓએ બહેનના દુઃખને હળવું કરવા માટે ઔપચારિક શબ્દો ન વાપર્યા. પરંતુ મનથી, મૂંગા મોંએ સહાય કરી. મોટા મામાએ આખી જિંદગી સોનું (ગોલ્ડ) ગ્રહણ નહીં કરવાનો નિર્ણય લીધો. ખૂબ સંપત્તિ હોવા છતાં જરા પણ ઘમંડ નહીં. આર્થિક મદદ મળતાં દરેક જણ એટલે કે અમે બધા ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી શક્યા. ખૂબ ભણો, પૈસાની ચિંતા કરશો નહીં તેવું કહેતા. જીવન જરૂરિયાતની અનેક વસ્તુઓ મેળવી આપવા જરા પણ કસર ન રાખી. ત્રણેય મામાની સ્નેહભરી સહાય અને સહાનુભૂતિ મળી. પ્રત્યેક મામી તરફથી પણ સહયોગ અને સાંત્વન મળ્યા. આ રીતે મોસાળપક્ષ તરફથી ખરા સમયે સહજ સહકાર મળ્યો. **પ્રેમ અને હૂંફ સાથે મળેલો સાથ કદી વિસરાય ખરો?** કશું પરત આપવાની ભાવના વગર નિઃસ્વાર્થ સેવા કરી, છતાં બહાર સમાજમાં ક્યાંય ઢોલ ન પીટાવ્યો ને કદી બોલ્યા નથી કે બહેનનાં પરિવારને અમે ઊંચો લાવ્યા. કેટલી મહાનતા!

કાળનું ચક્ર ગતિમાન બન્યું. મોટાભાઈ કેવલે ડિગ્રી મેળવી નોકરી પ્રાપ્ત કરી અને પરિવારની તમામ જવાબદારી વહોરી લીધી. તે દરમિયાન તેમણે પ્રભુતામાં પગલાં માંડ્યા. સુશીલ અને સંસ્કારી વહુ આવવાથી સોનામાં સુગંધ ભળી. વારાફરતી બધા ભાઈ-બહેનોનાં સંસાર મંડાયા. પરંતુ કેવલભાઈએ પોતે કશી મોજમજા માણી નહોતી. **સોનેરી સ્વપ્નોને ઠુકરાવી, પરિવારના પાયાને મજબૂત બનાવ્યો. કુટુંબના સંપને ટકાવી રાખ્યો.**

મધુબાને પ્રભુમાં અત્યંત શ્રધ્ધા હતી. તેથી તેનું કૃપાબળ પ્રાપ્ત થતાં તેમના જીવનનાં દુઃખના વાદળો વીલિન થયા અને સુખની વીજળીઓ ઝબુકવા લાગી. દીકરીઓના ગૃહ સંસારમાં પણ નિજ સાફલ્યબળથી ફોરમ ફેલાતી હતી. બીજી બે વહુઓ પણ સંસ્કારનાં પાણી પીને આવેલ હતી. **તે બધા સાથે દૂધમાં સાકર ભળે તેમ ઓતપ્રોત થઈ ગઈ.** બાના હૈયે હવે પૂર્ણ પરિતોષનો ચંદ્ર આકાર લેતો હતો.

ત્યાં જ એક દિવસ મોટાભાઈ કેવલે બાને કહ્યું કે આજે તેમના મિત્ર શ્યામલે બહુ કડવી વાત કહી. તેનામાં નરી ઈર્ષાની ગંધ હતી. મેં તો તાબડતોબ જવાબ આપી દીધો. 'પણ કહ્યું શું હતું? તે કહે બેટા.' બાએ પૂછી લીધું.

મને કહે કે, 'કેવલ, હવે તારો અલગ સંસાર શરૂ કર. ક્યાં સુધી આવા ઢસરડા કરીશ?' મેં તેને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવી દીધું કે, 'ના, એ શક્ય નથી. મારી બાએ નાની ઉંમરમાં કેટલાં દુખ વેઠ્યા છે. **આ મારી ફરજ અને જવાબદારી ગણાય. હું ઘરમાં મોટો, મારા પિતાની જગ્યાએ ગણાઉં. આને ઢસરડાં કહું તો મારી માતાના સંસ્કારને લાંછન લાગે.** હું તો આવી દેવી જેવી માતાને કે ભરત, લક્ષ્મણ જેવા ભાઈઓને તેમજ મારી વહાલી બહેનોને મૂકીને ખાઈ પણ ન શકું.' મારી આવી જડબેસલાક વાણીથી તે ડઘાઈ જ ગયો. કુટુંબપ્રેમ જોઈ, સાંભળી નવાઇ પામ્યો ને ચૂપ જ થઈ ગયો. બાએ નતમસ્તકે સાંભળ્યું, ને આવા બેટા માટે અભિમાન થયું.

બોલો, આવા ભાઈને જિંદગીભર ભૂલી શકાય? આ જમાનામાં આવો પુત્ર કે ભાઈ મળવો દુર્લભ છે. અમારા પરિવારના બંગલાનું નામ જ "સાથ" છે. ત્યાં અશાંતિને પ્રવેશવા જગ્યા જ નથી. **શ્રદ્ધાની રેતીથી રોળાયેલું, સંપની ભાવના પ્રદર્શિત કરતું, નંદનવન સમું આ કુટુંબ કદીએ ડગમગે નહીં** અને કોઈની કટુ નજરની ઝાંખી પણ ન પામે તેવું પરિવારજનો ઝંખે છે. દેશની ઉચ્ચ સંસ્કૃતિની સ્મૃતિનું સ્મરણ કરાવે તેવા મારા બા મધુબાને જોતાં પાડોશી વૃદ્ધ કાકાએ તો કહેલું કે, આ માતાને તો 'માતૃપ્રેમ'નો ઍવોર્ડ આપવો જોઈએ. હૈયાની હાટડીનાં સ્વજનોને સુમધુર સંબંધોના સથવારે લઇ જનાર કોણ છે?

**બાએ તો પરિવારની ઇમારતને મજબૂત રાખવા નર્યા સ્નેહનો સિમેન્ટ વાપર્યો છે. પ્રેમના પાણી સીંચ્યા છે. સહકારની ઇંટોનો ઉપયોગ કરી સંસ્કારની દીવાલ ચણી છે.** જ્યારે 'સાથ' નામના નાનકડાં બંગલામાં હાસ્યના ફુવારા ઊડે, સ્નેહની શહનાઈ બજે, આસોપાલવ અને ફૂલોથી શણગારેલું આખું ઘર સુમેળની સુગંધ ફેલાવે ત્યારે તો નાના-મોટા, ઘરના-બહારના દરેકના હૈયે આનંદનો ઉદધિ ઉછાળા જ મારે.

પણ હવે?....

હવે બા વિના સંસાર સૂનો છે. મોસાળ પક્ષની મહેંક હવે નથી રહી, કારણ કોઈ વડીલો હયાત જ નથી. પરંતુ તેમના દીકરા-દીકરીઓએ સંબંધોની સાંકળ બાંધેલી રાખેલી છે.

આવો મદદના માણિગરનો, પ્રેમાળભર્યો પ્રસંગ યાદગાર બની જ રહેને? ભલે તે પુરાણો હોય, પણ સ્મૃતિપટ પર જડાયેલો જ રહે છે.

*C/o. શાહ કિશોરભાઈ એસ.*
*શ્રદ્ધા ધારિયાવાડો, જૂની મંડાઈ સ્કૂલ પાસે,*
*ખંભાત-૩૮૮ ૬૨૦. મો. ૯૯૭૯૩ ૫૬૩૬૦*

## હાઇકુ

જીવન ધરા
પાપ કર્મથી ધ્રૂજે
સદાય હવે!

પ્રણય કહે
અશ્રુ ચુમે હવે તે
હૃદય મહીં!

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

સંસારબાગ

# ગરમ સ્વેટર



એમ. ડી. સોલંકી

*(નોંધ : પતિ-પત્નીનો જીવનબાગ સોળે કળાએ ખીલી ઉઠે તેવી સચોટ વાત નિષ્ણાત લેખકશ્રીએ પ્રસ્તુત લેખમાં કરી છે. – તંત્રી મંડળ)*

રવિવારની સવારે મનોજભાઈ પોતાનો નિત્યક્રમ પતાવીને ખુરશીમાં બેસી શિયાળાનો તડકો માણતા આંગણામાં છાપું વાંચતા બેઠા હતા. પોષ મહિનાના આખરના દિવસો હતા. વાતાવરણમાં ઠંડીનો ચમકારો વધતો જતો હતો. મનોજભાઈની નજર છાપાંની હેડલાઈનો પર ફરતી હતી. માઉન્ટ આબુમાં ૦.૫ ડિગ્રી તાપમાન, કાશ્મીર ખીણમાં ભારે બરફવર્ષા, દાલ લેક થીજી ગયું. ડીસામાં હાડ થીજવતી ઠંડીએ અગિયાર વર્ષનો રેકોર્ડ તોડ્યો. કચ્છનું નલિયા ઠંડુગાર! તીવ્ર ઠંડી ગરીબો માટે આફતરૂપ...

મનોજભાઈની ખુરશીની નજીક જમીન પર સાદડી પાથરીને શાક સમારતા મધુબહેનની નજર એમની પડખે પડેલી છાપાંની જિલ્લા આવૃત્તિમાં છપાયેલી એક જાહેરાત પર પડી. એમણે મનોમન એ જાહેરાત વાંચી લીધા પછી મનોજભાઈને કહ્યું – 'આ શરણમ્ ફ્લેટની સામેના ખુલ્લા મેદાનમાં રાજસ્થાની વેપારીઓએ ગરમ કપડાંની વેરાયટીના સેલ ઊભા કર્યા છે. આજે તમારે રજા છે. જમ્યા પછી ત્યાં જઈને તમે તમારી પસંદગીનું એકાદ ગરમ સ્વેટર લઈ આવો. ઠંડીમાં તમારે સ્કૂલમાં જવાનું થાય છે ત્યારે તમે ઠરી જાઓ છો.'

'હું અને ગરમ સ્વેટર? ના, ના મારે ગરમ સ્વેટરની કોઈ જરૂર નથી.' મનોજભાઈ બોલ્યા.

'હા, તમે તમારા માટે એક ગરમ સ્વેટર લઈ આવો.' વાતને દોહરાવીને મધુબહેન રસોડામાં ગયા.

એકલા પડેલાં મનોજભાઈ છાપાનું પાનું હાથમાં પકડીને મનોમન વિચારતા રહ્યા – 'ભયલુના દાદીની વાત આમ તો સાવ સાચી જ છે. ઠંડીમાં વહેલી સવારે સ્કૂલમાં જતા તકલીફ તો ઘણી પડે છે. કાણાં પડી ગયેલું વરસો જૂનું સ્વેટર શર્ટની અંદર પહેરીને હું ચલાવ્યે રાખું છું. બે દિવસ પહેલાં જ શાળાના એક શિક્ષિકાબહેને સવારમાં ઠંડીમાં ધ્રુજતાં ધ્રુજતાં ઓફિસમાં આવીને કહેલું – સાહેબ, જુઓને કેવી સખત ઠંડી પડે છે. આવી જોરદાર ઠંડીમાં શાળામાં આવતા સીસકારા બોલાઈ જાય છે! તમે તો ગરમ સ્વેટર જેવું કશુંય પહેરતાં પણ નથી. શું તમને ઠંડી નથી લાગતી?' અને ત્યારે મેં માથા પરનું મફલર સરખું બાંધતા કહેલું – 'બહેન, ઠંડી તો મનેય લાગે જે છે. હું શર્ટની અંદર સ્વેટર પહેરીને જ આવું છું.' ઓફિસમાંથી એ શિક્ષિકાબહેનના ગયા પછી હું મનોમન બોલી ઊઠેલો - 'ટૂંકા પગારમાં બે છોકરાઓને શહેરની ખાનગી હોસ્ટેલમાં ભણાવવાના ખર્ચને પહોંચી વળવા થોડીક તો કરકસર કરવી પડે ને?'

છાપાં વાંચીને મનોજભાઈ પરવાર્યા ત્યારે શિયાળાનો સૂરજ બરાબર માથે આવી ગયો હતો. એ ઘરમાં જવાનું વિચારતા હતા ત્યાં જ રસોડામાંથી પોતાનું કામ પતાવીને મધુબહેન ઓસરીમાં આવ્યા અને કહ્યું, 'લ્યો ત્યારે, હવે તમે જમી લો. એટલે પછી હું પણ મારા કામથી પરવારું.'

મનોજભાઈએ હકારમાં માથું હલાવ્યું. બંનેની નજર એક થતાં જ મધુબહેન હસી પડ્યા. એમણે કહ્યું, 'હું બપોર પછી બાજુવાળા સવિતાબહેનની સાથે શરણમ ફ્લેટની સામેના ખુલ્લા મેદાનમાં યોજાયેલ ગરમ કપડાંના સેલમાં જોવા જઈશ. તમે ઘેર આરામ કરજો.'

'એ સેલમાં માત્ર કપડાં જોવા જ ના જશો પણ એ ગરમ કપડાંની વેરાયટીમાંથી તમને પસંદ પડે એવું સારું સ્વેટર તમારા માટે લેતા આવજો. ટેબલના ખાનામાંથી પૈસા લેતા જજો.'

બપોરના ત્રણેક વાગે મધુબહેન સોસાયટીની અન્ય બહેનો સાથે ગરમ કપડાંના સેલમાં ગયા. ઘરમાં સોફા પર બેસી રહેલા મનોજભાઈ વિચારી રહ્યા... 'મારી સાથે લગ્ન કરીને આવ્યા ત્યારથી માંડીને આજ સુધી ભયલુના દાદીએ ક્યારેય હક્ક કરીને મારી પાસે કોઈ ચીજવસ્તુની માંગણી કરી જ નથી. જાણે કે એ માંગણી કરવાનું શીખ્યા જ નથી! ઓછા પગારની નોકરીમાં ઘર ચલાવવા અને શહેરની ખાનગી હોસ્ટેલમાં રહીને ભણતા અમારા બે બાળકોના ભણતરના ખર્ચને પહોંચી વળવા એમણે ઘર-આંગણે બે બે ભેંસો બાંધી હતી. બે દુઝણી ભેંસોની માવજત છાણ - વાસીદુ કરવામાં અને લીલો ઘાસચારો લાવવામાં એ ક્યારેય પાછા પડ્યા જ નથી. ગામની દૂધની ડેરીમાં સવાર-સાંજ દૂધ ભરીને એમણે ઘરમાં આર્થિક સહયોગ કર્યો છે. ઘરના ખેતરમાં રોપવું, કાપવું અને લણવાના એ બધાય કામમાં એ જ હંમેશાં આગળ રહ્યા છે. મેં તો માત્ર નોકરી જ કરી છે.

સામાજિક વ્યવહારો એમણે જ બા-ખૂબીથી નિભાવ્યા છે. પોતાના પતિ સરકારી નોકરી કરે છે એવું ગુમાન એમણે ક્યારેય રાખ્યું જ નથી. એટલું જ નહીં સ્ત્રીસહજ વૃત્તિથી ક્યારેય નાના-સરખાં ઘરેણાંની પણ માંગણી કરી નથી. એમણે તો બસ એમના બે સંતાનોના ઉછેર અને એમના અભ્યાસ પાછળ જ એમનું જીવન સમર્પિત કરી દીધું છે. એમના પરિશ્રમના કારણે જ અમારા બંને સંતાનો સરકારી નોકરીમાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયા છે. એવું કહું તો પણ જરાય ખોટું ના કહેવાય!...

મનોજભાઈની બંધ આંખો સમક્ષ કેટલાંક દૃશ્યો જીવંત બનીને ઊભરી આવ્યા. શિક્ષક તરીકેની નોકરીમાં ગામડાંમાં વસવાટ દરમિયાન નવરાશના સમયે ચોમાસાના બળતણ માટે બળબળતાં બપોરે વેરાન વગડાંમાંથી ઢગલોએક અડાયા છાણાં લઈને આવતાં મધુબહેન દેખાયા. અષાઢ મહિને સાંબેલાધાર વરસતા વરસાદમાં ડાંગરની ક્યારીમાં માટી ખૂંદીને ધ્રુજતા હાથે ડાંગરની રોપણી કરતાં, ભાદરવે મહિને ઓતરા-ચિતરાની શરીરની ચામડીને બાળી મૂકે એવી ગરમીમાં ખેતરમાં નિંદામણ કરતા અને હાડ થીજી જાય એવી શિયાળાની કડકડતી ઠંડીમાંય જેવી તેવી લીલા રંગની શાલ ઓઢીને વહેલી સવારથી જ કામમાં જોતરાયેલા મધુબહેન તરવર્યા. અને મનોજભાઈ એકલાં એકલાં સહસા બોલી ઊઠ્યા, “મધુ, આમ તો તું એક જ છે, પણ તારા સ્વરૂપ અનેક છે!”

થોડીવાર પછી મનમાં કંઈક નિર્ણય કરીને મનોજભાઈ સ્નેહા કોમ્પ્લેક્સ તરફ નીકળી ગયા.

પોણાં કલાક પછી ઘેર આવેલા મનોજભાઈએ જોયું તો એમના ઘરનો દરવાજો બંધ હતો. એટલે કે સોસાયટીની બહેનો સાથે ગરમ કપડાંના સેલમાં ગયેલા મધુબહેન હજુ ઘેર આવ્યા નહોતા. ઘરનો દરવાજો ખોલીને મનોજભાઈ અન્ય કામમાં પરોવાઈ ગયા. પંદરેક મિનિટ પછી સોસાયટીના દરવાજેથી જ વાતો કરતાં કરતાં ચારેક બહેનો સાથે મધુબહેન પણ ઘેર આવી ગયા.

મધુબહેને બનાવેલી ચા પીધાં પછી મનોજભાઈ ઓસરીમાં હિંચકા પર બેસીને શાક માટેના ચણા ફોલતાં હતા ત્યાં જ એમના પાડોશી સવિતાબહેને આવીને પૂછ્યું, ‘મનોજભાઈ, તમને ગરમ સ્વેટરનો કલર ગમ્યો?’

‘સ્વેટરનો કલર? કોનું સ્વેટર? ના, ના, સ્વેટરવાળી વાતની તો મને કાંઈ જ ખબર નથી. અને સ્વેટર તો મેં જોયું પણ નથી.’

‘લ્યો, તમને મધુબહેને ગરમ સ્વેટર બતાવ્યું જ નથી?’ નવાઈ પામતા સવિતાબહેન બોલ્યા.

‘ના, એમણે ચા બનાવી અને અમે બંનેએ પીધી. એટલી જ વાતની મને ખબર છે.’

એટલામાં ઘરમાંથી પોલિથિનની એક બેગ લઈને મધુબહેન ઓસરીમાં આવ્યા. એમણે મનોજભાઈના હિંચકા પર પોલિથિનની બેગ મૂકતાં કહ્યું, ‘લ્યો, તમારા માટે હું ગરમ સ્વેટર લાવી છું.’

‘ગરમ સ્વેટર? અને એ પણ મારા માટે? મારે તો ગરમ સ્વેટરની કોઈ જરૂર નહોતી.’ મનોજભાઈ ઉતાવળે બોલી ગયા.

‘હા, તમારા માટે. તમારે સવારમાં વહેલું સ્કૂલમાં જવાનું હોય એટલે આવી કડકડતી ઠંડીમાં ગરમ સ્વેટરની જરૂર પડે.’

પણ મારી પાસે તો જૂનું સ્વેટર છે. એનાથી જ હું ચલાવી લેત. મેં ગરમ સ્વેટર તો તમારા માટે જ લાવવાનું કહ્યું હતું. અને બીજી વાત, ટેબલમાં તો પૈસા પણ ઓછા હતા. તમે લાવેલું ગરમ સ્વેટર તો વધારે કિંમતનું લાગે છે. આ બધું કેવી રીતે ગોઠવ્યું?

‘મારી પાસે થોડી બચતની રકમ હતી, એ ઉમેરીને હું તમારા માટે આ ગરમ સ્વેટર લાવી છું. મારે મારા માટે ગરમ સ્વેટરની કોઈ જ જરૂર નથી. મારે તો જેમ ચાલે છે તેમ આ લીલા રંગની શાલથી ચાલશે. અને હવે તો આ શિયાળો પણ અડધો પૂરો થઈ ગયો છે. સ્વેટરનો કલર તો તમને પસંદ પડ્યો ને?’ મોં પર આછા મલકાટ સાથે મધુબહેન બોલ્યા.

‘લે વળી, મને કલરની ક્યાં ખબર પડે છે? તમે જેવા કલરનું સ્વેટર લાવ્યા છો એને હું સોનાનું માનીને પહેરીશ. અને આમેય આજસુધી તમારી પસંદગીમાં ક્યારેય ભૂલ તો પડી જ નથી ને!’ હિંચકા પરથી ઊભા થતાં થતાં મનોજભાઈએ હસતા હસતા કહ્યું.

હિંચકા પરથી ઊભા થઈને ઘરમાં ગયેલા મનોજભાઈ ઘરના કબાટમાંથી ત્રણ પોલિથિનની બેગ લઈ બહાર ઓસરીમાં આવ્યા. ત્યાં સુધીમાં સામેના મકાનના ઉપરના માળે રહેતા ભાવનાબહેન અને એમના સંબંધી હીનાબહેન પણ ઓસરીમાં આવી ગયા હતા. એ સૌની વચ્ચે પોલિથિનની ત્રણ બેગ મૂકતાં મનોજભાઈએ કહ્યું, ‘આ ત્રણ ગરમ સ્વેટરમાંથી એક સ્વેટરનો કલર પસંદ કરી, બાકીના બે મને પાછા આપો.’

સવિતાબહેને પોલિથિનની ત્રણેય બેગ ખોલીને એમાંથી સ્વેટર કાઢ્યા અને બોલી ઊઠ્યા, ‘અરે, આ ત્રણેય તો લેડિઝ સ્વેટર છે.’

‘હા, હું ક્રિશ્વાના દાદી માટે સ્નેહા કોમ્પ્લેક્સમાંથી આ ત્રણેય ગરમ સ્વેટર લાવ્યો છું.’

‘સ્નેહા કોમ્પ્લેક્સમાંથી ગરમ સ્વેટર? અને એ પણ મારા માટે?’ નવાઈ પામતાં મધુબહેન બોલી ઊઠ્યા.

‘ત્રણેય સ્વેટરના કલર તો ખૂબ સરસ છે. અમને તો ત્રણેય સ્વેટર ખૂબ જ ગમી ગયા છે.’ સ્વેટર જોઈને હીનાબહેને કહ્યું.

‘હા, હોં. આપણે શરણમ્ આગળથી જે ગરમ સ્વેટર લાવ્યા છીએ એના કરતાં તો આ સ્નેહા કોમ્પ્લેક્સવાળા સ્વેટર કેટલા સરસ છે! અમે તો જાણે છેતરાઈ ગયા હોઈએ એવું લાગે છે.’ ભાવનાબહેને કહ્યું.

'પણ તમે તો પરમ દિવસે જ કહેતા હતા કે સ્નેહા કોમ્પ્લેક્સમાંથી ગરમ કપડાંની ખરીદી કરવાનું મોંઘું પડે એવું છે અને તોય તમે....'

'હા, સ્નેહા કોમ્પ્લેક્સમાંથી ગરમ કપડાંની ખરીદી મોંઘી તો પડે પણ એ તો મારા માટે ખરીદવાનું હોય ત્યારે! બાકી ક્રિશ્વાના દાદી માટે ખરીદી કરવાની હોય તો જરાય મોંઘી ના જ પડે.' મનોજભાઈએ હસતાં હસતા મધુબહેનના પ્રશ્નનો જવાબ આપતા કહ્યું.

'સ્વેટર તો ત્રણેય સરસ છે. મનોજભાઈ, તમે એમ કરોને, આ ત્રણેય સ્વેટર મધુબહેન માટે રાખી જ લ્યો. વારાફરતી પહેરવા ચાલશે.'

'વાત તો તમારી સાવ સાચી છે, સવિતાબહેન. એવું કરીએ તો પણ જરાય ખોટું તો નથી જ. એમના ઉપકાર આ ઘર અને અમારી ઉપર ઘણા છે. **ઉનાળાના બળબળતા બપોરે કોઈ ઘટાદાર વૃક્ષ જાતે તડકો વેઠીને પણ એની નીચે બેસનારને તો શીતળ છાંયડો જ આપે છે.** બસ, એવી જ રીતે ક્રિશ્વાના દાદીએ અમારા સૌના માટે – આ ઘર માટે ઘણું કર્યું છે. જાણે કે એમણે એમનું સમગ્ર અસ્તિત્વ જ આ ઘરને સમર્પિત કરી દીધું છે. એમણે અમારા માટે જ પરિશ્રમ કર્યો અને પરસેવો વહાવ્યો છે.' ગંભીર બનીને મનોજભાઈએ કહ્યું.

'મનોજભાઈ, એક વાત પૂછું? તમને મધુબહેન માટે એક જ સ્વેટર લાવવાનું હતું તો પછી બીજા બે વધારાના સ્વેટર કેમ લાવ્યા?' ભાવનાબહેને પૂછ્યું.

'જુઓ ભાવનાબહેન, કોઈ વખત એવું થાય છે કે બહેનોને કપડાં ખરીદવાના હોય તો પહેલી વખત એ કાપડની દુકાને કપડાં જોવા જાય, બીજી વખત એ જ દુકાને કપડાં ખરીદવા જાય અને પછી કપડાંનો કલર પસંદ ના પડે તો પછી એ દુકાને જ કપડાંનો કલર બદલાવવા ત્રીજી વખત પણ જાય. આવો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત ન થાય અને સૌની હાજરીમાં જ ગરમ સ્વેટરનો યોગ્ય કલર પસંદ થઈ જાય એટલે હું એકના બદલે ત્રણ સ્વેટર લાવ્યો.' તમને સૌને મારી વાત કેવી લાગી?

મનોજભાઈની વાત સાંભળીને આખીય ઓસરી ખડખડાટ હસી પડી. મધુબહેને બનાવેલી ચા પીધા પછી સૌ વિખરાયા. ઘેર પહોંચેલા સવિતાબહેન મનોમન વિચારતા હતા, **ઘર સંસારમાં પતિ-પત્ની એકબીજાની ભાવના સમજે અને પરસ્પર એની કદર કરે તો સંસારબાગ સોળે કળાએ ખીલી ઊઠે.** પ્રસન્ન દાંપત્ય જીવનની મહેંક પ્રસરાવતા અમારા પાડોશી પતિ-પત્ની જાણે કે એકમેકથી સવાયા હોય એવું લાગે છે.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, મુ. કલિકુંડ,*
*તા. ધોળકા, જિ. અમદાવાદ.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## કડવાશ

**(અનુસંધાન : પાના નં. – ૧૯ ઉપરથી ચાલુ)**

ત્રણેક મહિના પછી કાંતિભાઈએ બંને મિત્રોને મળવા આવવાનું કહેવડાવ્યું. વિશાલ - નયનને થયું, કાંતિભાઈને શું કામ હશે? બંને ગયા.

ચોળાઈ ગયેલું, બે બટનવાળું પહેરણ, મેલોઘેલો લેંઘો, હાથની ધ્રુજારી વધી ગયેલી. ચશ્માંની પાછળ આંખોમાં જીવાઈ ચૂકેલી જિંદગી હવે જાણે વધુ જીવવા ન માંગતી હોય તેવું કહેતી હતી. છતાં રૂઆપ તો એવો ને એવો જ!

'કાંતિભાઈ, તમને આ શું થઈ ગયું?' વિશાલ-નયને પૂછ્યું. 'પછી બધી વાત. મેં જામફળનું જ્યુસ બનાવ્યું છે તે પીઓ.'

'ભાઈઓ, મેં તમને એટલા માટે બોલાવ્યા છે, કે મને બે ઍટેક આવી ગયા છે. હવે ત્રીજો આવે તે પહેલાં સ્લાઇડ્સ, ફોટોગ્રાફ્સ જેમાં દેશની અસ્મિતા છે, તે મારા મત પ્રમાણે સોંપવા મેં બે-ત્રણ વ્યક્તિને કહેલું પણ...!' કાંતિભાઈ રડી પડ્યા. વળી બોલ્યા : 'કોઈનેય આ બધું ન સંભાળવું હોય, તો હું પરદેશ મોકલી દઉં!' કાંતિભાઈના હાથમાંથી લાકડી પડી ગઈ.

વિશાલ-નયનને ડૉ. કાંતિભાઈનું લાખોની કિંમતનું, એક વખત ધમધમતું મકાન સ્મશાન જેવું ભાસવા લાગ્યું. તેઓ બંને માંડ-માંડ કાંતિભાઈ પાસેથી નીકળી શક્યા.

વિશાલ-નયને દરવાજો ખોલ્યો. ત્યાં તો ખભા ઉપર થેલો, હાથમાં કેમેરો લઈ ઊભેલા એક યુવાને પૂછ્યું : 'પ્લીઝ, મને કહેશો કે ફોટોગ્રાફર કાંતિભાઈ અહીં રહે છે?'


વિશાલે કહ્યું કે, 'હા. પણ આપને શું કામ છે?' દીપકે પોતાનો પસ્તાવો પ્રગટ કર્યો : 'દેશની અસ્મિતાને જેમણે પોતાના કેમેરામાં કેદ કરી છે, અમેરિકાએ જેમને **'મેન ઓફ ધ ઇયર'**નો ખિતાબ અર્પણ કરી બહુમાન કર્યું છે, તેમને હું વંદન કરવા આવ્યો છું. હું 'લાઇટ' મેગેઝિનનો ફોટોજર્નાલિસ્ટ છું. મેં આવા મહાન કલાકારની મુલાકાત લીધી નથી તેનું મને ભારોભાર દુ:ખ છે. શું હું તેમના દર્શન કરું? તેમની કદર કરું? **આપણું રાષ્ટ્ર, સમાજ, કુટુંબ, નવી પેઢી આવા મહાપુરુષની પૂજા કરતાં ક્યારે શીખશે?'**

દીપક, ડૉ. કાંતિભાઈના ઘરના ફળિયામાં પ્રવેશ્યો. સો વર્ષ જૂનું મકાન, ગોઠણ સુધીનું ઘાસ. તેને તાલાવેલી જાગી. જલ્દી કાંતિભાઈના દર્શન કરું. પગથિયા ચડતા દીપકના હાથમાંથી કેમેરો પડી ગયો. અધખૂલા બારણામાંથી અવાજ આવ્યો : 'જે હોય તે પાછા જાઓ. બધા સ્વાર્થી છો, ખોટા છો. સૌ મારી મિલ્કતને જ જુએ છે. માણસ મરી જવાનો છે, એટલે તેની કોઈ કિંમત નહીં. જે હોય તે પાછા જાઓ... પાછા જાઓ... આપણે કલાભાન ગુમાવી દીધું છે. નૈતિક રીતે, બધી જ રીતે હવે પતન છે... પતન છે... પતન છે...'

*'શ્રી પવનતનય', પ્લોટ નં. ૬૫ ડી/એ, વિમલ નગર*
*શેરી નં.-૩, આલાપ સેન્ચુરી પાછળ, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૯૭૪૦ ૦૯૦૪૨*

મનોબળ

# સંકલ્પનો મહિમા



ભરત અંજારિયા

શ્રી રામ ચરિત માનસના સુંદરકાંડમાં એક પંક્તિ આવે છે : "રામ સત્ય સંકલ્પ પ્રભુ, સભા કાલબસુ તોરી" અર્થાત્ પ્રભુ શ્રી રામ સત્યસંકલ્પ છે. આપણે ત્યાં સામાજિક તથા ધાર્મિક જીવનમાં સંકલ્પનો મહિમા અનોખો છે. અગાઉના વર્ષોમાં અદાલતોમાં પાંજરામાં ઉભેલ પક્ષકારને ગીતા પર હાથ રાખીને સત્યતાના સંકલ્પ કે શપથ લેવડાવવામાં આવતા હતા. આજે વિવિધ નેતાઓના પદગ્રહણ વખતે સંકલ્પ કે શપથ લેવડાવવાની પરંપરા છે. યજ્ઞની શરૂઆતમાં પણ વિધિ કરતી વખતે હાથમાં પાણી લઈને યજમાનને બ્રાહ્મણ સંકલ્પ લેવડાવે છે. સંકલ્પ લીધા પછી હાથમાંનું કે આચમનીનું પાણી ભૂમિ પર કે તરભાણામાં ઢોળી દેવાનું હોય છે. **સંકલ્પ અને શપથ લગભગ સરખા છે.** દરેક સંકલ્પની પાછળ કોઈ વિકલ્પ હોતો નથી. એકવાર સંકલ્પ લીધા પછી તેને પૂર્ણ કરવાના પ્રયાસો કરવામાં આવે છે. જાણીતા કથાકાર પૂ. શ્રી મોરારિબાપુના શબ્દોમાં, 'આધ્યાત્મિક જગતમાં વિકલ્પ મુક્ત સંકલ્પનો અનોખો મહિમા છે.'

સંકલ્પમાં સત્યતા નથી તથા સાત્વિકતા હોવી જોઈએ. સંકલ્પ સંતુષ્ટી આપે છે. **સંકલ્પ વ્યક્તિને સ્વાવલંબી બનાવે છે.**

**આપણાં પુરાણો તથા શાસ્ત્રોમાં પણ સંકલ્પની વાત વણાઈ છે.** રાજા-મહારાજાઓ પણ પોતાનો યુદ્ધનો સંકલ્પ જાહેર કરતા હતા. સામાજિક સંદર્ભમાં જોઈએ તો ઘણા લોકો લીધેલ સંકલ્પને વળગી રહે છે. આપણે ત્યાં દર વર્ષે નવું વરસ શરૂ થાય ત્યારે ઘણા લોકો વિવિધ સંકલ્પો લેતા હોય છે. કેટલાક લોકો પોતે અગાઉ લીધેલા સંકલ્પો ભૂલી પણ જતા હોય છે. લીધેલો સંકલ્પ સાચો હોય તો તેને વળગી રહેવાથી લાભ પણ થાય છે.

સંકલ્પની વાતોમાં સાહિત્યકારો અને કવિઓએ પણ ઝંપલાવ્યું છે. **"યા હોમ કરીને પડો, ફતેહ છે આગે", "ડગલું ભર્યું કે ના હઠવું"** તથા **"સર કટા સકતે હૈં લેકિન સર ઝુકા સકતે નહીં"** તેના દૃષ્ટાંતો છે.

**સંકલ્પ એ સદ્ભાવ, સંસ્કૃતિ તથા સમષ્ટિનું પ્રતીક છે.** સમયોચિત સંકલ્પ સમવાય તંત્રની નિશાની છે. સંકલ્પ લેવામાં સમયનું પણ મોટું યોગદાન છે. સંકલ્પની સરવાણીમાં શરતચૂક ચાલતી નથી.

સંકલ્પમાં શુદ્ધતા તથા પવિત્રતા પણ હોય છે. સંકલ્પને વળગી રહેનારની સદાય જીત થાય છે. અન્યના સહારે કે ઈશારે લીધેલો સંકલ્પ નિરાશા અપાવે છે. **વ્યક્તિ પોતે જ પોતાના મનથી સંકલ્પ લે તો તે પરિપૂર્ણ પણ થાય છે.**

આપણે ત્યાં સંકલ્પ માટે મનના ભાવો પણ કામ કરતા હોય છે. માણસ સંકલ્પ લે અને પછી તેને પૂરો કરવા અથાક પ્રયાસો કરે તો પરિણામ પણ અવશ્ય મળે છે. સંકલ્પ દૃઢ મનોબળની પણ નિશાની છે.

ઈતિહાસમાં દૃષ્ટિ કરીશું તો ઘણી વીરાંગનાઓએ પણ સતી થવાના સંકલ્પો લીધેલા. એકવાર લીધેલો સંકલ્પ પૂર્ણ ન થાય ત્યાં સુધી વળગી રહેવામાં આવે તો તે અવશ્ય ફળીભૂત થાય છે. વિદ્યાર્થીઓ પણ પરીક્ષામાં જ્વલંત સફળતા માટે સંકલ્પ લેતા હોય છે. વૈજ્ઞાનિકો પણ વિવિધ પ્રયોગોમાં સંકલ્પથી જ સફળતાને વર્યા છે. **આમ, સંકલ્પનો મહિમા માનવીનું જીવન બદલી નાખે છે.** સંકલ્પની સૂરાવલીને સલામ!

*'આસોપાલવ', ઇન્કમટેક્સ સોસાયટી,*
*રૈયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૭.*
*મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪*

## સર્વોદય કાર્યકર : છગનલાલ અમદાવાદી

(અનુસંધાન : પાના નં. – ૩૨ ઉપરથી ચાલુ)

પદયાત્રા પણ કરી.

સર્વોદય યોજના મંજૂર થતાં તે અંતર્ગત ૧૯૭૦માં દિનારા (તા. ભુજ) ખાતે શિક્ષણ, ખેતી, પશુપાલન, આરોગ્ય, સ્વરોજગારી, ગ્રામોદ્યોગ, મહિલા જાગૃતિ સહિતની વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓ શરૂ કરી. આમ, છેવાડેના ગામ દિનારા ખાતેના નાનકડા સેવાકેન્દ્રના નેજા તળે પોતે અને સૌ કુટુંબીજનોએ સરહદ પરના લોકોને ચાલીસ વર્ષો પર્યંત માર્ગદર્શન અને સેવા આપતા રહ્યા.

**છગનલાલભાઈ રાષ્ટ્રપતિ ડો. એ.પી.જે. અબ્દુલ કલામ દ્વારા સ્વાતંત્ર્ય સેનાની તરીકે સન્માનિત થયા હતા.** આજીવન ખાદીધારી અને સંનિષ્ઠ ગાંધીવાદી છગનલાલ અમદાવાદીનું ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦ના દિનારા ગાંધી સેવાશ્રમમાં અવસાન થયું. જન્મશતીએ આદરાંજલિ....

*'શિવમ્', ૪૦, વૃંદાવન નગર-૧, ખડિયા તળાવ સામે,*
*વૈશાલી સિનેમા રોડ, અંજાર, કચ્છ-૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯, મો. ૯૪૨૭૨ ૨૩૧૫૦*

સમભાવ

# અળગી રાખો સોયની અણી



ડૉ. પલ્લવી શાહ,
પ્રિન્સિપાલ

એક હતો કાગડો. હંમેશાં આનંદમાં રહે. ગમે તે થાય બસ આનંદમાં જ રહે. કાગડાના આનંદની વાત રાજા સુધી પહોંચી. રાજાએ તેની કસોટી લેવાનું નક્કી કર્યું. સૈનિકોને હુકમ કર્યો, "જાવ, પકડી લાવો હવે કાગડાને..." રાજાએ તો કસોટી કરવા કાગડાને દહીંમાં ડુબાડી દીધો. કાગડો કહે : 'વાહ રે વાહ! આ તો બહુ મજાનું! દહીંના ડબકાં ખાઈએ છીએ, ભઈ, દહીંના ડબકાં ખાઈએ છીએ...' રાજાએ તો એના પગ બાંધી દીધા અને શિક્ષા આપવા છત પર તડકામાં મૂકાવ્યો. પણ આનંદી કાગડો જેનું નામ! કહે : 'સોનેરી તડકો ખાઈએ છીએ ને રાજાના નળિયા ચારીએ છીએ...!' જેટલી પણ તરકીબ રાજાએ અજમાવી, બધામાં કાગડાને તો બસ આનંદ જ! અંતે રાજા કંટાળ્યો અને કાગડાને ઉડાડી મૂક્યો.

પ્રાથમિક કક્ષામાં જ્યારે આ પાઠ ભણવામાં આવતો ત્યારે કાગડાની વાર્તા, એમાં આવતાં જોડકણાં ગાવાની મજા પડતી. કાગડો રાજાની ઠેકડી ઉડાડે ને પછી આખરે રાજા કાગડાને છોડી મૂકે! કેવી મજા ભાઈ, કેવી મજા! આજે એ વાર્તા યાદ કરું ત્યારે સમજાય છે કે એમાં તો જબરું મૂલ્ય શિક્ષણ છે! હકારાત્મક અભિગમ કેળવવા માટે આ પાયાનું સિંચન હતું. **કોઈ પણ પરિસ્થિતિ હોય પણ સ્વીકારો અને હસતા રહો. એવું જો કરી શકાય તો આપણે આપણી ઉર્જાનો કેટલો સંચય કરી શકીએ! એ સંચિત ઉર્જા જીવનને ભર્યું ભર્યું બનાવી દે.**

ક્ષણે ક્ષણે જીવન સરતું રહે છે. એની વચ્ચે અનેક વ્યક્તિઓ સંબંધના સથવારે મળતી રહે છે. એ સંબંધોમાંથી ઘટનાઓ અને પ્રસંગો નીપજતા રહે છે. એમાં ક્યારેક આનંદ, ક્યારેક શોકની લાગણીઓ ભળે છે. સમુદ્રમાં આવતા તરંગોની જેમ જીવન પણ ક્યારેક ઉપર, ક્યારેક નીચે, ચડતું પડતું રહે છે. આ બધું છે જ. ક્યાંક નિયતિ છે, ક્યાંક પુરુષાર્થ છે. ક્યાંક માનવીય નબળાઈ ઉપર આવે છે એ બધાની વચ્ચે ખુશખુશાલ જીવવું હોય, હંમેશાં પૂનમનાં ચંદ્રની જેમ મહાલવું હોય તો શું કરવું? કેમ જીવવું? એના માટે કોઈ ઉપાય ખરો?

હા, એનો ઉપાય છે : વિધાયક વલણ. એ વલણ અપનાવતાં આવડી જાય તો પછી દુઃખ સામે આવતાં ડરે છે. એ વલણ કેળવવા માટે કોઈ ચાવી ખરી? ચાવી છે અને એનો પૂરો ઉપયોગ કરતાં પણ શીખી લેવું. આપણામાં કહેવત છે કે એક જીભ મારે અને બીજી જીવાડે. તેમ એક મન મારે, બીજું મન જીવાડે, જીતાડે. મનની ગતિ પર નિયંત્રણ જરૂરી. એની ઝડપ ઘણી છે. ભલભલા સ્પીડ બ્રેકરને દાદ ન આપે. એવા ચંચળ મનને પકડી પકડીને સ્થિર કરવું પડશે. હકારાત્મક ડાળી પર બેસતાં શીખી જશે પછી એની આદત એવી જ પડશે.

**શાસ્ત્રો કહે છે કે આખો સંસાર ગુણદોષમય છે. અહીં પરિપૂર્ણ તો કોઈ જ નથી.** ગુણ અને દોષની માત્રામાં અને પ્રકારમાં ફરક હોય. જો બધું જ એમ છે તો સહજ સ્વીકારી ન લઈએ! આપણી આંગળીઓ પાંચ છે તે પણ ક્યાં એકસરખી છે! પણ મુઠ્ઠી તો એના વડે જ વળશે. નાની આંગળી અતડી રહે કે મોટી ગુમાન કરે પણ એકે વિના નહીં ચાલે. મુઠ્ઠી વળશે, પાંચેયના સહકારથી.

એમ આપણા જીવન વિશે, વર્તાવ વિશે વિચારવાનું છે. માત્ર વ્યક્તિ, ઘટના કે પરિસ્થિતિ તરફ જોવાનો વિધાયક દૃષ્ટિકોણ સાચવવાનો છે. માણસ પાસે એક ગુણદૃષ્ટિ છે, બીજી દોષદૃષ્ટિ. દૃષ્ટિકોણ ગુણદૃષ્ટિ તરફનો હશે તો બધું સારું લાગશે. દરેક મા ને એના સંતાનમાં ગુણ જ દેખાય છે. સર્વત્ર સારું દેખાશે પછી કલેશને સ્થાન નહીં રહે. મનમાં થતો કલેશ શરીરની શક્તિ હણી નાખે છે. મનમાં થતો આનંદ નવું ચેતન આપે છે. એક ખુશખુશાલ હસતો ચહેરો વાતાવરણને પ્રફુલ્લિત રાખે છે. **બે ઉત્સાહભર્યા શાતા આપતા વચનો કોઈ મુરઝાતા જીવનને તાજગી બક્ષે છે.**

વર્ગમાં ગણિત શિક્ષકે પ્રવેશીને દાખલો ગણવા આપ્યો. વિદ્યાર્થી ગણીને બતાવે, કે ગણ્યા વિના બેસી રહે. વિદ્યાર્થી તરફ શિક્ષકનો ગુસ્સો ભભૂકે : 'આટલુંયે નથી આવડતું. આટલા વર્ષ કર્યું છે શું?' એના શબ્દો અને નકારાત્મક વલણ વિદ્યાર્થીને કુંઠિત કરશે. એના સ્થાને જો શિક્ષક એવું કહે, 'બેટા, જરાક વિચાર કર, ગણી જો, તને આવડે છે. જો આટલે સુધી તો આવડશે, પછી તને બતાવું. દાખલો ગણાઈ જશે.' આ વલણ વિધાયક વલણ છે. શિક્ષકની ઉર્જા સચવાશે, વિદ્યાર્થીને પ્રેરણા મળશે.

ગુણદૃષ્ટિ કેળવતાં, પરિવારની, સમાજોની ઘણી સમસ્યાઓ ઉકેલી શકાશે અથવા સમસ્યા ઊભી જ નહીં થાય, થશે તો એમાં ગાંઠો નહીં વળે. સમાજ જીવનમાં ઘણા પ્રસંગો આવે છે. કોઈને ત્યાં લગ્નનો કે એવો કોઈ અન્ય શુભ પ્રસંગ છે. જેને આમંત્રણ આપ્યું છે તે વ્યક્તિના એવા પ્રસંગે આમંત્રણ આપનાર પહોંચી

શક્યા નહોતા. આવા પ્રસંગે બે વિચાર આવે. એક કે આપણે ત્યાં કોઈ ક્યાં આવ્યું હતું! આપણે જવું જ નથી, એનેય ખબર પડે. બીજો વિચાર એ આવે કે એમને ઘેર પ્રસંગ છે. આપણી ફરજ છે, જવું જોઈએ. દરેકના સંજોગો સરખા નથી હોતા. મારે તો, મારે શું કરવું એ જ વિચારવું રહ્યું. પ્રસંગે જઈએ, આનંદથી જઈએ. આનંદ લઈએ, આનંદ આપીએ. પહેલી વિચારધારા નકારાત્મક છે, એનાથી અંતર વધશે. મનમાં પણ ન જવાનું દુઃખ, અભિમાન બની મલકાશે. એ શક્તિને અવરોધશે. બીજી વિચારધારા હકારાત્મક છે. એથી સહજ અને સરળ થવાશે, અંતર ઘટશે. પ્રેમ અને આદર વધશે.

નાની મોટી દરેક બાબતને જો આ રીતે લેશું તો જીવન સુંદર લાગશે. એ માટે સતત વિધાયક વલણ કેળવવું પડે. કવિના શબ્દો છે :

*અળગી રાખી સોયની અણી*
*કળથી કાઢો આંખની કણી.*
*વોયમા કર્યે, કાંઈ ના વળે,*
*આપણી કણી કોઈ શું કળે,*
*હળવે હાથે જળની છાલક છાંટવી રહી.*

'વોયમા' કહીને બેસી રહેવાથી શું વળે? કશું નહીં. એકવાર સ્વીકાર, સ્વીકારી લેતાં દુઃખ ગાયબ. પછી એનો ઉપાય કરવાનો થઈ જશે. ધીરજથી કામ લેવું પડે. એ તો થઇ શકે. બળતાં બળતાં, દુઃખી હૈયે આવી પડેલી તકલીફને વાગોળવાથી તે વધશે. આટલું મનને બરાબર સમજાવી શકાય તો ઘણી શક્તિ બચી જશે.

કોઇને મળવાનું છે. ક્યાંક ઇન્ટરવ્યૂ આપવાનો છે. કોઈ મળવા આવવાનું છે. આવું રોજિંદા જીવનમાં બનતું રહે છે. એ સમયે આપણું વિધાયક વલણ ખૂબ ઉપયોગી નીવડે છે. મનમાં પહેલાથી જ એવું ધારી લઈએ કે 'મળવાથી કંઈ નહીં વળે' અથવા 'ઇન્ટરવ્યૂમાં મને જવાબ નહીં આવડે, હું સફળ નહીં થાઉં' — તો એ નબળા વિચાર છે, મનને ભારી બનાવી દેશે. એ ભાર પ્રફુલ્લતાને ખેંચી જશે. હળવાશ જતી રહેશે. મળવા આવનાર વિશે વિચારીએ કે કોઈ સ્વાર્થ માટે જ આવતા હશે, બાકી તો હું જાણું છું. તો આ વિચાર એક નકારાત્મક વલણ ઊભું કરશે, જે સુખદ નહીં રહે. આપણા વિચારો આપણી આસપાસ એક ભાવાવરણ રચે છે. એ ભાવાવરણ સાચી વ્યક્તિને અસરકર્તા બની શકે. એ ભાવાવરણમાં શાંતિ હશે, નિખાલસતા હશે, પ્રેમ હશે, કરુણા હશે તો આવનાર ક્ષણોને પલટાવી મૂકશે. એટલે જ જૈન ધર્મ તેમજ અન્ય ધર્મો સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવાનું કહે છે. સર્વ જીવોને આત્મવત્ જાણ. **ધૂમકેતુએ 'પોસ્ટ ઓફિસ' નામની એમની વાર્તામાં અલીના મુખે બોલાવ્યું છે કે મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અડધું જગત શાંત થઇ જાય.**

આપણે કોશિશ કરીએ. સતત જાગૃતિ કેળવીએ, હકારાત્મક બનીએ, આશાવાદી બનીએ એ સારી વાત છે. પરંતુ એમાંયે સાચવવું પડે. વિધાયક બનતાં ક્યાંય અનીતિને ઉત્તેજન ન આપીએ અને અનીતિનો સ્વીકાર ન કરીએ. **સત્ય તરફની દિશામાં આપણો પુરુષાર્થ જારી રહેવો જોઇએ.** ઘણી વાર એવું બને છે કે માણસ ભલે ધારે હકારાત્મક, છતાંય એથી ઉલટું જ બને. તે વખતે 'માંગો તે મળશે', 'કર વિચાર તો પામ', કે પછી 'જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું' તેનો આશરો લઇ લઇએ તો ગતિ અવરોધાશે. એવા સમયે તો સમભાવ કેળવીએ. પુરુષાર્થનો આશરો લઇએ અને પ્રયત્નમાં મથી રહીએ.

*'પુષ્પક', નિર્મલસિંહની વાડી, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૨૯૫ ૪૭૯૬૫, ઈ-મેઈલ : plvshah@gmail.com*

## વાર્તા : છદ્મવેશ

(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)

નારાયણ સરોવરની યાત્રાનો સંકલ્પ પૂરો થાય એ પછી આજથી ચોથા દિવસે એકાંતમાં આ કવર ખોલીને, મેં જે લખ્યું છે એ પ્રમાણે કરજે. કરીશને?' 'હા બાપુ...' કહીને મહેશગીરીએ બાપુએ પોતાના કામ માટે યોગ્ય પાત્ર ગણ્યો એવા અહોભાવથી પગે લાગી રામબાપુને વિદાય કર્યા.

ત્રણ દિવસ સુધી, 'શું હશે કવરમાં?' એ બેચેની સાથે ચોથા દિવસે મહેશગીરીએ કોઈ ન જુવે તેમ કવર ખોલ્યું અને આશ્ચર્ય સાથે પત્ર વાંચ્યો.

*"ભાઈ મહેશ,*

*હું રામબાપુ નહીં પણ તારો લંગોટીયો મિત્ર માધવસંગ જ છું. સંન્યાસ લીધો નહોતો પણ હવે ખરેખર લઈ રહ્યો છું ને ગમે ત્યાં જતો રહીશ. છદ્મવેશે અહીં આવેલો પણ કોઈ મને માધવસંગ તરીકે સ્વીકારવા તૈયાર નથી કારણકે હું ગુનેગાર છું. મારી પત્ની રામકુંવર - જીતુની મા, જે હવે મારા ભાઈની પત્ની છે, આ સાથેના બે ચેક — એક રૂપિયા એક લાખનો તારા નામે અને રૂપિયા દસ લાખનો જીતુના નામે, જમા કરજો. જીતુના મારા મિત્રદાવે લગ્ન કરાવી, એને આ પૈસાથી ધંધો કરાવજે. આ મારી જિંદગી આખીની કમાણી - મૂડી છે, જેનો હવે મારે કોઈ ખપ નથી. રામકુંવર - જીતુ, મારો ભાઈ ગુલાબ કે મંજુલાનું કુટુંબ મને માફ કરે એવી વિનંતી સાથે... મને શોધવાનો કોઈ પ્રયત્ન કરતા નહીં. આ પત્ર તું વાંચીશ ત્યારે હું ખૂબ આગળ નીકળી ગયો હોઈશ."*

પત્ર પૂરો થતાં મહેશગીરી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો.

*૧૨, ઘરઆંગણ ફ્લેટ્સ, પ્રોફેસર્સ કોલોની સામે,*
*વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૯.*
*મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬*

જાગૃતિ

# અંજાર - કચ્છ જવાના રસ્તે શેખપીર ચોકડી પાસે ચકલીનું એક વૃક્ષ છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, અંજાર જવાના રસ્તે શેખપીર ચોકડી પાસે ચકલીનું એક વૃક્ષ આવેલું છે. જેમાં સાંજના પાંચની આસપાસ લગભગ હજારોની સંખ્યામાં ચકલીઓનું ચી ચી ગુંજી ઉઠે છે. આની અનેક અખબારો અને વીડિયો શોખીનોએ નોંધ લીધી છે અને દેશ વિદેશમાં આ ચકલી વૃક્ષને નામાંકિત કર્યું છે. આજે તો ચકલીઓ શહેરોમાં અને ગામોમાં ગૂમ થઈ છે. એટલે જ આપણે નવી પેઢીને ચકલી કેવી હોય? કેવી દેખાય છે? તેના ચિત્રો અને ચલચિત્રો દેખાડીને દિવસો ઉજવવા પડે છે, તે એક ખરેખર ચિંતાનો વિષય છે. ૨૦ માર્ચે **'વિશ્વ ચકલી દિવસ'** ઉજવાય છે. ગુજરાતની અનેક સંસ્થાઓ અને સરકારી પ્રયાસોને કારણે આ દિવસ ઉજવાય છે તે પણ એક સારી બાબત છે. ચકલીનું નામ માણસોના કારણે જ અત્યારે લુપ્ત થતી યાદીમાં આવી ગયું છે. ચકલી વિશે કેટલીયે રસપ્રદ વાતો છે, તેને આપણે ઉજાગર કરીએ.

ચકલી ઘરેલુ પક્ષી છે. એટલે જ્યાં માણસો વસ્યા ત્યાં ચકલીનો વાસ થયો છે. પાછલા કેટલાક વર્ષોમાં ચકલીઓની સંખ્યા ઓછી થઈ રહી છે. જેના કારણોમાં જોઈએ તો આધુનિક સ્થાપત્યની બહુમાળી ઈમારતોમાં ચકલીઓને રહેવા માટે પુરાણી ઢબના ઘરોની જેમ જગ્યા નથી મળી શકતી. ઉપરાંત સુપર માર્કેટ સંસ્કૃતિના કારણે કરિયાણાવાળાની દુકાનો ઘટી રહી છે. આ કારણે ચકલીઓને દાણા નથી મળતા. આ ઉપરાંત મોબાઈલ ટાવરોમાંથી નીકળતા તરંગો પણ ચકલીઓના સામાન્ય જીવન માટે હાનિકારક માનવામાં આવે છે. આ તરંગો ચકલીની દિશા શોધવાની પ્રણાલીને પ્રભાવિત કરી રહી છે અને એના પ્રજનન પર પણ વિપરીત અસર પડી રહી છે. જેના પરિણામ સ્વરૂપ ચકલીઓ ઝડપથી વિલુપ્ત થઈ રહી છે, જે એક ચિંતાનો વિષય છે. ચકલીને ખોરાક તરીકે ઘાસના બીજ ખૂબ જ પસંદ પડે છે, જે શહેરની અપેક્ષામાં ગ્રામીણ ક્ષેત્રોમાં આસાનીથી મળી જાય છે. ચકલી વધારે તાપમાન પણ સહન નથી કરી શકતી. પ્રદૂષણ અને વિકિરણના કારણે શહેરોનું તાપમાન વધી રહ્યું છે. **ખોરાક અને માળાની તલાશમાં ચકલીઓ શહેરથી દૂર જતી રહી છે, જે પણ ચકલીના ઘટનું એક કારણ છે.** શહેરી ઈલાકાઓમાં છ પ્રકારની પ્રજાતિઓ જોવા મળે છે. આમાંથી હાઉસ સ્પેરોને ગુજરાતમાં ચકલી અને હિંદીમાં ગોરૈયા કહેવામાં આવે છે. પક્ષીઓનું ઘર હોય છે વૃક્ષ અને તેના ઉપરના માળા. પરંતુ વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. જેથી નાના મોટા પક્ષીઓને માળા કરવા માટે ક્યાંય જગ્યા મળતી નથી. જેને કારણે ચકલીઓ ધીમે ધીમે વિસરાતી જાય છે. જેથી પક્ષી પ્રેમીઓ આ માટે અથાગ પ્રયાસ કરી રહ્યા છે, પણ ધીમે ધીમે જાગૃતિ આવતી જાય છે તે એક સારી બાબત છે. ગુજરાત અને દેશની અનેક સ્થાનિક સંસ્થાઓ અને સરકારી સહિયારા પ્રયાસોને કારણે ચકલીઓની સંખ્યા હવે ધીમે ધીમે વધતી જાય છે. **કુલ ૧૯૯ પ્રકારની ચકલીઓ છે, જેમાં ભારતમાં ૬૨ પ્રકારની ચકલીઓ જોવા મળે છે.**

એક ચકલી રોજ ચારથી પાંચ ગ્રામ દાણા ખાય છે અને ચાર ચમચી પાણી પીવે છે. તેનું વજન ૨૫થી ૩૦ ગ્રામ હોય છે. તેની લંબાઈ ૨૨ સેમી છે. ચકલી ૧૫ દિવસમાં ઉડતા શીખી જાય છે.

ફેબ્રુઆરીથી જૂનની વચ્ચે તે પ્રજનન કરે છે. પ્રદૂષણને કારણે તેને સંવનન કરવામાં તકલીફ પડે છે. કેટલીક માનવીય ભૂલોને કારણે ચકલી બદલાતા સમયમાં દુર્લભ બનતી જાય છે. જેમાં નાનકડા પક્ષી ચકલીનો સમાવેશ થાય છે. એ સમય બહુ દૂર નથી, જ્યારે આવનાર પેઢીને ચકલી અંગે માહિતી આપવી હશે તો પ્રાણી સંગ્રહાલય કે પક્ષીની તસવીરનો સહારો લેવો પડશે. આ પક્ષીના લુપ્ત થવા માટે બીજું કોઈ નહીં પણ આપણે પોતે જવાબદાર છીએ, તે એક ખરેખર ચિંતાનો વિષય છે. આપણે સૌએ સાથે મળીને જાગૃત થવાની જરૂર છે અને ચકલીને બચાવવાની જરૂર છે.

*(સંદર્ભ : વિવિધ અખબારી અહેવાલો અને વિકિપીડિયા)*

*"પરમેશ્વરી", પ્લોટ નંબર ૧૬૫, હોસ્પિટલ રોડ,*
*વિજયનગર એરિયા, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫*

## મોન્ટુની અક્કલ

*ચીન્ટુ :* ચાલ, એવી બે વસ્તુઓનું નામ બતાવ, જે આપણે ક્યારેય નાસ્તામાં ના ખાઈ શકીએ....

*મોન્ટુ :* (અડધો કલાક વિચાર્યા પછી) લંચ અને ડીનર.

સંસ્થા / વ્યક્તિ વિશેષ

## કચ્છના ખાવડા વિસ્તારમાં ગાંધી સેવાશ્રમ (દિનારા)ના સ્થાપક

# સર્વોદય કાર્યકર : છગનલાલ અમદાવાદી



ભરત'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૨૧*
*નિધન : ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૦*

મૂળે કચ્છના ન હોય, પણ કચ્છને જ વતન બનાવીને રહેનારા 'સવાયા કચ્છી કર્મશીલો'માં એક નામ આર્ય છગનલાલ નરોત્તમદાસ અમદાવાદીનું પણ છે, જેમણે સાડા પાંચ દાયકા ઉપરાંત (૧૯૫૩ – ૨૦૧૦) કચ્છના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં ગાંધીવાદી રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવી હતી. **કચ્છમાં અંબર ચરખાની કામગીરીનો વિકાસ એમને આભારી છે.** પાછળથી કચ્છના સરહદી પચ્છમમાં દિનારા ગામે **'ગાંધી સેવાશ્રમ'** નામે ગ્રામસેવા કેન્દ્ર સ્થાપ્યું અને સર્વોદય યોજના પણ ચલાવેલી.

### ● આઝાદી ચળવળમાં સંકળાયા :

પચ્છમના સામાજિક કાર્યકર છગનલાલભાઈ અમદાવાદીનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૨૧ના દક્ષિણ ગુજરાતમાં કાળિયાવાડી (તા./જિ. નવસારી) મુકામે થયો હતો. નાનપણમાં જ મા-બાપનું છત્ર ગુમાવતાં સુરત આવી તેર વર્ષની ઉંમરે નોકરી શરૂ કરી. ૧૯૪૨ના આઝાદી આંદોલનના દિવસોમાં સુરત કિલ્લાના મેદાનમાં સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ (૧૮૭૫–૧૯૫૦)ને સાંભળ્યા. તે પછી ગાંધી - નહેરુ - સરદારના પ્રભાવથી અને ઈશ્વરભાઈ શ્રીમાળીના મેળાપથી સત્યાગ્રહનો રંગ લાગ્યો અને બધું છોડી સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાઈ ગયા.

કારાવાસ દરમિયાન રવિશંકર શિવરામ વ્યાસ ઉર્ફે રવિશંકર મહારાજ (૧૮૮૪ – ૧૯૮૪), જુગતરામ ચીમનલાલ દવે (૧૮૯૨ – ૧૯૮૫) અને બબલભાઈ પ્રાણજીવનદાસ મહેતા (૧૯૧૦ – ૧૯૮૧)ના સાંનિધ્યનો લાભ મળતાં અસહકાર આંદોલનની સાચી ભૂમિકાની સમજ સાંપડી. જેલમાં નવરાશની પળોમાં રેંટિયો કાંતવાનું પણ શીખી લીધું. આઝાદી ચળવળ સંદર્ભે ગામેગામ ફરવાનું શરૂ થયું.

તે દરમિયાન પૂનાની ઐતિહાસિક યરવડા જેલમાં પણ જવાની તક મળી, જ્યાં દક્ષિણ ગુજરાતના કાર્યકર્તાઓનો સંપર્ક થયો અને તે પછી ચુનીભાઈ મહેતાને ત્યાં મઢી (તા. બારડોલી, જિ. સુરત) જઈ વણાટકામની તાલીમ લીધી. તે પછી બુનિયાદી અને ગૃહોદ્યોગની તાલીમાર્થે સેવાગ્રામ (વર્ધા) ગયા અને ખાદી - ગ્રામોદ્યોગ સાથે સંકળાયા. વર્ધામાં કચ્છના રચનાત્મક કાર્યકરો હીરજીભાઈ રણછોડદાસ કોટક (૧૯૧૮ – ૨૦૦૭), એમનાં પત્ની ધીરજબહેન કોટક અને દયારામભાઈ રામદાસ કેવરિયા (૧૯૨૦ – ૨૦૦૮) સાથે પરિચય થયો.

### ● 'કચ્છ'ને સેવાભૂમિ બનાવી :

આઝાદી પછી તાડગોળ પ્રવૃત્તિ શરૂ કરી. દરમિયાન લગ્ન બાદ ઠરીઠામ થવાનું વિચારતાં સુરત અને ત્યાંથી શામળાજી (જિ. અરવલ્લી) જવાનું થયું. ૧૯૫૩માં એમનો ભૌગોલિક ફાંટો ફંટાય છે. કરાડી (તા. જલાલપોર, જિ. નવસારી)ના દિલખુશભાઈ બળસુખરામ દીવાનજી (૧૮૯૯ – ૧૯૯૧) અને વેડછી (તા. વાલોદ, જિ. સુરત)ના જુગતરામ ચીમનલાલ દવે (૧૮૯૨ – ૧૯૮૫) તરફથી છગનલાલભાઈને સમાજસેવાર્થે 'કચ્છ' જવાનું સૂચન થયું.

**આમ, ૧૯૫૩થી એમણે કચ્છમાં પગ મૂક્યા પછી જીવનાંત લગી કચ્છને કાયમી કર્મભૂમિ બનાવીને રહ્યા.** અહીં હીરજીભાઈ, દયારામભાઈ ઉપરાંત પ્રભુલાલ જશવંતરાય ધોળકિયા (૧૯૦૫ – ૧૯૮૦) સાથે પરિચય થતાં સદનવાડી સંસ્થા (વાંઢાય, તા. ભુજ)માં જોડાઈ તાલીમ કેન્દ્રની કામગીરી શરૂ કરી. તેમાં સુથારી, લુહારી, સીવણ, વણાટ, ચર્મોદ્યોગ વગેરે શીખવતા.

ત્યારબાદ તે કામગીરી છોડી ભીમાણી ખાદી ગ્રામોદ્યોગ સંઘ (માંડવી)માં કામ કરવાની તક મળી. તે પછી ભીમાણી ખાદી મંડળ (લીલપુર, તા. રાપર)માં જોડાયા. અહીં અંબર ચરખા તાલીમ અને ઉત્પાદન પ્રવૃત્તિ આરંભી. એક વર્ષના પ્રયાસ પછી સ્થળફેરની જરૂરત જણાતાં અંબર કેન્દ્ર લીલપુરથી માંડવી ખસેડ્યું. કરસનદાસ ભીમાણી અને નૌશીરભાઈ દસ્તુરની હૂંફથી માંડવી કેન્દ્ર સફળ બન્યું અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાને આવ્યું!

### ● સરહદી સર્વોદય યોજના :

૧૯૬૭માં મગનલાલ ગોવિંદજી સોની (૧૯૦૯ – ૧૯૯૧) દ્વારા આરંભાયેલી સર્વોદય પ્રવૃત્તિ સંભાળી. વચ્ચે એકાદ વર્ષ ગાંધી સ્મારક નિધિમાં પણ કામ કર્યું. તે પછી છગનભાઈ કચ્છમાં એક સ્થળે ઠરીઠામ થાય છે. માનકુવાવાળા શિવાભાઈ ભારમલ સીજુ સાથે મળીને ઝુરા (તા. ભુજ) ખાતે 'ગાંધી સેવાશ્રમ'ની સ્થાપના કરી. સાથે સરહદી સર્વોદય યોજના માટે રાજ્ય સરકાર પાસે માંગણી મૂકી અને ઉત્તરીય સરહદી વિસ્તાર ખાવડા - પચ્છમની

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૮ ઉપર)

સંસ્થા / વ્યક્તિ વિશેષ

# પુસ્તકો માટે અલગ ફ્લેટ ખરીદનાર : ભૂપેન્દ્ર શેઠ



ચંદ્રકાંત પટેલ 'સરલ'

માણસ રહેવા માટે ફ્લેટ ખરીદે એ વાત સામાન્ય ગણાય. પરંતુ કોઈ વ્યક્તિ પુસ્તકો અને સંગ્રહિત કલેક્શન સાચવવા અલાયદો ફ્લેટ ખરીદે એ વાત નોંધનીય બની જાય છે. આવી વ્યક્તિ છે જામનગરના ભૂપેન્દ્રભાઈ શેઠ 'નીલમ.'

૪થી ડિસેમ્બર ૧૯૪૮ના રોજ જામનગરમાં જન્મેલા ભૂપેન્દ્ર શેઠ 'નીલમ' ગણેશજીના પરમ ઉપાસક, વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફ્સના શોખીન અને જુદી જુદી વસ્તુઓના સંગ્રાહક છે. તેમની પાસે **૩૦૦૦ કરતાંયે વધારે સ્ટેમ્પ્સનું કલેક્શન છે તથા ૧૦૦૦થી પણ વધારે ગણેશજીની વિવિધ ધાતુમાંથી તૈયાર થયેલી જુદા જુદા આકાર ધરાવતી મનોકર્ષક મૂર્તિઓ છે.** આ બધી વસ્તુઓ એકત્રિત કરતાં તેમને ૩૦ વર્ષ લાગ્યા હતા અને લાખો રૂપિયાનો ખર્ચ થયો હતો.

પુસ્તકપ્રેમી તરીકે અને કવિ તરીકે સાહિત્ય જગતમાં ભૂપેન્દ્રભાઈ શેઠ મોટી ઓળખ ધરાવે છે. એક મ્યુઝિયમમાં પણ ન સમાઇ શકે તેટલાં નવા અને જૂના પુસ્તકો, વિવિધ સામયિકો, અખબારો વગેરેનો ભંડાર તેમની પાસે છે. **૧૦૦ કરતાંયે વધારે સામયિકોના તો તે આજીવન ગ્રાહક (સભ્ય) છે.** આટલાં પુસ્તકોને સાચવવા તેમણે ૩૦ લાખ રૂપિયા ખર્ચી અલગ ફ્લેટ ખરીદ્યો છે. આ ફ્લેટનો ઉપયોગ માત્ર ને માત્ર પુસ્તકો તથા સંગ્રહિત વસ્તુઓ માટે જ કરાય છે. વણિકનું લક્ષ્ય હંમેશાં વેપારની વૃધ્ધિ તરફનું જ હોય છે પણ ભૂપેન્દ્રભાઈ શેઠનું લક્ષ્ય પરોપકારી વૃત્તિ તરફ કેન્દ્રિત થયેલું છે. **કોઇને કઈ રીતે મદદરૂપ બનવું એ જ તેમના જીવનનો જીવનમંત્ર છે અને તેમાં જ તેમને આનંદ આવે છે.** જામનગર ખાતે તેઓ પ્લાસ્ટિક પેકિંગ મટિરિયલ્સનો વ્યવસાય ધરાવે છે. વ્યવસાયનો હવાલો સંભાળવાની સાથે વાંચવું, વિચારવું અને લખવું એ તેમનો મુખ્ય વિષય છે.

ભૂપેન્દ્રભાઈ કહે છે કે હું આંતરિક સુખી છું. મારે કોઈની પાસેથી કશું જોઈતું નથી. કુદરતે આપેલું સંતોષ નામનું સુખ મારા હૃદયને શાંતિ આપે છે અને મારું મન પ્રત્યેક પળે આનંદ સાથે વ્યક્ત થાય છે.

દરેક સફળ પુરુષ પાછળ સ્ત્રીનો હાથ હોય જ છે. ભૂપેન્દ્રભાઈ પોતાના આ શોખ અને સર્જન પાછળ પત્નીને આદર્શ માને છે. તેમનાં પત્ની શ્રીમતી હંસાબેન શેઠ જામનગરની મહિલા કોલેજના પ્રિન્સિપાલપદેથી નિવૃત્ત થયા છે. હંસાબેન શેઠનો પણ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ભૂપેન્દ્રભાઈના શોખ અને સર્જન પાછળ સહયોગ રહ્યો છે. ભૂપેન્દ્રભાઈ ઊંડા પુસ્તકપ્રેમી જ નહીં પણ ઉત્તમ સર્જક પણ છે. યુવા સર્જકોને અને સાહિત્યિક સામયિકોને કે સંસ્થાઓને મદદગાર થવા માટે ખડેપગે રહે છે. પ્રેમાળ અને ઉદાર સ્વભાવના માલિક એવા ઉમદા માણસ છે. અખબારોની પૂર્તિઓ તેમને ખૂબ ગમે છે. તેમાં પ્રગટ થતાં લેખો તેઓ મનભરીને માણે છે, પચાવે છે.

અર્થશાસ્ત્ર સાથે બી.એ. થયેલા ભૂપેન્દ્રભાઈના ૨૦ જેટલાં પુસ્તકો પ્રકાશિત થયા છે. અનેક લોકોએ તેમના ઘરની મુલાકાતો લઇ તેમની સંગ્રહિત વસ્તુઓનું રસપાન કર્યું છે. તેમની ૫૦ જેટલી રચનાઓ તો ઉર્દુ ભાષામાં અનુવાદિત થઈ છે. અઢળક પુસ્તકો, અગણિત સામયિકો, હજારો સંગ્રહિત વસ્તુઓ! કેટલો બધો ભાર? મેં તેમને પૂછ્યું, 'ભૂપેન્દ્રભાઈ, આ બધાનો તમને ભાર નથી લાગતો?' ત્યારે તેમણે કહ્યું કે – 'મોરલાની પાછળ લાંબા લાંબા લપસીંદર જેવડાં પીંછડાં હોય છે. **એ તેનો ભાર નથી પણ ગૌરવ છે. એમ આ બધી વસ્તુઓ મારું ગૌરવ છે. ભાર વગર કોઇને ગૌરવ નથી સાંપડતું....**

*__નોંધ__ : શ્રી ભૂપેન્દ્રભાઈ શેઠ 'નીલમ'ના પ્રત્યેક શે'રના રંગરૂપ અલગ હોય છે. તેઓશ્રીની ગઝલોમાં પુષ્પરૂપી કેટલાંક શે'રોની એક ઝલક તથા તેમના સંબંધી અન્ય વિગતો સાથેનો એક લેખ 'મંગલ મંદિર'ના માસ જાન્યુઆરી ૨૦૨૧ના અંકમાં જોવા મળે છે. જે ખૂબ જ રસપ્રદ અને ઉત્સાહપ્રેરક છે.*

*– તંત્રી મંડળ, 'મંગલ મંદિર'*

*ચંદ્રકાંત પટેલ 'સરલ'*
*મો. ૮૭૩૫૯૦૨૪૨૪*

### મોનિટર

ચીન્ટુ નિશાળમાં ધમાલ કરતો હતો.
મોન્ટુએ કહ્યું, 'એ ચીન્ટુ ચૂપ બેસ.'
*ચીન્ટુ :* નહીં બેસું. તું કોણ છે મને એવું કહેનારો?
*મોન્ટુ :* હું મોનિટર છું
*ચીન્ટુ :* તો શું થયું, હું સી.પી.યુ. છું!

# બોધ કથાઓ

*હસમુખ રામદેપુત્રા, શિક્ષકશ્રી - રાજકોટ*



## શત્રુ

એક વિનમ્ર સજ્જન હતા. તે પોતાનાં મિત્રો પ્રત્યે જેટલા વિનમ્ર હતા તેટલા જ પોતાના શત્રુઓ પ્રત્યે ઉદાર હતા. તે પોતાના શત્રુઓને ઘરે બોલાવતા, તેમની સાથે મિત્ર જેવો સ્નેહ પ્રગટ કરતા.

સજ્જનનો આ વ્યવહાર તેમના મિત્રોને જરાય પસંદ નહોતો. મિત્રો નારાજ રહેતા.

એક દિવસ તેના એક મિત્રએ સજ્જનને કહ્યું, 'તમે શત્રુઓ સાથે મિત્ર જેવો વ્યવહાર કેમ રાખો છો? શત્રુઓને તો મારી નાખવા જોઈએ.'

સજ્જને મિત્રને હસતા હસતા જવાબ આપતા કહ્યું, 'હું તો તમારા રસ્તે જ ચાલું છું. તમે શત્રુઓને મારી નાખવાનું વિચારો છો, જ્યારે **હું શત્રુત્વને મારી નાખી મિત્ર બનાવવાનું વિચારું છું.'**

★

## યુધિષ્ઠિરની નમ્રતા

કૌરવો અને પાંડવો વચ્ચે મહાભારતનું યુધ્ધ શરૂ થનાર હતું. બંને પક્ષના યોધ્ધાઓ કુરૂક્ષેત્રનાં મેદાન પર સામસામે ગોઠવાઈ ગયા. યુધ્ધ શરૂ થાય તે પહેલાં ધર્મરાજ યુધિષ્ઠિરે કૌરવ પક્ષ તરફ જઈ પિતામહ ભીષ્મને આદર સહિત પ્રણામ કર્યા. તેઓ બોલ્યા : 'પિતામહ, અમે લાચાર છીએ. અમારાથી કંઈ થઈ શકે તેમ નથી. યુધ્ધ થશે જ! માટે તમે અમને વિજય પ્રાપ્ત થાય તેવા આશીર્વાદ આપો.'

ભીષ્મએ હસતા હસતા આશીર્વાદ આપતા કહ્યું : 'વિજય તમારો જ થશે. મારા તમને આશીર્વાદ છે. **તમારામાં વીરતા, ધીરજ, વિનય અને વિવેક જેવા સદ્‌ગુણો છે, જે તમને વિજય અપાવશે.'**

યુધિષ્ઠિરે ત્યાર પછી ગુરૂ દ્રોણ અને કૃપાચાર્યજી પાસેથી પણ વિજયના આશીર્વાદ લીધા. દુર્યોધન અને તેના ભાઈઓ જોતા જ રહી ગયા.

ધર્મરાજ યુધિષ્ઠિરના નમ્રતાના સદ્‌ગુણને વંદન.

★

## સફાઈ

એક ગુરૂજી હતા. તે સફાઈ - સ્વચ્છતાના ખાસ આગ્રહી હતા. પોતાના પાણી પીવાના વાસણને દરરોજ જાતે સાફ કરતા.

એક દિવસ તેના શિષ્યએ પૂછ્યું : 'ગુરૂજી, તમે દરરોજ તમારા પાણી પીવાના વાસણને સાફ શા માટે કરો છો? બે-ત્રણ દિવસે સાફ કરો તો? આ કામ તમારા કોઈ શિષ્ય પાસે કરાવો તો?'

ગુરૂજીએ કહ્યું : 'આ વાસણને હું દરરોજ સાફ કરું છું, તો પણ તે ગંદુ થઈ જાય છે. તેવી જ દશા આપણા મનની છે. આપણા મન પર કુસંસ્કાર અને ખરાબ આદતનો પ્રભાવ પડે છે ત્યારે તે પણ પેલા વાસણની જેમ ગંદુ થઈ જાય છે. તેટલા માટે **આપણે જાતે દરરોજ સારા સંસ્કારોથી મનને સાફ કરતા રહેવું જોઈએ.** દરરોજ મનની સફાઈ કરવી જોઈએ. જેથી કુસંસ્કારરૂપી મેલ સાફ થતો રહે.

# લઘુ કથાઓ

## દેવાદાર

કાંતિલાલ પોતાના એકના એક પુત્ર કમલેશના લગ્ન ધામધૂમથી કરવા માંગતા હતા. તેને ખબર હતી કે વહુ કરિયાવરમાં ઘણો કિંમતી સામાન અને રોકડ રકમ લઈ આવવાની છે!

કાંતિલાલે વ્યાજે પૈસા લઈને પણ કમલેશના લગ્ન ધામધૂમથી કર્યા. વહુ કિંમતી કરિયાવર અને ઘણા પૈસા લઈને ઘરે આવી. બધા ખુશ થઈ ગયા.

પરંતુ ત્રીજા દિવસે કમલેશે તેના પિતાને કહ્યું : 'મારા સસરાએ મારા માટે એક સુંદર ઘર લઈ રાખ્યું છે. અમો આવતીકાલે નવા ઘરમાં રહેવા જવાના છીએ.'

બીજા દિવસે કમલેશ તેની નવોઢાને લઈને નવા ઘરમાં રહેવા ચાલ્યો ગયો. સાથે બધો જ સામાન અને પૈસા તો ખરા જ!

ને કાંતિલાલ દેવાદાર બની ગયો!!!

★

## ઓફિસર


તે ઓફિસર પોતાના બંગલે આવ્યો. તેની સામે કોઈએ જોયું નહીં. તે પણ કોઈની સાથે બોલ્યા વગર ખુરશીમાં બેસી ગયો. તેનો કોઈએ ભાવ ન પૂછ્યો!

પોતે માથું કચેરીમાં ભૂલી આવ્યો હતો. આંખો ફાઈલમાં ખોવાઈ ગઈ હતી. હાથ ફોનમાં અટવાયા હતા અને પગ કારમાં રહી ગયા હતા.

*"અવધ", ન્યુ કેદારનાથ સોસાયટી,*
*કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨.*
*મો. ૯૮૭૯૪ ૮૫૬૬૭*

વાર્તા

# છદ્મવેશ



બલવીરસિંહ જાડેજા

સૂરજ હજુ પશ્ચિમે ઢળતો જ હતો અને પાદરે બસ ઊભી રહી. ભગવા કપડા, ઝભ્ભો અને ધોતી, લાંબી કાળી દાઢી - મૂછો, લાંબા કાળા છુટ્ટા વાળ, હાથમાં લાંબી લાકડી જેવો દંડ અને કમંડળ, ખભે દોરીથી બાંધેલા શેતરંજી, ચાદર અને કામળા સાથેનો બિસ્તરો, આંખ ઉપર આંખ ન દેખાય તેવા કાળા ગોગલ્સ કે ચશ્માં સાથે ઉતરીને બંને તરફ નજર નાખી, છાયાવાળા વડના ઓટલા તરફ પગલા માંડ્યા. બસ તો ધૂળ ઉડાડતી ચાલી ગઈ પરંતુ આ બાવાજીના વ્યક્તિત્વની ધૂળ વાતાવરણમાં પ્રસરેલી હતી.

વડના ઓટલે, પાંચ-સાત જણ બેઠા હતા. કોઈ કોઈ બીડીઓ પીતા, કે કોઈ હાથના ટેકે આડા પડેલા. જેવા બાવાજીએ ઓટલા તરફ પગલા માંડ્યા, ત્યાં એમને જગ્યા આપવા, ભગવા વસ્ત્રો અને પડછંદ કાયા જોઇને સૌ દૂર ખસી ગયા. એક જણ પોતાના માથેથી ફળીયું ઉતારી, ઓટો સાફ કરી, બાવાજીને પગે લાગ્યો. બેઠેલા બધાએ એનું અનુકરણ કર્યું. બાજુમાં ચાની કીટલી ચલાવતો ૧૫-૧૭ વરસનો છોકરો પાણીનો લોટો ધરી, પગે લાગતો ઊભો રહ્યો. એક જણે છોકરાને બાપુને ચા આપવા કહ્યું. કાળા ચશ્માંમાંથી ચોતરફ નજર કરતા બાપુ બોલ્યા, ‘આ કીટલી તો ગુલાબસંગ ચાવડાની અને સામેવાળી સંતોષપુરી બાવાજીની છે ને કે, માલિકી બદલાઈ ગઈ?’

બધા ચા પીતા બાપુને અહોભાવથી જોઈ રહ્યા. આ પહેલા ક્યારેય જોયા હોય કે ગામમાં આવ્યા હોય તેમ લાગતું નથી છતાં ક્યાંથી જાણે છે કે આ ચાની કીટલી કોની છે? ‘બાપુ, આ કીટલી ગુલાબસંગની હતી પણ હવે મહેશપુરી બાવાજીની છે અને ગુલાબસંગનો ભત્રીજો આ ચાવાળો છોકરો જીતુ ચલાવે છે. એક મોટી ઉંમરનાએ બાપુને જવાબ આપ્યો. બાપુ જીતુને જોઈ રહ્યા. પોતાનું જ લોહી. અસ્સલ એની મા જેવો અણસાર. પહેલીવાર જોયો, ૧૬-૧૭ વરસ પછી. હવે વધુ સાવચેતી રાખવી પડશે. અને હા, જૂના મિત્ર મહેશે મારા દીકરા જીતુને કામે લગાડ્યો છે એ વિચારતા આભારવશ ચા પૂરી કરી.

‘કેમ, ગુલાબસંગ બીજો ધંધો કરે છે કે બહારગામ રહે છે?’ બાપુએ પોતાના નાના ભાઈ ગુલાબસંગ વિશે પૂછ્યું.

બધા એકબીજા સામે જોઈ રહ્યા. શું જવાબ આપવો, કોઇને સુઝ્યું નહીં. વાત વાળી લેવાના આશયથી મોટી ઉંમરવાળા પ્રૌઢે કહ્યું, ‘એ લાંબી વાત છે બાપુ. પણ તમે આ બધું ક્યાંથી જાણો?’ ‘મારા ગુરૂ ભાઈએ આ ગામ વિશે રજેરજ માહિતી આપી છે કારણકે એ આ ગામનો હતો.’ ‘એ કોણ બાપુ?’ એક સાથે બે જણા પૂછી બેઠા. ‘એ લાંબી વાત છે. પછી જણાવીશ. પહેલા એ કહો કે આવતીકાલે **નારાયણ સરોવર** જતાં અગાઉ મારા ગુરૂભાઈની ઇચ્છા હતી કે મારે એના ગામની એકવાર મુલાકાત લેવી એટલે આવ્યો છું. રાતવાસો નદીકાંઠે સામેના શંકર મંદિરમાં કરવો છે. તમારા ગામના ઠાકોરે બનાવેલી ધર્મશાળા રહેવાલાયક છે કે નહીં?’

‘છે ને બાપુ, બધી જ સગવડ છે. છતાં આપ મારા ઘરને પાવન કરી મને આપની સેવાનો લાભ આપો. પધારો મારા ઘરે, બાપુ.’ અને સુખી લાગતા ખેડૂત જેવા યુવાને પસાર થતાં, ઉભા રહી વાત સાંભળીને અહોભાવથી કહ્યું.

‘ના ભાઈ, મને રાતે-પરોઢે ધ્યાન જપ કરવામાં સરળતા રહે એટલે રાતવાસો તો મંદિરમાં જ કરીશ.’

‘તો રાત્રે જમવા તો મારે ત્યાં પધારશોને બાપુ?’

‘જેવી તમારી ઇચ્છા. પણ હું તો સાદુ ભોજન કરું છું અને રાત્રે એક વખત જ...’ ‘ભલે, બાપુ...’

જમવાના બહાને પોતે રામબાપુ બનીને પોતાના જ ગામમાંથી ૧૭ વરસ પહેલા, મંજુલા સાથે ભાગી જઇને છોડેલા ગામમાં પરત ફરવું કે નહીં, ગામમાં પોતાના વિશે કેવો અભિપ્રાય કે હાલના સંજોગો કેવા છે તેમજ આ છદ્મવેશ ચાલુ રાખવો કે પરત ફરવું તે જાણી શકાય – વિચારીને બાપુ મંદિર તરફ જવા ઉભા થઈ ગયા. ટોળે વળેલા સૌને એ જાણવાની જિજ્ઞાસા હતી કે, આ ગામનો બાપુનો ગુરૂભાઈ કોણ? ગામના ઘણા લોકો જે ગામમાંથી બીજે જતા રહ્યા હતા, પણ સાધુ બનેલા ગુરૂભાઈએ બાપુને ગામ વિશે રજેરજ માહિતી આપી છે. સૌ બાપુ સાથે મંદિર તરફ ચાલ્યા.

વડના ઓટલાથી મંદિર તરફ ચાલતા બાપુ પોતાના ભૂતકાળને વાગોળતા હતા. ખરેખર ૧૭ વરસ પહેલાં આ ગામ છોડ્યું, કહોકે પ્રેમિકા મંજુલાના આગ્રહે છોડવું પડ્યું એ પછી કદી કોઈ પાસેથી પોતાના કે ગામ વિશે ક્યાં જાણવા મળ્યું હતું! લગ્નના એકાદ વરસમાં પત્ની રામકુંવર પોતાના પીયર, આ જીતુના જન્મ માટે ગઈ તે પહેલાં જૂની પ્રેમિકા મંજુલા ઝઘડા થતા સાસરેથી ચાર વરસ પછી, પતિએ છુટાછેડા આપતા,

નિઃસંતાન પાછી આવી. બચપણથી સાથે ભણેલા અને પ્રેમમાં પડેલા પરંતુ એક જ કુટુંબના હોવાથી પરણી નહીં શકેલા પ્રેમીએ પીયરીયાથી પણ, મેણા-ટોણા ખાઈને કંટાળેલી, મંજુલાએ પ્રેમી માધુજીને પત્નીની ગેરહાજરીમાં, ભાઈ સાથે ચાની કીટલી ચલાવતા, ઘરનું માંડ પૂરું કરતાં પ્રેમીને, અહીં વતનમાં ભૂખ્યા રહેવા કરતાં, દુનિયા ઘણી મોટી છે, ચાલ નસીબ અજમાવીએ, કહીને ઉતાવળે ભાગી જવા મજબૂર કરેલો. લાંબો વિચાર કે જવાબદારીને ગણકાર્યા વિના, પ્રેમીકાના આગ્રહે ઘર છોડી, અમદાવાદ - મુંબઈ જેવા શહેરમાં ક્યારેક ઓળખાઈ જવાની બીકે, નવા શરૂ થયેલા જૂના જહાજ ભાંગવાના બંદર અલંગમાં, જાતને છુપાવવું સરળ બનશે, વિચારી ચૂપચાપ અલંગ પહોંચી ગયા. પહેલા મજૂરી, ને પછી અભ્યાસ, મહેનત અને આવડતથી મુકાદમ બિહારી મિશ્રા શેઠનો જમણો હાથ બની ગયેલા માધુજીએ પોતાનું નામ રાખ્યું રામસિંગ અને મંજુલાને બનાવી માયા કૌર. પોતે ઉત્તરપ્રદેશ અને પત્ની પંજાબી. **પરિવારના બે પેઢીથી ગાંધીધામ સ્થાયી થયેલા બંનેએ નવા નામે જીવન શરૂ કર્યું.** બિહારી મજૂરો રામબાબુ અને કાઠિયાવાડીઓ રામબાપુ કહેતા, બાદમાં સૌના બની ગયા રામ બાપુ. દાઢી - વાળ તો વતન છોડ્યું ત્યારથી જ વધાર્યા હતા. જહાજ ભાંગવાના શરૂઆતના વ્યવસાયમાં આવક સારી રહેતી, તેમજ મિશ્રા શેઠના ધર્મપત્નીએ લાંબી ગણતરી કરી સલામતી માટે રામ બાપુને ધરમના ભાઈ બનાવેલા. જેથી ૨૪ કલાક દારૂના નશામાં ચકચૂર રહેતા મિશ્રા શેઠ ઉપરાંત ધરમની બહેનના ચારે હાથ રામબાપુ ઉપર હતા. એટલે બે પાંદડે નહીં પણ પાંચ પાંદડે થઈ ગયા.

'લ્યો બાપુ, અહીં આરામ કરો.' સાંભળતા જ રામ બાપુની વિચારધારા અટકી ગઈ. ગામમાં વાત ફેલાઈ ગઈ કે કોઈ બાપુ, જેનો ગુરૂભાઈ આપણા ગામનો હતો. 'એ કોણ?' સાંજે મનજી પટેલના ઘરે બાપુ વાળુ કરવા આવવાના છે જાણી, સૌ નાના-મોટા, પુરૂષો, સ્ત્રીઓ વાળુ ટાણે ભેગા થયા. બાપુ પધાર્યા. ભોજન કરતા વિચારતા હતા કે... મંજુલા સાથેની જિંદગી માંડ પાંચેક વરસ જ ટકી. સંતાન વિહોણી મંજુલા કુદરતી ખામીને લઈને સંતાન તો આપી શકી નહીં પરંતુ અજંપાને લઈને બીમાર રહેતી. દરિયા કાંઠે અલંગમાં ઝેરી તાવનો શિકાર બની, ઉપર જતી રહી. હવે શું કરવું? આવક તો સારી હતી. ધરમની બહેનના આગ્રહે અલંગમાં ટકી તો ગયા પરંતુ ધંધામાં હરીફાઈ અને મંદી આવતા બીમાર પડેલા મિશ્રા શેઠ પત્ની સાથે, રામબાપુને સારી એવી મૂડી આપી બિહાર જતા રહ્યા. એટલે તો અત્યારે છદ્મવેશે વતનના ગામ આવ્યા હતા.

જમીને જ્ઞાનની વાતોની વચ્ચે કોઈએ પૂછી લીધું કે, 'આ ગામનો તમારો ગુરૂ ભાઈ કોણ?'

'મને એનું સાચું નામ ખબર નથી પણ **ગુરૂએ કચ્છનો વતની હોવાથી નારાયણ સ્વામી નામ આપેલું.** એણે સંસારમાં કોઈ મંજુલા નામની બાઈ સાથે ભાગીને લગ્ન કરેલા પરંતુ બાઈના મરણ પછી હરીદ્વારમાં અમારા ગુરૂ પાસે સંન્યાસ લીધો' એટલી ખબર છે.

'એજ માધવસંગ. આ જીતુનો બાપ અને એજ મંજુલા આ કાનજી અને અરજણની બહેન.' સૌ ગણગણાટ કરવા લાગ્યા.

'ક્યાં છે એ માધવસંગ ઉર્ફે તમારો નારાયણ બાવો? અમારે પણ એ માધીયા, જે અમારી બહેનને ભગાડી ગયો, એની ખબર લેવી છે' કાનજીએ કહ્યું.

'મારે પણ જાણવું છે કે મારી માને મૂકીને મારો બાપ કેમ જતો રહ્યો, જ્યારે મારો જન્મ પણ નહોતો થયો. મારા કાકાએ મોટો કર્યો. હું ભણી ન શક્યો અને આ મહેશકાકાની ચાની કીટલી ચલાવવી પડી. મારી માએ ખૂબ રાહ જોયા પછી મારા કાકા સાથે દિયરવટું કરી, ગામના મેણા-ટોણાથી બચવા ગામ છોડવું પડ્યું. શું હતો મારો અને મારી માનો વાંક-ગુનો?' જીતુએ ઉશ્કેરાઈને આક્રોશથી કહ્યું.

બાપુએ ગોગલ્સ પાછળ આંખોમાંથી લાગણી વહી ન જાય એ સાવચેતી રાખી મનોમન નિર્ણય કર્યો કે છદ્મવેશ તો ચાલુ રાખવો જ પડશે. મંજુલાના ભાઈઓ બહેનનું વેર લેવા કે પોતાનું જ લોહી જીતુ, એની માનું વેર લેવા, ઓળખાઈ જવાય, તો ગમે તે કરે.

'જુઓ ભાઈઓ, અમે તો રહ્યા સંન્યાસી. સાધુ બન્યા પછી અમારા સંસારી સંબંધો પૂરા થઈ જાય, જ્યારે અમે ગુરૂ પાસે દીક્ષા લઈએ ત્યારે. મને ખબર નથી નારાયણ સ્વામી ક્યાં છે? મારી જેમ એ પણ ભારત ભ્રમણ કરવા નીકળી ગયા છે. પાંચ-સાત વરસે કદાચ કુંભમેળામાં મુલાકાત થાય ત્યારે તમારી લાગણી હું એમને પહોંચાડીશ. પણ કદાચ એમણે મંજુલાના અવસાન પછી, પસ્તાવો થતાં સાધુ બનવા નિર્ણય કર્યો હોય. માનવજીવન ક્ષણભંગુર છે. મારી તો તમને સૌને રજૂઆત છે કે, તમે સૌ એને, સંન્યાસી બની ગયેલાને, કડવાશ ભૂલી, માફ કરી દો.' સૌ એકબીજા સામે જોઈને સંમતિસૂચક પ્રતિભાવ આપતા રહ્યા.

ચાલો હવે, રાતવાસો કરીએ. મારે વહેલી સવારે નારાયણ સરોવરની યાત્રાએ નીકળી જવું છે. હર હર ભોલે... જય ગંગા મૈયા... કહીને બાપુ ઉભા થયા.

પોતાના જૂના મિત્ર મહેશ ગીરીને સવારે ચા લાવવાનું કહી, એને વિદાય કરી એકલા પડતાં, વિચારેલ વ્યવસ્થાનો અમલ કર્યો.

સવારે ચા પીને, મહેશગીરીને કહ્યું, 'ભાઈ, માધુ ઉર્ફે નારાયણ સ્વામીના મિત્ર તરીકે તેં મારી ખૂબ સેવા ચાકરી કરી. હવે એક વધારાનું ખાસ કામ તને સોંપું તો?'

'હા બાપુ, ચોક્કસ કરીશ.' 'જો ભાઈ, હું તો સાધુ. અમે સાધુ તો ચલતા ભલા. આ બંધ કવર તને આપું છું. મારો

(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૦ ઉપર)

# SOME GOLDEN THOUGHTS....

*"Opportunity lies in the man and not in the job."*

*"Winning is not everything, but making an effort to win is."*

*"You are today where your thoughts have bought you; you will be tomorrow where your thoughts will take you."*

*"Others can stop you temporarily you are the only one who can do it permanently."*

*"If you don't know where you are going, how can you expect to get there?"*

*"The most important thing about goals, is having one."*

*"The difference between ordinary and extraordinary is that little extra."*

*"People don't plan to fail, they just fail to plan."*

*"A good many gifted people would accomplish more in life if thorns grew on laurels, so they would be harder to rest upon."*

*"There is nothing noble in being superior to some other man. True mobility is being superior to your former self."*

*"Starting out to make money is the greatest mistake in life. Do what you feel you have a flair of doing, and if you are good enough at it, money will come."*

*"Opportunity may be hard to recognize, if you are only looking for a lucky break."*

*"Have a zest for living Go places and do things."*

*"Success in the long run is a measure of one's ability to turn tasks into adventures."*

*"If you can learn to learn from failure, you'll go pretty much where you want to go."*

***Presentation : Dinesh R. Mehta***

*ઉપરવાળો તમારા કરેલા સારા કામોની જ નોંધ લે છે,*
*તમારા દીવા-બત્તી અને કપાળે કરેલા લાંબા ચાંદલાની નોંધ લેવાતી નથી.*

ગેમ્સ ગેલેરી

# આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી...
# હેપ્પી વુમન્સ ડે – બિંગો ગેમ



ભાવના એ. ઝવેરી

**૮ માર્ચ – મહિલા દિન – સ્ત્રી કા સન્માન સબકા પરમ કર્તવ્ય હૈ**

સ્ત્રી કી ઉન્નતિ પર હી રાષ્ટ્ર કી ઉન્નતિ નિર્ભર હૈ.

કોઈ ભી દેશ યશ કે શિખર પર તબ તક નહીં પહુંચ શકતા, જબ તક ઉસકી મહિલાયેં કંધે સે કંધા મિલાકર ના ચલે...

અપને કર્તવ્યો સંગ નારી ભર રહી હૈ અબ ઉડાન,

ના હૈ કોઇ શિકાયત, ના કોઈ થકાન,

યહી હૈ નારી કી પહેચાન...

જીવન કી કલા કો અપને હાથોં સે સાકાર કર નારીને સભ્યતા ઔર સંસ્કૃતિ કા રૂપ નિખારા હૈ.

નારી કા અસ્તિત્વ હી સુંદર જીવન કા આધાર હૈ...

૮મી માર્ચ – આંતરરાષ્ટ્રીય મહિલા દિન નિમિત્તે આપણા દેશની એવી મહિલાઓને યાદ કરીએ, જેમણે વિવિધ કેટેગરીમાં ભારતની પ્રથમ મહિલાનું બિરૂદ મેળવેલ છે. આપણે ગેમ પણ રમીશું અને તેમને યાદ પણ કરીશું.

***ચિત્ર વિશે*** **:** આપેલા ચિત્રમાં દરેક આંઠડા (8)માં મહિલાનું નામ અને તેની કેટેગરીના નામ આપેલ છે. એવા કુલ ૧૨ આઠડા છે. વચ્ચે હેપ્પી વુમન્સ ડે લખેલું છે (બે વાર). આ ચિત્રની રમનારની સંખ્યા પ્રમાણે પ્રિન્ટ કરાવો. બધાને પેન-પેડ સાથે આપો. બધા સિમ્બોલ પાસે અને હેપ્પી વુમન્સ ડે પાસે ૧ થી ૯૦માંથી મનગમતા અંક લખીને તૈયાર કરો (ચિત્રમાં ઉદાહરણ તરીકે અંક આપેલા છે.)

***હોસ્ટ*** **:** હાઉસીના ટોકન નંબર અને બોર્ડ લઇ આ ગેમ રમાડશે.

***ગેમના નિયમ અને જવાબ કઈ રીતે આપવા તેના વિશે:***

★ પહેલી લાઈનના ઊભા ચારેય નંબર થાય તે વિનર.

*જવાબ :* તેમાં નામ લખેલા છે, તે બોલવાના રહેશે. બાદમાં નંબર વેરીફાય કરવા.

★ બીજી ઊભી લાઈનના નંબર થાય તે વિનર.

★ ત્રીજી ઊભી લાઈનના નંબર થાય તે વિનર.

★ ચાર કોર્નર અને હેપ્પી વુમન્સ ડે પાસે લખેલા નંબર થાય તે વિનર.


★ પહેલા બોક્ષના છએ નંબર અને હેપ્પી વુમન્સના નંબર થાય તે વિનર.

★ બીજું બોક્સ અને હેપ્પી વુમન્સનો નંબર થાય એ વિનર.

★ બધા જ નંબર થાય એ બીગ વિનર.

★ ***સરપ્રાઇઝ વિનર*** : જેને હેપ્પી વુમન્સ ડે પાસે ૮ અને ૩ નંબર લખેલા હોય તેને ગીફ્ટ મળશે કેમકે ૮ માર્ચ (૩જો મહિનો)

***અહીં ચિત્રમાં જે નામ આપેલા છે, તેના સિવાયના પણ ઘણા નામો છે. તેના પરથી તમે ઘણી ગેમ્સ રમાડી શકો છો.***



# ભારતની પ્રથમ મહિલાનું બિરૂદ

| | મહિલાનો હોદ્દો | નામ |
|---|---|---|
| ૧. | પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ | પ્રતિભાસિંહ પાટીલ |
| ૨. | પ્રથમ મહિલા પ્રધાનમંત્રી | ઇંદીરા ગાંધી |
| ૩. | પ્રથમ લોકસભા અધ્યક્ષ | મીરા કુમાર |
| ૪. | પ્રથમ રાજ્યસભા ઉપાધ્યક્ષ | વાયલેટ અલ્વા |
| ૫. | પ્રથમ મહિલા સાંસદ | રાધાબાઈ સુબ્બારામન |
| ૬. | પ્રથમ મહિલા રાજ્યપાલ (ઉત્તર પ્રદેશ) | સરોજિની નાયડુ |
| ૭. | પ્રથમ મહિલા શાસિકા | રઝીયા સુલતાન |
| ૮. | પ્રથમ આઈ.એ.એસ. | અન્ના જ્યોર્જ |
| ૯. | પ્રથમ આઈ.પી.એસ. અધિકારી | કિરણ બેદી |
| ૧૦. | પ્રથમ મુખ્યમંત્રી (ઉત્તર પ્રદેશ) | સુચેતા કૃપલાની |
| ૧૧. | પ્રથમ કેન્દ્રિય મંત્રી | રાજકુમારી અમૃત કૌર |
| ૧૨. | પ્રથમ કોંગ્રેસ અધ્યક્ષા | એની બેસન્ટ |
| ૧૩. | સુપ્રીમ કોર્ટના પ્રથમ ન્યાયાધીશ | ફાતિમા બીબી |
| ૧૪. | ઉચ્ચ ન્યાયાલયના પ્રથમ મુખ્ય ન્યાયાધીશ | લીલા શેઠ (હિમાચલ પ્રદેશ) |
| ૧૫. | પ્રથમ મહિલા સત્ર ન્યાયાધીશ | અન્ના ચાંડી (કેરાલા) |
| ૧૬. | અશોકચક્ર મેળવનાર પ્રથમ ભારતીય મહિલા | નીરજા બારોટ |
| ૧૭. | સંયુક્ત રાષ્ટ્રસંઘની રાજદૂત | વિજયાલક્ષ્મી પંડિત |
| ૧૮. | ઇંગ્લીશ ચેનલ પાર કરનાર પ્રથમ મહિલા | આરતી સાહા |
| ૧૯. | નોબેલ પુરસ્કાર વિજેતા | મધર ટેરેસા |
| ૨૦. | એવરેસ્ટ શિખર પર પહોંચનાર | બચેન્દ્રી પાલ |
| ૨૧. | પ્રથમ મહિલા મિસ વર્લ્ડ | કુ. રીતા ફરિયા |
| ૨૨. | એવરેસ્ટ પર બે વાર ચઢનાર | સંતોષ યાદવ |
| ૨૩. | મિસ યુનિવર્સ બનનાર પ્રથમ મહિલા | સુસ્મિતા સેન |
| ૨૪. | 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા | ઇંદીરા ગાંધી |
| ૨૫. | જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા | આશાપૂર્ણા દેવી |
| ૨૬. | ઓલિમ્પિકમાં કાંસ્ય પદક જીતનાર | કર્ણમ મલ્લેશ્વરી |
| ૨૭. | અર્જુન અને રાજીવગાંધી ખેલરત્ન પુરસ્કાર મેળવનાર | કુંજરાની |
| ૨૮. | પ્રથમ મહિલા સ્નાતક - પ્રતિષ્ઠા શ્રેણીમાં | કામીન રોય |
| ૨૯. | પ્રથમ મહિલા સ્નાતક - બે | કાદમ્બિની ગાંગુલી, ચંદ્રમુખી બસુ |
| ૩૦. | પ્રથમ વાયુસેનાની પાઇલટ બની | હરીના કૌર દયાલ |
| ૩૧. | પ્રથમ એર બસ પાઇલટ કેપ્ટન | દુર્બા બેનર્જી |
| ૩૨. | પ્રથમ લેફ્ટન્ટ જનરલ | પુનીતા અરોરા |
| ૩૩. | પ્રથમ એરવાઇસ માર્શલ | પી. ચંદ્રોપાધ્યાય |
| ૩૪. | ચેરપર્સન ઓફ ઇન્ડિયા એરલાઇન્સ | સુષ્મા ચાવલા |
| ૩૫. | પ્રથમ મહિલા અંતરીક્ષ યાત્રી | કલ્પના ચાવલા |

| | | |
|---|---|---|
| ૩૬. | ઓસ્કાર પુરસ્કાર મેળવનાર પ્રથમ મહિલા | ભાનુ અપૈય્યા |
| ૩૭. | એશિયાઇ ખેલમાં સ્વર્ણ પદક વિજેતા | કમલજીત સંધુ |
| ૩૮. | દક્ષિણ ધ્રુવ પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા | રીના કૌશલ ધર્મશક્તિ |
| ૩૯. | સાત પ્રમુખ સાગર તરીને પાર કરનાર | બુલા ચૌધરી |
| ૪૦. | ગોબી રેગિસ્તાન પાર કરનાર પ્રથમ મહિલા | સુચેતા કદેથાનકર |
| ૪૧. | રાજ્યસભાની પ્રથમ મહિલા સચિવ | વી. એસ. રમાદેવી |
| ૪૨. | રાજ્યસભા માટે નામાંકિત થનાર પ્રથમ અભિનેત્રી | નરગીસ દત્ત |
| ૪૩. | સાહિત્ય અકાદમી જીતનાર | અમૃતા પ્રીતમ |
| ૪૪. | ઓલિમ્પિક ખેલમાં ભાગ લેનાર | મેરી લીલા રાવ |
| ૪૫. | ભારતીય સિનેમાની પ્રથમ અભિનેત્રી | દેવિકારાની રોરીક |
| ૪૬. | રાષ્ટ્રીય આયોગની પ્રથમ મહિલા | જ્યોતિ પટનાયક |
| ૪૭. | પ્રથમ દૂરદર્શન સમાચાર વાચક | પ્રતિમા પૂરી |
| ૪૮. | વિશ્વ બેડમિન્ટન ખિતાબ જીતનાર અને ઓલિમ્પિકમાં સિલ્વર મેડલ જીતનાર | પી.વી. સિંધુ |
| ૪૯. | ઓલિમ્પિક બેડમિન્ટનમાં સિંગલ સ્પર્ધામાં કાંસ્ય પદક જીતનાર | સાઇના નહેવાલ |
| ૫૦. | કુસ્તીમા પદક જીતનાર પ્રથમ મહિલા | સાક્ષી મલીક |
| ૫૧. | ઓલિમ્પિકમાં મુક્કેબાજીમાં કાંસ્ય પદક જીતનાર | મેરીકોમ |
| ૫૨. | પ્રથમ મહિલા વિદેશ સચિવ | ચોકિલા ઐયર |
| ૫૩. | રાજ્યસભા ઉપસભાપતિ - પ્રથમ મહિલા | નજમા હેપતુલ્લા |
| ૫૪. | ઓલિમ્પિકમાં ક્વોલીફાય થનાર જિમ્નેસ્ટિક | દીપા કરમાકર |
| ૫૫. | આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિની વ્યક્તિગત સદસ્ય બનનાર મહિલા | નીતા અંબાણી |
| ૫૬. | એન્ટાર્કટીકા પહોંચનાર પ્રથમ મહિલા | મેહર મૂસા |
| ૫૭. | યુ.પી.એસ.સી. ભારતની પ્રથમ મહિલા અધ્યક્ષ | રોજ મિલિયન બૈથ્યુ |
| ૫૮. | પ્રથમ મહિલા મેયર (ચેન્નાઇ) | તારા ચેરિયન |
| ૫૯. | અર્જુન પુરસ્કારથી વિભૂષિત થનાર (હોકીમાં) | એન. લમ્સડેન |
| ૬૦. | લશ્કરની પહેલી ભારતીય કેડેટ | પ્રિયા જગમ |
| ૬૧. | પ્રજાસત્તાક દિન – આર્મિ ડે પરેડમાં ભાગ લેનાર પ્રથમ મહિલા સૈનિક | અલ્કા ખુરાના |
| ૬૨. | લશ્કરમાં પ્રાઈવેટ રેન્ક મેળવનારી પ્રથમ | સેપર શાંતિ ટિગ્ગા |
| ૬૩. | ઓફિસર રેન્કમાં નિમણુંક પામનારી પહેલી શહીદ પત્ની | પ્રિયા સેમવાલ |
| ૬૪. | ગેલેન્ટરી ઍવોર્ડ મેળવનાર - સૈનિક ભરતીમાં | મધુમિતા ગેલેન્ટરી |
| ૬૫. | સેનામાં સામેલ થનાર - સ્વોર્ડ ઑફ ઑનર મેળવનાર | દિવ્યા અજિતકુમાર |
| ૬૬. | ફાઇટર પાઇલટ તરીકે માઉન્ટ એવરેસ્ટ પહોંચનારી | નિવેદીતા ચૌધરી |
| ૬૭. | લશ્કરની બીજા નંબરની ઉચ્ચ પદવી લેફ્ટેનન્ટ જનરલના હોદ્દે પહોંચનાર | પુનીતા અરોરા |
| ૬૮. | વાઇસ ઍડમિરલ બનનારા પ્રથમ | પદ્માવતી બંદોપાધ્યાય |
| ૬૯. | ઍરોબિક ટીમ માર્ગદર્શક પ્રથમ મહિલા | દીપીકા મીણા |
| ૭૦. | ગાર્ડ ઑફ ઑનર આપનાર પ્રથમ મહિલા | વિંગ કમાન્ડર પૂજા ઠાકુર |

*બેન્કર્સ કોલોની, ૬૯/ડી, ઝવેરી વિલા, ગેટ નંબર-૩,*
*જ્યુબિલિ સર્કલ સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*મો. ૭૮૭૮૦ ૪૬૩૮૨*

ગેમ્સ ગેલેરી

# ફિલ્મી ફંડા, કહેવતોની દુનિયામાં ડોકિયું



સંકલન : કિરણબેન પી. ઠક્કર

## ફિલ્મી ફંડા

**મિત્રો, આપેલ ચાવીઓની સહાયતાથી ચાર અક્ષરની યોગ્ય ફિલ્મનું નામ શોધી જવાબ લખો.**

**A** ◯ ◯ ◯ ◯

૧. પહેલા અક્ષરની પાછળ 'ક્ષા' મૂકીએ તો 'શ્રેણી' મળે.
૨. બીજા અક્ષરની આગળ 'ભા' મૂકીએ તો 'ભોજાઈ' મળે.
૩. ત્રીજા અક્ષરની આગળ 'પા' મૂકીએ તો 'પવિત્ર' મળે.
૪. ચોથા અક્ષરની પાછળ 'લ' મૂકીએ તો એક જાતિ મળે.

**B** ◯ ◯ ◯ ◯

૧. પહેલા અક્ષરની આગળ 'ટી' મૂકીએ તો 'નિંદા' મળે.
૨. બીજા અક્ષરની પાછળ 'હા' મૂકીએ 'મોટું' મળે.
૩. ત્રીજા અક્ષરની પાછળ 'ટ' મૂકીએ તો 'ઘા' મળે.
૪. ચોથા અક્ષરની આગળ 'વે' મૂકીએ તો 'શત્રુવટ' મળે.

**C** ◯ ◯ ◯ ◯

૧. પહેલા અક્ષરની પાછળ 'ન' મૂકીએ તો 'તાકાત' મળે.
૨. બીજા અક્ષરની આગળ 'ભા' મૂકીએ તો 'કિંમત' મળે.
૩. ત્રીજા અક્ષરની પાછળ 'રૂ' મૂકીએ તો 'શરાબ' મળે.
૪. ચોથા અક્ષરની આગળ 'મા' મૂકીએ તો 'મહિનો' મળે.

## કહેવતોની દુનિયામાં ડોકિયું

*નીચે આપેલ કહેવતોના દરેક અક્ષરોના કાનો-માતર, હસ્વઈ-દીર્ઘ ઈ અનુસ્વાર વગેરે શોધી યોગ્ય કહેવત બનાવો.*

| કહેવતો | | જવાબો |
|---|---|---|
| **(૦૧)** ક વ મ હ ય ત હ વ ડ મ અ વ | → | *કૂવામાં હોય તો હવાડામાં આવે* |
| **(૦૨)** ખ ટ રૂ પ ય વ ધ ર ચ ળ ક | → | |
| **(03)** ક જ ય ન મ ક ળ | → | |
| **(૦૪)** ખ ડ ખ દ ત પ ડ | → | |
| **(૦૫)** અ ક હ થ ત ળ ન પ ડ | → | |
| **(૦૬)** ઘ ર ઘર મ ટ ન ચ લ | → | |
| **(૦૭)** ક ળ જ ય ન ક હ ણ ર હ | → | |
| **(૦૮)** ક ગ ન બ સ વ ન ડ ળ ન પ ડ વ | → | |
| **(૦૯)** ગ ર જ સ ર અ ટ લ વ દ વ ર | → | |
| **(૧૦)** ઘ ર ડ ગ ડ વ ળ | → | |
| **(૧૧)** ચ ત ત ન ર સ દ સ ખ | → | |

# મહત્ત્વની માહિતી

## નક્ષત્ર અને રાશિ

જ્યોતિષશાસ્ત્રના નક્ષત્ર અને રાશિ શબ્દો જાણીતા છે. રાશિ ઉપરથી ભવિષ્ય કથન તમે વાંચતા હશો. પ્રાચીનકાળમાં ઋષિમુનિઓએ સૂર્ય, ચંદ્ર અને તારાઓની ગતિ અને સ્થાનનો અભ્યાસ કરીને પંચાંગની રચના કરેલી. પંચાંગમાં કયા દિવસે સૂર્ય, ચંદ્ર અને તારાઓ ક્યાં હોય છે તેની ચોક્કસ માહિતી હોય છે. પૃથ્વી અને ચંદ્રની પ્રદક્ષિણા અને ધરી ભ્રમણનો સમય નિશ્ચિત હોય છે. એટલે સમગ્ર સૂર્યમાળાની ગતિવિધિ ચોક્કસ અને નિયમિત હોય છે. આકાશમાં ચંદ્ર તારાઓની વચ્ચે સરકતો હોય છે. **ચંદ્રની ભ્રમણ કક્ષાના ૨૭ ભાગ પાડી ખગોળશાસ્ત્રીઓએ તેને નામ આપ્યા છે. આ નામ જાણીતા છે. દરેક ભાગમાં તારા હોય છે. તારાના ઝુમખાના આકાર ઉપરથી તેને નામ અપાય છે. ચંદ્ર જે ઝુમખામાં હોય છે, તે નક્ષત્રમાં છે તેમ કહેવાય છે.** નક્ષત્રોના નામ ઉપરથી કારતક, માગશર, પોષ વગેરે મહિનાના નામ પડ્યા છે. વિક્રમ સંવત ચંદ્રની ગતિવિધિના આધારે ગણાય છે. તેને ચાંદ્રવર્ષ કહે છે.

**ચંદ્રની ભ્રમણકક્ષાની જેમ સૂર્યની ફરતે પ્રદક્ષિણા પથના વર્તુળના ૧૨ ભાગ પાડી તેને રાશિ નામ અપાયું.** રાશિ એટલે કે ઢગલો કે સમૂહ. રાશિમાં તારાનો સમૂહ હોય છે. તેની ગોઠવણીમાં બળદ, સિંહ, ત્રાજવા, માછલી જેવા આકારોની કલ્પના કરીને બાર રાશિના નામ અપાયા છે. બધું ચક્રાકાર છે પરંતુ અશ્વિની પહેલું નક્ષત્ર અને મેષને પહેલી રાશિ ગણવામાં આવે છે.

## પર્યાવરણને સૌથી વધુ ઉપયોગી : વાંસ

વનસ્પતિ વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઇડ શોષીને ઓક્સિજન ભેળવે છે અને પર્યાવરણને ઉપયોગી થાય છે. તેમાં સૌથી વધુ ઓક્સિજન ભેળવવામાં વાંસનો ફાળો છે. વાંસ અન્ય વનસ્પતિ કરતાં ૩૦ ટકા વધુ ઓક્સિજન મુક્ત કરે છે. આ ઉપરાંત પણ વાંસ પર્યાવરણ જ નહીં પણ માનવજાત માટે ઉપયોગી વનસ્પતિ છે. વાંસ સૌથી વધુ ઝડપે વિકાસ પામતી વનસ્પતિ છે. એટલે તેની ઉપજ માટે વધુ મહેનત કરવી પડતી નથી. વાંસનાં જંગલો થોડા સમયમાં જ વિસ્તાર પામતા હોય છે. વાંસ એકથી પાંચ વર્ષના ગાળામાં જ પુખ્ત બની જાય છે. સખત લાકડાના બીજા વૃક્ષો ૨૦થી ૨૫ વર્ષે પુખ્ત બને છે.

વાંસનું મૂળતંત્ર અજાયબ છે. વાંસને કાપી લીધા પછી તેના ઠૂંઠા મૂળમાંથી ફરી ઉગી નીકળે છે. વાંસને ખાતર કે અન્ય રસાયણની જરૂર પડતી નથી. વાંસના પાન ખરીને જમીન પર પડે તેના ખાતરથી જ તે વિકસે છે.

વાંસના દરેક અવયવ માણસજાતને વિવિધ રીતે ઉપયોગી થાય છે. વાંસનું જંગલ જમીન ધોવાણ અટકાવે છે. વાંસ બધી જ ઋતુ અને હવામાનમાં વિકાસ પામે છે.

વાંસ વચ્ચેથી પોલા હોય છે. તે સ્ટીલ કરતાં પણ વધુ મજબૂત હોય છે. વાંસને ઉધઈ કે અન્ય જીવાત લાગતી નથી. એટલે સડતા નથી. વાંસમાં બાંબુકૂન નામનું દ્રવ્ય હોય છે. વાંસમાંથી બનેલા કોલસા પાણી ગાળવાનું ઉત્તમ માધ્યમ છે. તે વાતાવરણમાંથી દુર્ગંધ દૂર કરે છે. ચીન અને જાપાનમાં બેગમાંથી ગંધ દૂર કરવા ડામરની ગોળી નહીં પણ વાંસના કોલસાનો ટુકડો મૂકાય છે. વાંસના રેસા ભેજશોષક છે. વાંસની દીવાલો ઘરને વધુ ઠંડું રાખે છે. એશિયાના ઘણા દેશોમાં વાંસનો ખોરાક તરીકે પણ ઉપયોગ થાય છે. કૂમળા વાંસની વાનગીઓ બને છે.

## રણ પ્રદેશની વનસ્પતિ : કેક્ટસ

કેક્ટસ, જેને આપણે થોર કહીએ છીએ **તે રણ પ્રદેશની મુખ્ય વનસ્પતિ છે. વિવિધ આકાર અને કદના ૨૦૦૦ જાતના કેક્ટસ જોવા મળે છે.** ઘણા કેક્ટસ આકર્ષક હોવાથી વિશ્વભરના દેશોમાં થાય છે. કેક્ટસ પાણીનો પુષ્કળ સંગ્રહ કરી શકે છે અને પ્રચંડ ગરમીમાં પણ લાંબો સમય જીવિત રહી શકે છે. કેક્ટસ વિશે અન્ય વાતો પણ જાણવા જેવી છે.

- કેટલાક કેક્ટસ ૬૦ ફૂટ જેટલા ઊંચા થાય છે. સૌથી નાના કેક્ટસ બે કે ત્રણ ઇંચ ઊંચાઇના હોય છે.
- દરેક કેક્ટસની પાન અને થડની સપાટી પર મીણ જેવા ચીકણા પદાર્થોનું આવરણ હોય છે. જેથી તેમાંનું પાણી બાષ્પીભવન થઇને ઉડી જતું નથી.
- મોટાભાગના કેક્ટસને પાન હોતાં નથી. જાડી ડાળીઓ જ હોય છે.
- કેક્ટસના મૂળ જમીનમાં ઓછી ઊંડાઈ સુધી હોય છે. પરંતુ સાત ફૂટ જેટલા ઘેરાવામાં ફેલાયેલા હોય છે.
- મોટાભાગના કેક્ટસને લાલ અને પીળા રંગના ફૂલ બેસે છે.
- દરેક કેક્ટસને પ્રાણીઓ સામે રક્ષણ મેળવવા સપાટી પર તીક્ષ્ણ કાંટા હોય છે.

## ઉર્જાના વિવિધ સ્વરૂપ

મશીનો, વાહનો વગેરે ચલાવવા માટે શક્તિ જોઈએ. માણસો અને પ્રાણીઓને હાલવા ચાલવા માટે પણ શક્તિ જોઈએ. આ શક્તિ શું છે? તેને ઉર્જા કે એનર્જી પણ કહે છે. સાદી ભાષામાં કહીએ તો ઉર્જા એટલે કામ કરવાનું બળ. આપણી

ચારે તરફ કોઈને કોઈ રૂપે ઉર્જાનો ઉપયોગ થાય છે. પક્ષીઓ ઉડે, ટી.વી. કે રેડિયો ચાલે, રસોઇ થાય કે ઝાડપાન પવનથી હલે ત્યારે શક્તિનો ઉપયોગ થતો હોય છે. આ શક્તિના વિવિધ સ્વરૂપોને પણ ઓળખવા જેવા છે.

**પ્રકાશ :** પ્રકાશ એ સૂર્યમાંથી આવતી વિકિરણરૂપી શક્તિ છે. વનસ્પતિ તેમાંથી ખોરાક બનાવે છે અને સજીવન સૃષ્ટિ તેમાંથી શક્તિ મેળવે છે.

**ગરમી :** સૂર્યપ્રકાશમાં ગરમી પણ હોય છે. અગ્નિથી પણ ગરમી પેદા થાય. ગરમીનું હવામાં તેમજ વિવિધ માધ્યમોમાં વહન થાય છે. ગરમીના ઉપયોગ જાણીતા છે.

**વીજળી :** પદાર્થમાં ઇલેક્ટ્રોનની ગતિવિધિમાંથી વીજળી મળે છે. વીજળીના ઉપયોગોની યાદી લાંબી છે. વીજળી પેદા કરવા ગરમી, અણું કે પ્રકાશનો ઉપયોગ થાય છે.

**અણું ઉર્જા :** પદાર્થના અણુના વિભાજન વખતે ઘણી શક્તિ પેદા થાય છે. મોટા રિએક્ટરમાં રેડિયો એક્ટિવ ધાતુના અણુંનું વિભાજન કરી શક્તિ મેળવાય છે. તેનો ઉપયોગ અન્ય શક્તિઓ પેદા કરવામાં વપરાય છે. મુખ્યત્વે અણું ઉર્જાનો ઉપયોગ વીજળી પેદા કરવા થાય છે.

**ગતિ :** હાલતી ચાલતી દરેક વસ્તુમાં ગતિ ઉર્જા હોય છે. તેને કાઇનેટિક એનર્જી કે ચાલક બળ કહે છે. અણુ, વીજળી, ગરમી કે અન્ય શક્તિથી ગતિ શક્તિ મેળવી શકાય છે.

**પવન :** પૃથ્વીના ચક્રાકાર ફરવાથી તેની સપાટી પર પવન પેદા થાય છે. પવનની શક્તિથી પવનચક્કી વડે વીજળી ખેંચી શકાય છે. વહાણો પણ પવનની શક્તિથી ચાલે છે.

**રાસાયણિક શક્તિ :** કેટલાક રસાયણો પરસ્પર પ્રક્રિયા કરી ગરમી કે વીજળી પેદા કરે છે. બેટરી તેનો ઉત્તમ નમૂનો છે.

## મહત્ત્વની માહિતી

## વિશ્વનો અલભ્ય ગણતરી યંત્ર

નીચેની વિગત જરૂરથી વાંચશો અને કોઈ સ્થાને સાચવીને રાખશો. આ પ્રકારની વિગત દરેક સ્થળે ઉપલબ્ધ હોતી નથી. આ વિગત એટલે સમગ્ર વિશ્વનો સૌથી મોટો અને વૈજ્ઞાનિક સમયની ગણતરીનો અલભ્ય યંત્ર (જેને ઋષિ મુનિઓએ પણ અપનાવ્યો હતો.)

- ૧ ક્રતિ = સેકન્ડનો ૩૪૦૦૦મો ભાગ
- ૧ ત્રુતિ = સેકન્ડનો ૩૦૦મો ભાગ
- ૨ ત્રુતિ = ૧ લવ
- ૧ લવ = ૧ ક્ષણ
- ૩૦ ક્ષણ = ૧ વિપલ
- ૬૦ વિપલ = ૧ પલ
- ૬૦ પલ = ૧ ઘડી (૨૪ મિનિટ)
- ૨.૫ ઘડી = ૧ કલાક (હોરા)
- ૨૪ કલાક = ૧ દિવસ
- ૭ દિવસ = ૧ સપ્તાહ
- ૪ સપ્તાહ = ૧ મહિનો
- ૨ મહિના = ૧ ઋતુ
- ૬ ઋતુ = ૧ વર્ષ
- ૧૦૦ વર્ષ = ૧ શતાબ્દિ
- ૧૦ શતાબ્દિ = ૧ સહસ્ત્રાબ્દિ
- ૪૩૨ સહસ્ત્રાબ્દિ = ૧ યુગ
- ૨ યુગ = ૧ દ્વાપર યુગ
- ૩ યુગ = ૧ ત્રેતા યુગ
- ૪ યુગ = સતયુગ
- સતયુગ + ત્રેતાયુગ + દ્વાપરયુગ + કલિયુગ = ૧ મહાયુગ
- ૭૬ મહાયુગ = મનવન્તર
- ૧૦૦૦ મહાયુગ = ૧ કલ્પ
- ૧ નિત્ય પ્રલય = ૧ મહાયુગ (ધરતી પર જીવનનો અંત અને ફરીથી આરંભ)
- ૧ નૈમિતિકા પ્રલય= ૧ કલ્પ (દેવોનો અંત અને જન્મ)
- મહાકાલ = ૭૩૦ કલ્પ (બ્રહ્માનો અંત અને જન્મ)

***સમગ્ર વિશ્વનો સૌથી મોટો અને વૈજ્ઞાનિક સમયની ગણતરી -યંત્ર આ છે. જે આપણા ભારત દેશમાં બન્યો છે. ભારત દેશ માટે આપણને ગૌરવ છે.***

- બે લિંગ : નર અને નારી
- બે પક્ષ : શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ
- બે પૂજા : વૈદિકી અને તાંત્રિકી (પુરાણોક્ત)
- બે અયન : ઉત્તરાયન અને દક્ષિણાયન
- ત્રણ દેવ : બ્રહ્મા, વિષ્ણુ, શંકર
- ત્રણ દેવીઓ : મહા સરસ્વતી, મહાલક્ષ્મી, મહા ગૌરી
- ત્રણ લોક : પૃથ્વી, આકાશ, પાતાલ
- ત્રણ ગુણ : સત્વગુણ, રજોગુણ, તમોગુણ
- ત્રણ સ્થિતિ : ઘન, પ્રવાહી, વાયુ
- ત્રણ સ્તર : પ્રારંભ, મધ્ય, અંત
- ત્રણ પડાવ : બચપણ, જુવાની, વૃધ્ધત્વ
- ત્રણ રચનાઓ : દેવ, દાનવ, માનવ
- ત્રણ અવસ્થાઓ : જાગૃત, મૃત, બેહોશી
- ત્રણ કાળ : ભૂત, ભવિષ્ય, વર્તમાન

***(ક્રમશઃ)***

# આંજો કાગર

## 'મંગલ મંદિર' નવી કોલમ ઉમેરીને ઊર્ધ્વ દિશા તરફ ગમન કર્યું છે

સૌપ્રથમ તો 'મંગલ મંદિર' સામયિકમાં **'દિલની જબાન'** નામે જે કોલમ શરૂ કરી છે તે માટે ધન્યવાદ. આ કોલમના આગમન પછી આ માસિકે ઊર્ધ્વ દિશા તરફ ગમન કર્યું છે. કોલમમાં વ્યક્ત થતા કવિઓના જીવન વિશેની માહિતી અને તેમના પરિપક્વ શેરોનું આસ્વાદન હૃદયંગમ રહ્યું છે. આ કોલમથી નવોદિત કવિઓને ગઝલના શેરો વિશેનું માર્ગદર્શન જરૂર મળશે. આ કોલમના કોલમિસ્ટ ખૂબ ગહરાઇ અને અનુભવથી અભિવ્યક્તિ કરી રહ્યા છે, તે સરાહનીય છે.

**કવિ ભૂપેન્દ્ર શેઠ, કવિ રમેશ પટેલ** એમ બંનેના પરિચયાત્મક લખાણો ગમ્યા છે. છેલ્લા ત્રણ ચાર અંકોથી રજૂ થતી ગઝલોના મથાળે જે છંદ બંધારણ મૂકો છો તે પ્રશંસનીય કાર્ય છે. આ રીતે અન્ય ગઝલકારોને કયા છંદની ગઝલ છે તેની જાણકારી ઉપલબ્ધ થશે. છંદ બંધારણ વગરની ગઝલ જેવી છેતરામણી રચનાથી તંત્રીમંડળ મુક્ત રહેશે તો આ મેગેઝિન ૧૦૦ ટકા સાહિત્યિક મેગેઝિનની વ્યાખ્યામાં આવી જશે.

***પ્રવીણભાઈ ગોરધનભાઈ મેંદપરા - માણાવદર***
***મો. ૯૯૨૫૯ ૩૨૧૬૬***

## 'મંગલ મંદિર'ના અંકોની ખૂબ જાણવા અને માણવા યોગ્ય લેખન સામગ્રી

'મંગલ મંદિર' દિવાળી અંક ખૂબ જ સરસ મુખપૃષ્ઠ અને સુંદર આવરણ સાથે સચોટ તંત્રી લેખ. **ચંદ્રકાંત પટેલ 'સરલ'ની બેમિસાલ કોલમ** સહિત કેટલીક સુંદર માહિતી આપી ગયો છે. **તે રીતે મંગલ મંદિરનો કોરોના વિશેષાંક ખૂબ જ સુંદર માહિતી સાથે ઉપયોગી વિગત આપી ગયો છે.** જેમાં સંક્રમણમાં વિવિધ માર્ગદર્શન અને માહિતી રસપ્રદ અને જ્ઞાનવર્ધક છે. સરકારશ્રીની સૂચના અને સુવિધા વગેરે માટે સૌએ સહભાગી થવાની જરૂરત છે તેવી વાત ધ્યાનાકર્ષક રહી છે. તેના સહકાર યોગી બનીએ.

**ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક કોવિડ-૧૯ ટાઇટલમાં પ્રસિધ્ધ તંત્રીલેખ મહત્ત્વની મોટી સિદ્ધિ હેઠળની વિગતને આવકારી છે.** સુંદર વર્ણન સાથે ઉપયોગી અને રસપ્રદ માહિતી આપી ગયો. દીપશીખા, કોરોના વાયરસ, ગુલશન, દિલની જબાન, કવિ રમેશ પટેલની રચના ખૂબ પસંદ આવી. આ કોલમ હેઠળ ખૂબ જ સુંદર કવિઓની કલમને માણવાનો અવસર મળે છે. **જે અમૂલ્ય લાભથી ઘણું જ જાણવા માણવા મળે છે. અભિનંદન.** તે ઉપરાંત અન્ય વાંચન સામગ્રી માહિતી સાથે અંકો સુદર બનેલ છે. તેને આવકારીએ છીએ.

***દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ***
***મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮***

## 'મંગલ મંદિર' પ્રેરણાદાયી અને ઉત્સાહ પ્રેરક

મુખપત્ર 'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરી-૨૦૨૧ના અંકમાં **'ગુલશન' શીર્ષક નીચે 'દિલકી જબાન'**માં સંવેદનશીલ કવિ શ્રી રમેશ પટેલ (મણકો-૩) વાંચ્યું. આ કોલમ માટે લેખક **શ્રી ચંદ્રકાંત પટેલ 'સરલ'ને અમારા તરફથી ખૂબ જ અભિનંદન સહ શુભેચ્છાઓ. આ કોલમનું લખાણ ખૂબ જ પ્રેરણાદાયી અને ઉત્સાહપ્રેરક છે. આજના સમયમાં આ પ્રકારનું વાંચન મનુષ્ય જીવન માટે જરૂરી પણ છે.** આ જ રીતે નવી સંસ્થાઓ / વ્યક્તિઓ વિશે જાણકારી તથા માહિતી આપતા રહેશો. આપના આ સુંદર સામયિક માટે સમગ્ર તંત્રી મંડળને અભિનંદન સહ શુભેચ્છાઓ છે. આ સામયિક હજુ વિશેષ પ્રગતિ કરે અને તે જલ્દી પાક્ષિક કે અઠવાડિક બની જાય તેવી અમારી શુભેચ્છાઓ જરૂર સ્વીકારશો. આભાર.

***બી. એસ. અંજારિયા - રાજકોટ***
***મો. ૯૪૨૬૪ ૧૭૮૫૪***

## ચાતક પક્ષીની જેમ પ્રતીક્ષા કરાવતું 'મંગલ મંદિર'

ચાતક પક્ષીની જેમ પ્રતીક્ષા કરાવતું 'મંગલ મંદિર' નિયમિત મળે છે અને **મળતાની સાથે જ હૈયે ઉત્કંઠા જાગે કે ક્યારે જલ્દી વાંચું?** તેમાં ઉમેરાતા નવા નવા આકર્ષણો ખરેખર મનમોહક છે.

ફેબ્રુઆરીના અંકમાં યાદગાર પ્રસંગો મોકલવા માટેનું નૂતન આકર્ષણ મને ગમ્યું અને મારી કલમ કાંઈક સ્મૃતિદાયક પ્રસંગ લખવા થનગની ઉઠી. મારી કલમ આપના મેગેઝિનમાં સફર કરે તો કેટલું સારું? એટલે એક પ્રયાસ કર્યો છે. 'મંગલ મંદિર'ના માસ ફેબ્રુઆરીના અંકમાં **સુનીતાબેન શાહ** લેખિત 'શારદા નિવાસ' વાર્તા ખૂબ ગમી તથા 'જીવનમાં ભક્તિનું મહાત્મ્ય' **પ્રવીણભાઈ**નો લેખ પણ આનંદની અનુભૂતિ કરાવી ગયો. **દિનેશભાઈ પાંચાલ**ના સામાજિક લેખો પ્રેરણાદાયક હોય જ છે. મેગેઝિનમાં બીજી ઘણી બધી રસપ્રદ લેખન સામગ્રી છે જ. આ રીતે નવી કોલમો ઉમેરાતી જાય અને લેખકોને પ્રોત્સાહિત કરે તેવું ઇચ્છું છું.

**તંત્રીલેખ તો આજના પ્રશ્નોનું નિરાકરણ કરે છે. ખૂબ જ સુંદર વિષયો હોય છે.** આપશ્રી અને સંપાદકશ્રીની ભારે જહેમત જણાઈ આવે છે. આપને ખૂબ અભિનંદન.

***ઇલાબેન કે. શાહ - ખંભાત***
***મો. ૯૯૭૯૩ ૫૬૩૬૦***

## 'મંગલ મંદિર' : માસ ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક અંકનું મુખપૃષ્ઠ, લે-આઉટ, ડીઝાઇન તથા મુદ્રણ ખૂબ જ સુંદર

'મંગલ મંદિર'નો માસ ફેબ્રુઆરી-૨૦૨૧નો અંક મળેલ છે. આભાર. અંકનું મુખપૃષ્ઠ, લે-આઉટ, ડીઝાઈન તથા મુદ્રણ ખૂબ

જ સુંદર છે. મંગલ મંદિરના દરેક વિભાગો બહુ જ પસંદ પડ્યા. દરેક અંક, આબાલવૃધ્ધને સૌને પસંદ પડે તેવા હોય છે. **તંત્રીલેખ માટે ખાસ ધન્યવાદ - અભિનંદન.**

'માતૃભાષા', 'સંસ્કૃતિ', લઘુકથાઓ, રીતરિવાજ, પર્યાવરણ વગેરે વિભાગો પસંદ પડ્યા. અંકના અંતમાં ફિલ્મ / ટી.વી.ની માહિતી આપવા પણ સૂચન છે. સામાન્ય જ્ઞાન, ગેમ્સ ગેલેરી, વૈવિધ્ય વગેરે પણ અભિનંદનીય છે.

**રાજકોટની મુખ્ય પાંચથી છ લાઇબ્રેરીઓમાં આ સામયિક મળતું થાય તે જોશો તો આનંદ થશે.** પાના-૪૯ પર Some Golden Thoughts વાંચ્યા. આ જ રીતે આપણી રાષ્ટ્રભાષાના કોઈ સુંદર લખાણ કે કૃતિ માટે પણ એકાદ પાનું ફાળવાય તો ગમશે.

સુડોકુ, શબ્દ રમત તથા પઝલ ઇત્યાદિથી મગજને કસરત મળે છે. તેથી તે વિભાગો પણ ફાયદારૂપ છે. લઘુ કાવ્યો, હાઇકુ તથા અન્ય કાવ્યો વાંચી આનંદ થયો. સમગ્ર રીતે અંકના સંપાદન બદલ હાર્દિક અભિનંદન. સંસ્થાને તથા મુખપત્રની પ્રગતિ બદલ હાર્દિક અભિનંદન સહ શુભેચ્છાઓ.

***ભરતભાઈ અંજારિયા - રાજકોટ***

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : વયસ્ક સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના જે સિનિયર સિટીઝન, કે જેઓ કાને બહેરાશ અનુભવતા હોય એમના માટે નીચે પ્રમાણે માહિતીની રજૂઆત કરું છું :

*"હું લક્ષ્મીચંદ વીરા – સિનિયર સિટીઝન, બહેરાશ અનુભવતો હતો. મારે વયસ્ક સમિતિના કન્વીનર રજનીભાઈ પારેખ સાથે વાત થયા પછી એમણે 'સાઉન્ડ લાઈફ અને સ્પીચ અને હિયરિંગ ક્લિનિક'માં ઓડિયોગ્રામ માટે બહેરાશની તપાસ કરવા મને મોકલ્યો હતો. આ ક્લિનિક અદ્યતન છે અને તપાસ પણ સારી રીતે કરી આપે છે. વધારામાં સિનિયર સિટિઝન – જો આપણા સમાજના હોય તો ચાર્જ પણ લેતા નથી. તો જેને આ સેવાનો લાભ લેવો હોય એમણે રજનીભાઈ પારેખને મળીને ઉપરોક્ત ક્લિનિકમાં એપોઈન્ટમેન્ટ લઈને ઉપર મુજબની જરૂરી તપાસ કરાવી શકાશે."*

***લક્ષ્મીચંદ વીરા - કારોબારી સભ્ય, શ્રી કચ્છી જૈન સેવા સમાજ***

## મરવાના સો પણ જીવવાનું એક

સવાર સવારમાં છાપું ખોલ્યું અને સામે ત્રણ આત્મહત્યાના સમાચાર જોયા કે મનમાં તરત વિચાર આવ્યો, કે લોકોને કેટલા બધા કારણો મળી જાય છે મરવા માટેના, તો શું એક કારણ નહીં મળતું હોય જીવતા રહેવાનું?

ડિપ્રેશન શબ્દ તો હવે એ રીતે વપરાવા લાગ્યો છે, જાણે દરેક માણસે આજે ડિપ્રેસ થવા સ્પર્ધા કરે છે. નાના કારણો અને ડિપ્રેશન. શું મજાક છે કાંઈ? અધૂરામાં મીડિયા અને સોશિયલ મીડિયા ડિપ્રેશન પર એટલું બધું અસરકારક રીતે બતાવે કે નાની અમથી અસફળતા મળે તો માણસ એમ જ માની લે છે કે એનું જીવવાનું હવે કોઈ કારણ જ નથી રહ્યું.

કેટલીય યોનિમાંથી પસાર થઈને આપણને માણસ અવતાર મળે છે. શું એ જ એક મુખ્ય કારણ નથી કે આપણે એ જીવનને વધાવી લઈએ? હા, માણસ હોય ત્યાં સમસ્યા હોવાની જ. મુશ્કેલી હોવાની, અડચણ આવવાની, અસફળતા પણ મળવાની. હજારો નકારાત્મક કારણો છે પણ એ બધા સામે એક સૌથી હકાર કારણ એ છે જ કે આપણને માણસનો અવતાર મળ્યો.

આજે જ્યારે યુવાનોને આત્મહત્યા જેવું ભયાનક પગલું લેતા જોઉં છું ત્યારે એમ થાય છે કે, જો આટલી હિંમત મરવા માટે આવી શકે છે તો શું જીવવા માટે એ હિંમત ના કરી શક્યો? આજે તો ટ્રેન્ડમાં છે આત્મહત્યા! હવે તો એમાં પણ સોશિયલ મીડિયા ઉપર જાહેરાત કરીને આત્મહત્યા કરે છે અને વિગતે કારણ પણ જણાવે છે.

પ્રેમ માટે આત્મહત્યા? શું મરી જશો તો તમારો પ્રેમ અમર થઇ જશે? એટલો સસ્તો પ્રેમ છે? આવો પ્રેમ કોણ શીખવાડે છે? અને જો પ્રેમ મરવા માટે કારણ આપે છે તો માફ કરજો સાહેબ, તમારો પ્રેમ એક નંબરનો ખોટો છે. તમે સૌથી મોટા ભ્રમમાં જીવો છો અને જે ધમકી આપે છે ને તું મને નહીં મળે તો હું આત્મહત્યા કરી લઇશ, તો એને કરવા દો. પ્રેમમાં ધમકી ક્યાંથી આવી? છે કોઈ યોગ્ય કારણ તમારી પાસે?

**કેટલું સરળ જીવન મળ્યું છે, વગર કારણે એમાં આપણે હેરાન થવાના ઝાડ ઉગાડીએ છીએ અને પછી એ ફળ આપે તો દુ:ખી થઈ જઈએ છીએ.** એક શેરીમાં રખડતા કૂતરાને જુઓ. આસપાસ રહેતી બિલાડીનું નિરીક્ષણ કરો. ઘર પાસેથી નીકળતી ગાય અને તેના વાછરડાં... એમનું જીવન કેવું ખરાબ છે. ખાવા માટે વલખા મારતા હોય છે છતાં પણ ક્યારેય સાંભળ્યું કે કોઈ પશુએ આત્મહત્યા કરી? એને એવું મગજ નથી આપ્યું પણ આપણી પાસે તો છે ને મગજ?

યુવાનો પાસે હજાર કારણો છે ને આત્મહત્યા માટે? આજે હું ફક્ત એક જ કારણ આપીશ. ૯ મહિના પેટમાં જેણે આપણને પોષણ આપ્યું, એ ૯ મહિના દરમિયાન તેણે ઘણું બધું સહન કર્યું. એક બાળક જયારે યોનિમાંથી આવે છે, એ દુ:ખાવો ક્યારેય વિચાર્યો પણ છે? તો શું એ જન્મ આપતી માતા કારણ નથી? કારણ છે... માત્ર માતાના ખાતર આત્મહત્યાનો વિચાર પણ આવવો જોઈએ નહીં. તમને કોણે હક્ક આપ્યો કે એને તમે તમારા મૃત્યુનું દુ:ખ આપો? પિતા, જેણે તમને લાયક કર્યા કે તમે જીવનમાં કાંઈક બની શકો, પોતાની જરૂરિયાતને બદલે પહેલા તમારી જરૂરિયાત પૂરી કરી અને તમે એને તમારા મૃત્યુના સમાચાર આપો છો.

જો કોઈ ડિપ્રેશન છે, પ્રેમમાં સમસ્યા છે, અસફળતાનો સ્વાદ ચાખવો પડ્યો છે ત્યારે ઉપરનો એકમાત્ર કારણ મગજમાં વિચારજો. કોઈપણ ડિપ્રેશન આપણા ચહિતાનો ચહેરો જોવાથી ઇન્સ્પિરેશનમાં બદલાઈ જાય, કોઈપણ પ્રેમની સમસ્યા હોય ત્યારે માતા-પિતાનો પ્રેમ યાદ કરી લેજો અને જો કોઈ અસફળતા મળે છે, તો એટલું યાદ કરી લેજો કે સાત અવતારમાં ભગવાન પણ અસફળ થયા હતા અને આપણે તો માત્ર એક માણસ છીએ.

***મરવાના ભલે હોય સો કારણ, પણ જીવવા માટે એક જ કાફી છે.***

***સુનિલ ગોહિલ "માસ્તર" - ભાવનગર***

***મો. ૯૭૧૪૭ ૪૧૮૩૩***

# અન્ય સંસ્થા સમાચાર

## ઉમા યોગ કેન્દ્ર - ભુજ દ્વારા ત્રાટકના પ્રયોગ

'હઠયોગનું અંગ ગણાતા ત્રાટકનો પ્રયોગ આંતરિક ચેતના જગાવવાનો પ્રયાસ' વિષયે એક પ્રયોગ યોગ કેન્દ્રના સંચાલક ભાવના ઝવેરી અને યોગગુરુ - સલાહકાર કમલકાંતભાઈ દ્વારા તાજેતરમાં ઉમા યોગ કેન્દ્ર - ભુજ ખાતે કરાવવામાં આવેલ હતો.

સામાન્ય રીતે હઠયોગનું અંગ ગણાતા ત્રાટકથી ગુપ્ત શક્તિઓને જાગૃત કરવાનો આ પ્રયોગ ઉમા યોગ કેન્દ્રમાં આખા વર્ષમાં માત્ર એક જ વાર થતો હોવાથી ઉપરોક્ત પ્રયોગ દરમિયાન યોગ સાધકો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા.

દરેક સાધકને એક એક મિણબત્તી પ્રગટાવવાની સુચના આપીને ત્રાટકનો પ્રયોગ કરાવ્યો ત્યારે વાતાવરણમાં જાણે દિવ્ય ચેતનાનો સંચાર થતો હોય એવી અનુભૂતિ સર્વેને થઇ હતી. ખુલ્લી અને બંધ આંખે મિણબત્તી જોવાની પ્રક્રિયા સહિતના સ્ટેપ પછી સાધકોએ આ પ્રકારના અવનવા પ્રયોગ સંબંધી પોતાના અનુભવો જણાવ્યા હતા.

**ત્રાટકના પ્રયોગથી શું લાભ થાય?**

★ ત્રાટકના પ્રયોગથી નાડીઓની સ્થિરતામાં વૃધ્ધિ અને અનિંદ્રાનું નિવારણ થાય છે. ★ અશાંત મન તણાવરહિત બને છે. ★ એકાગ્રતા વધે છે. ★ આધ્યાત્મિક શક્તિનો વિકાસ થાય છે. ★ થોડેઘણે અંશે દૃષ્ટિદોષ પણ દૂર થાય છે.

કોરોના મહામારી દરમિયાન લાંબાગાળાના વિરામ બાદ નવી ચેતનાનો સંચાર કરવા અને શરીરને સ્ફુર્તિમય રાખવા યોગ સાધકો યોગ તરફ વળ્યા છે.... ત્યારે આ યોગ કેન્દ્રમાં ભાવના ઝવેરી દ્વારા દરરોજ દસ મિનિટ ધ્યાન ક્રિયા કરાવવામાં આવે છે. ત્યારબાદ અન્ય પ્રકારના પ્રયોગો કરાવવામાં આવે છે.

આ યોગ કેન્દ્રમાં વિવિધ પ્રોજેક્ટ હેઠળ શારીરિક તથા માનસિક શક્તિ સંબંધી અન્ય પ્રવૃત્તિઓ પણ ચલાવવામાં આવે છે. અંતમાં રોજ વિવિધ રમતો પણ રમાડવામાં આવે છે અને વિજેતાઓને વિવિધ સ્વરૂપે પ્રોત્સાહિત કરવામાં આવે છે, એમ યોગ કેન્દ્રના એક અહેવાલમાં જણાવાયું છે.

## આજીવન ગાંધીવાદી - મણિભાઈ સંઘવી ભુજમાં વ્યાખ્યાનમાળા યોજાઈ

વાગડના વડલા સમાન મણિભાઈ સંઘવી, ગાંધીજીને ક્યારેય મળ્યા ન હોવા છતાં આજીવન ગાંધીવાદી રહ્યા હતા. ગાંધીજીની આશ્રમશાળાની પ્રવૃત્તિ અને અંત્યજોના ઉધ્ધાર માટે પોતાનું જીવન સમર્પિત કરી દીધું હતું. તાજેતરમાં ભુજ ખાતે મહારાવ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલયમાં સ્વ. મણિભાઈ સંઘવીની જન્મ શતાબ્દીની ઉજવણી કરવામાં આવી હતી.

આ સમારંભમાં ગ્રામ સ્વરાજ સંઘ - નીલપરના ટ્રસ્ટી દેવજીભાઈ શુક્લ તથા શિશુમંદિર - માંડવીના સ્થાપક અને સંચાલક તથા મણિભાઈના સાથી હીરજીભાઈ કારાણીએ પોતાના વક્તવ્યો આપ્યા હતા.

દેવજીભાઈ શુક્લએ પોતાના વક્તવ્યમાં કહ્યું કે : 'વાગડના અંત્યજો તથા કોળી પરિવારોના ઉત્થાન માટે મણિભાઈએ આરંભેલા આશ્રમ જીવનના પોતે સાક્ષી હતા અને સહકાર્યકર હોવાનો રાજીપો વ્યક્ત કરતાં મણિભાઈના કાર્યો તથા તેમની સાથેના સંસ્મરણો રજૂ કર્યા હતા.

અન્ય વક્તા અને કચ્છમાં ભૂદાનની પ્રવૃત્તિના અગ્રણી કાર્યકર હીરજીભાઈ કારાણીએ કહ્યું હતું કે, 'વિનોબાજી કચ્છ આવ્યા હતા ત્યારે એકવીસ દિવસ ભૂદાનના કામે મણિભાઈ સાથે રહેવાની તક મળી હતી.' મણિભાઈએ મહાત્મા ગાંધીજી તથા વિનોબાજીથી આકર્ષાઇને ભૂદાન, આશ્રમ શાળા તથા અંત્યજોના ઉદ્ધારની પ્રવૃત્તિનો આરંભ કર્યો હતો.

મણિભાઇના પુત્રી મુક્તાબહેન ભાવસારે બંને વક્તા તથા સમારંભ અધ્યક્ષનો પરિચય આપ્યો હતો. મણિભાઇના પુત્રો દિનેશભાઈ સંઘવી, રવિન્દ્રભાઈ સંઘવી વગેરે આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

*પલમાં હસાવે છે, પલમાં રડાવે છે, ખબર ના પડે,*
*ક્યારે કોના સાથે મળાવે છે. જિંદગી પણ કમાલ છે,*
*રોજ નવા અનુભવ કરાવે છે.*

## 'ગેમ્સ ગેલેરી'ના જવાબો

**કહેવતોની દુનિયામાં ડોકીયુ**

(૧) કૂવામાં હોય તો હવાડામાં આવે, (૨) ખોટો રૂપિયો વધારે ચળકે, (૩) કજીયાનું મોં કાળુ, (૪) ખાડો ખોદે તે પડે, (૫) એક હાથે તાળી ન પડે, (૬) ઘેર ઘેર માટીના ચુલા, (૭) કાળ જાય પણ કહેણ રહે, (૮) કાગનું બેસવું ને ડાળનું પડવું, (૯) ગરજ સરે એટલે વૈધ વેરી, (૧૦) ઘરડા ગાડા વાળે, (૧૧) ચેતતો નર સદા સુખી.

**ફિલ્મી ફંડા**

(A) કભીકભી, (B) કામચોર, (C) દેવદાસ,

# ગઝલકારનો ઊંચો 'દરજ્જો' પ્રાપ્ત કરતા કવિ શ્રી કિરણસિંહ ચૌહાણ

## સમીક્ષા : "દરજ્જો" (ગઝલ સંગ્રહ)

*– રમેશ પટેલ, કવિશ્રી*

*'રોજ પહોંચ્યાનો આનંદ થાય,*
*જ્યારે પોતીકાળને પહોંચાય છે!'*

આ શે'ર રચનાર કવિ શ્રી કિરણસિંહ ચૌહાણ સાવ પોતીકા મિજાજની ગઝલો આપી ભાવકને આનંદલોકમાં લઈ જાય છે. તાજેતરમાં જ 'સ્મરણોત્સવ', 'મિજાજ' પછીનો આ ત્રીજો ગઝલ સંગ્રહ 'દરજ્જો' પ્રગટ કરેલ છે.

ફક્ત કલમને સહારે જિંદગી જીવનારા આ કવિશ્રી આપણને નર્મદની યાદ તાજી કરાવી જાય છે. ત્રણ દાયકાનું તપ આ 'દરજ્જો' ગઝલ સંગ્રહમાં જોઈ શકાય છે. આ સંગ્રહનો મને ગમતો, તમને પણ ગમી જાય તેવો શે'ર છે :

*પોતાની વ્યક્તિ જેવું તમે સ્મિત દઈ દીધું;*
*આજે તો પ્રિયજનનો દરજ્જો મળી ગયો!'*

*(પૃષ્ઠ-૬૯)*

કવિશ્રી કિરણસિંહ જલસાના કવિ છે. એ ગઝલમાં દિવસે વિકસે, રાતે વિકસે છે. નિર્ણાયકને મીઠી ટકોર આ મુજબ કરે છે :

*એમ કહીને ચિત્ર મારું રદ કર્યું,*
*ચિત્રમાંનું છોકરું રોતું નથી!'*

*(પૃષ્ઠ-૧૯)*

*નાનો માણસ થઈને રહું છું,*
*જેથી કોઈ નાનમ નહીં લાગે.*

*(પૃષ્ઠ-૨૭)*

ઉપરોક્ત શે'ર વાંચતા કવિ મનીષી ઉમાશંકર જોશી યાદ આવ્યા વગર રહેશે કેમ? પવન દીવો ઓલવે છે પણ આ કવિની ભીતરનો દીવો શબ્દનું અજવાળું લાવે છે. ગઝલકાર તરીકે કવિ કિરણસિંહ ઊંચા દરજ્જાના કવિ છે. આથી જ પોતાના દિલની વાત જણાવે છે :

*સહેજ પણ છલકાય નહીં,*
*તેં ઘડો એવો ભર્યો!*

*(પૃષ્ઠ-૩૬)*

કવિના અક્ષરે અક્ષરમાં ભક્તિનો નાદ સંભળાય છે. નિંદા કરનારા પણ કવિની ગઝલ સાંભળી - વાંચી દીવાના થઈ જશે જરૂર. ઈર્ષ્યા કરનારા લોકો નાના થશે. કવિ આલા દરજ્જાનો બનશે. ઘર પથ્થરના બને ત્યારે ડુંગરો ગુજરી જાય છે. મંદિરમાંથી સોનાની મૂર્તિ ગાયબ કરનારા તે પૂજારી જ હોય છે.

સત્ય સામે સત્ય મૂકો તો પણ સત્ય હારે, એ ય સત્ય બનતું કવિ અનુભવે છે. મનમાં શું ચાલે છે – એ ગૂગલ નહીં કહે! સિધ્ધિ સૂણતા નહીં, પણ ઉણપ સૂણતા લોકોને મજા પડે છે!

ટી.વી.માં ચોમાસાના સમાચાર જુએ પણ વરસાદથી લોકો કેમ ભીંજાતા નથી – એવો ખેદ કવિ વ્યક્ત કરે છે.

જગતનું 'કડવું સત્ય' કહેતી કઝલો ભાવકને ભાવે તેવી મીઠી મીઠી છે. પરોક્ષ પ્રેમ વિશે કવિ આ વાણી ઉચ્ચારે છેઃ

*તમને અડ્યા વિનાય કર્યો છે અપાર પ્રેમ,*
*મારી તરસ એ માત્ર તરસ છે, હવસ નથી.*

*(પૃષ્ઠ-૩૨)*

કવિને વેદના - પીડાની વાત કરવી છે, ગઝલ દ્વારા. આથી કવિ કહે છે :

*કાનમાં કાંઈ કહેવું છે,*
*જો નજીક આવી શકો!* *(પૃષ્ઠ-૩૭)*

કવિના શ્વાસોચ્છ્વાસમાં ગઝલ છે. આથી કવિનો શબ્દ - શ્વાસ સુલતાન બની જાય છે. લોક સ્વભાવની વાત કવિ આ પ્રમાણે રજૂ કરે છે :

*ઉચ્ચ સ્તરની છે કહી,*
*વાત મોળીમસ કરે!* *(પૃષ્ઠ-૪૭)*

કવિ (સ્વ.) જનક નાયકની જેમ એ 'કિરણ' પણ મળવા જેવો માણસ છે. 'માણસ' વિશે કહે છે :

*એની સાથે બહુ ફાવ્યું નહીં,*
*બિલકુલ મારા જેવો માણસ.*

*(પૃષ્ઠ-૬૨)*

કવિની સાચી સંવેદના પામશો આ શે'રમાં :

*તરાપો થઈને કીડીનો,*
*તરે છે ખાલી પાણીમાં.'*

*(પૃષ્ઠ-૮૧)*

આ ગઝલકારની ગઝલ મેં શ્રી મનહર ઉધાસના કંઠે સાંભળી - માણી છે.

કવિ શ્રી કિરણસિંહ ચૌહાણનું મૃત્યુ ચિંતન આપણા દિલને હલબલાવી જાય તેવું છે. દા.ત.

*આંખો આ મિંચાય... પછી શાંતિ*
*અંધારું સમજાય... પછી શાંતિ*

*(પૃષ્ઠ-૯૪)*

*ક્યારેક ઈશ્વર ફોન કરી પૂછે : 'ક્યાં પહોંચ્યા?'*
*હું કહું છું કે આવું.... છું, બસ... રસ્તામાં છું.*
*(પૃષ્ઠ-૧૦)*

*હોય મહેફિલ શબ્દની કે શ્વાસની,*
*કોઈ તો અધવચ્ચેથી ઉઠી જ છે.* (પૃષ્ઠ-૨૯)

*જન્મદિવસ જેમનો ક્યારેય ઉજવાયો નથી*
*પુણ્યતિથિ એમની બહુ શાનથી ઉજવાય છે.*
(પૃષ્ઠ-૩૩)

*માત્ર તારી રાહ જોવા,*
*કેટલા અવતાર છોડું?*
(પૃષ્ઠ-૫૦)

*કાલે નહીં ઉઠાય તો ચિંતા નહીં,*
*એટલું નિશ્ચિત કરી સૂઈ જાઉં છું.*
(પૃષ્ઠ-૮૯)

પ્રિયજન જોડે વરસાદમાં ભીંજાવાની મજા જ મજા છે. આ શે'ર જરૂર આપણને ય ભીંજવી જશે :

*હું તને મૂકીને આવ્યો ગામડે,*
*ને અહીં વરસાદ આવ્યો ધોધમાર.* (પૃષ્ઠ-૬૮)

કવિના સર્જનને દાદ આપતા જાણીતા ગઝલકાર કવિ શ્રી રઈશ મનીઆર લખે છે : "વર્તમાન સમયના ગુજરાતના મોખરાના કવિઓમાં કવિ શ્રી કિરણસિંહ ચૌહાણ અવશ્ય અને માનભેર સ્થાન પામે એવું સાતત્યસભર સર્જનકાર્ય એમણે કર્યું છે.

ગુજરાતના તમામ મોટા શહેરો ઉપરાંત ભારતભરના મુંબઈ, નાગપુર, અકોલા, ચંપારણ, બેંગ્લોર, ગોવા, ઉત્તરકાશી, કોલકાતા અને કોઈમ્બતુર જેવા શહેરમાં કાવ્યપાઠ કરી કાવ્ય રસિકોના દિલ જીત્યા.

ગઝલ ઉપરાંત હઝલ, સોનેટ, અછાંદસ, ગીત, નવલિકા, હાસ્યનિબંધ, નાટક — એમ વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં એમણે સર્જન કર્યું છે."

'શયદા ઍવોર્ડ' પ્રાપ્ત ગઝલકારનો આ શે'ર વાંચતા મનમાં અજવાળું થશે જરૂર :

*પોતીકો પગરવ જરા કાને પડ્યો*
*મારા ધબકારામાં અજવાળું થયું*
(પૃષ્ઠ-૪૧)

**"દરજ્જો" (ગઝલ સંગ્રહ)**
*કવિ શ્રી કિરણસિંહ ચૌહાણ*
*સાંનિધ્ય પ્રકાશન, સુરત-૯.*
*પ્રથમ આવૃત્તિ : ડિસેમ્બર-૨૦૨૦*
*ડેમી સાઈઝ ● કુલ પૃષ્ઠ : ૯૪ ● કિંમત : રૂા. ૧૨૦/-*
*સંપર્ક : ૮૧૪૧૦ ૩૩૩૧૦*

***'પ્રાંજલ', ૩૦, આનંદ વાટીકા સોસાયટી,***
***સરદાર પુલ પાસે, અડાજણ રોડ, સુરત-૩૯૫ ૦૦૯.***
***મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫***

## ગુજરાતી ભાષાના શ્રેષ્ઠ સાહિત્યકાર : કનૈયાલાલ મુનશી

એ જમાનો મુનશી, મેઘાણી, ગુણવંતરાય આચાર્ય, ધૂમકેતુ જેવા સાહિત્યકારોથી ગાજતો. એમાં 'ગુજરાતનો નાથ', 'પૃથિવીવલ્લભ', 'કૃષ્ણાવતાર' જેવી કથાઓની મોહિનીથી અમર બની ગયેલા ગુજરાતી અસ્મિતા - ગુજરાતી ભાષાના જ્યોતિર્ધર શ્રી કનૈયાલાલ મુનશીનો જન્મ ૩૧-૧૨-૧૮૮૭ના રોજ ભરૂચમાં થયો.

મુંબઈમાં વકીલ થઈ વકીલાત કરી. સાથે સાથે 'ગુજરાત' જેવું સામાયિક ચલાવ્યું. અનેક સાહિત્યકારો ભેગા કર્યા. ગુજરાતના તેઓ ચાણક્ય પુરુષ હતા. એકસો સત્તાવીસ જેટલા સાહિત્યગ્રંથો, પાટણની પ્રભુતા, રાજાધિરાજ, કથાઓ વગેરે અમર રહેશે. એમણે મુનશીયુગ પ્રવર્તાવ્યો. અનેક સાહિત્યકારો, વિચારકો, જાહેર પુરુષોના તેઓ પ્રેરણાસ્થાન હતા. સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેમણે બબ્બે વાર જેલવાસ સ્વીકારેલો. મુંબઇ રાજ્યના ગૃહપ્રધાન, ભારત સરકારના અન્નપ્રધાન, ઉત્તર પ્રદેશના ગવર્નર બન્યા. ગાંધીજી, સરદાર, નહેરુ એમનું નેતૃત્વ - કાર્યશૈલી ઓળખતા અને સમાજ સરકારમાં ઉપયોગ કરતા.

તેમણે 'ભગ્નશેષ સોમનાથ' મંદિરનો સરકારશ્રીના નેતૃત્વમાં ઉધ્ધાર કર્યો. સંસ્કૃત ભાષાના વિકાસ અને પ્રચાર માટે 'વિશ્વ સંસ્કૃત પરિષદ'ની રચના કરી. ભારતીય અસ્મિતાના સ્મારક ભારતીય વિદ્યા ભવનની સ્થાપના કરી. ગુજરાતનો નાથ, મુંજાલ, કીર્તિદેવ, કાક, મંજરી, પરશુરામ, લોપામુદ્રા, મીનળદેવી જેવા પાત્રો એમણે જીવંત કર્યા. તેમની કથાની મોહિનીએ અનેક લોકોને આકર્ષ્યા. જડને ચેતન કરે એવી તેમની ગદ્યશૈલી હતી. **તા. ૮-૨-૧૯૭૧ના રોજ તેમનું અવસાન થયું.**

મુનશી વાણી : અંગ્રેજીમાં શિક્ષણ પામેલા સમાજે નવી પરંપરા ઉભી કરી. અંગ્રેજી વિદ્વાનોના સંશોધન કાર્યે નવો ઈતિહાસ ઉભો કર્યો. સંસ્કૃતનો પુનરુદ્ધાર થયો. સંસ્કૃતના વેદ, ઉપનિષદ, રામાયણ, મહાભારતના વિચારની દિશા ઉઘડી. પ્રતાપ, શિવાજીની મક્કમ વીરતા સજીવન કરી. વિદેશીઓની ધૂંસરી નીચે વેઠ કરતા આપણા સમાજમાં આપણા અતીત ગૌરવ વારસાની ઝાંખી કરાવી. આપણું ગૌરવ સ્વમાન સજીવન કર્યા (નવનીત સમર્પણ - ૨૦૧૯)

# કચ્છ દર્શન

• સંકલન : દિનેશ આર. મહેતા •

• **લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ - યુવાવર્ગના હોદ્દેદારોની વરણી :** લાયન્સ ઈન્ટરનેશનલ અને લાયન ડિસ્ટ્રિક્ટ ૩૨૩૨ના પ્રમુખ લાયન ધીરેનભાઈ મહેતાના નેજા હેઠળ ગાંધીધામમાં ૨૫ મેમ્બરની નવી ક્લબ 'લાયન્સ ક્લબ ઓફ ગાંધીધામ યુવા'ની તાજેતરમાં સ્થાપના કરવામાં આવી છે.

• **પાકમાં સિંધનું ધારાસભ્ય પદ છોડી કચ્છમાં વસનાર રામસિંહ સોઢાનું નિધન :** પાકિસ્તાનમાં સિંધ પ્રાંતનું ધારાસભ્યપદ છોડીને કચ્છ આવી નખત્રાણામાં વસેલા ૭૭ વર્ષીય રામસિંહ સોઢાનું હૃદયરોગના લીધે તાજેતરમાં નિધન થતાં પાકિસ્તાનથી કચ્છ - ગુજરાત સહિત ભારતમાં આવી વસેલા શરણાર્થી સમુદાયમાં શોકની લાગણી ફેલાઈ હતી.

• **કચ્છની ૧૧૦૦ જેટલી પ્રાથમિક શાળાઓ પુનઃ ધબકશે :** રાજ્યમાં કોરોનાનું સંક્રમણ ઘટી રહ્યું હોઈ શાળાઓમાં તબક્કાવાર શિક્ષણકાર્ય શરૂ કરાઈ રહ્યું છે. પ્રારંભે ધોરણ ૧૦-૧૨ અને ત્યારબાદ ધોરણ ૯ અને ૧૧ના વર્ગો શરૂ કરાયા હતા. વિદ્યાર્થીઓના ભાવિને ધ્યાને લઇ રાજ્યના શિક્ષણ વિભાગે આગામી ૧૮મીથી ધોરણ ૬ થી ૮ ની શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લીધો હોઈ કચ્છમાં પણ શિક્ષણ વિભાગે કામગીરીનો ધમધમાટ હાથ ધર્યો છે.

• **કોરોના કાળથી મંદ પડેલા વિવિધ ઉદ્યોગોને મળશે નવજીવન :** સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને હવે થોડા દિવસો બાકી છે ત્યારે મતદારને આકર્ષવા માટે વિવિધ પક્ષો દ્વારા અનેક પ્રલોભનો આપવામાં આવતા હોય છે. ઉપરાંત કોરોનાના કારણે મંદ પડી ગયેલા છાપકામ સહિતના ઉદ્યોગોને તથા ટ્રાન્સપોર્ટ, હોટેલ્સ જેવા ક્ષેત્રોમાં નવજીવન પ્રાપ્ત થશે. આ પ્રમાણેની અસર ગુજરાતના અનેક વિસ્તારો સાથે કચ્છ જિલ્લામાં પણ થશે.

• **ભુજમાંથી ગુમ થયેલા આધેડનો મૃતદેહ હમીરસર તળાવમાંથી મળ્યો :** મળતી વિગતો મુજબ ૫૨ વર્ષીય લાભશંકરભાઈ રાજગોર છેલ્લા કેટલાક દિવસોથી લાપતા હતા. તે અંગે ભુજ શહેર બી ડિવિજન પોલીસ મથકે ગુમનોંધ નોંધાવાઈ હતી. દરમિયાન તા. ૧૬ ફેબ્રુઆરીના બપોર બાદ તેમનો મૃતદેહ હમીરસર તળાવમાંથી મળી આવ્યો હતો. હતભાગીએ બીમારીના કારણે કંટાળીને આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું.

• **બિનહરીફ જાહેર થયા :** ભુજ નગરપાલિકામાં વોર્ડ નં. ૯ ભાજપે બિનહરીફ આંચકી લીધો હતો. આ વોર્ડના ભાજપના ચારે-ચાર ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. કોંગ્રેસના એકમાત્ર ઉમેદવારે ભરેલું ફોર્મ ચકાસણી દરમિયાન રદ થતાં આખો વોર્ડ ભાજપે કબજે કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ વોર્ડ નં.-૯ માં મહિલા અનામતની ૨ બેઠકો પર દિપ્તીબેન રૂપારેલ તેમજ રેશ્માબેન ઝવેરીએ ફોર્મ ભર્યું હતું. તેમની સામે કોંગ્રેસના કોઈપણ મહિલા ઉમેદવારોએ ફોર્મ ન ભરતા, ભાજપના બંને મહિલા ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા.

• **ભુજમાં કચ્છના સર્જકોનો ત્રિ-દિવસીય પુસ્તક મેળો :** સમગ્ર વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી ૨૧મી ફેબ્રુઆરીએ કરશે ત્યારે ભુજમાં પણ અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે. ભારતરત્ન અટલ બિહારી વાજપાયીના જન્મદિને જાહેર થયેલ સંકલ્પ મુજબ કચ્છના સાહિત્ય સર્જકોના સર્જનોનું વેચાણ એ પ્રદર્શન દરમિયાન કરવામાં આવશે. વી.આર.ટી.આઈ. માંડવી અને ઈન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ - ભુજ દ્વારા આયોજિત આ પુસ્તક મેળામાં કચ્છના ૧૫૦ જેટલા સર્જકોના ૬૦૦ જેટલા ટાઈટલ મૂકવામાં આવશે.

• **કોરોનાની રસી લીધા બાદ ગાંધીધામ રામબાગ હોસ્પિટલના ઇન્ચાર્જ સુપ્રિન્ટેન્ડેન્ટને કોરોના :** કોરોનાની મહામારી વચ્ચે રસી આવી જતા લોકોમાંથી કોરોનાનો ભય ઝડપથી દૂર થઈ રહ્યો છે. તો બીજી તરફ હજુ પણ લોકોમાં કોરોનાની રસી લેવા મામલે પણ મનમાં શંકાઓ ઉદ્ભવે છે. પરિણામે, આરોગ્ય તંત્રને રસી લેવા માટે દબાણ કરવાની ફરજ પડી છે. એક માહિતી અનુસાર પૂર્વ કચ્છમાં ગાંધીધામ રામબાગ હોસ્પિટલના ઈન્ચાર્જ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ. અનુજ શ્રીવાસ્તવે કોરોનાની રસી લીધા બાદ તેમનો કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. થોડા દિવસો પહેલા જ તેમણે કોવિડની રસી લીધી હતી. ત્યારબાદ બે ત્રણ દિવસથી તબિયત બગડતા રેપિડ એન્ટિજન ટેસ્ટ કરાવ્યો હતો જેમાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો.

• **કચ્છના વિદ્યાર્થીઓને જેઈઈ, આઈઆઈટી, એસએસસી જેવી વિવિધ પરીક્ષા આપવા બીજા શહેરોમાં નહીં જવું પડે :** કચ્છના સેંકડો વિદ્યાર્થીઓને જુદી જુદી પરીક્ષાઓ માટે રાજકોટ, અમદાવાદ જેવા શહેરોમાં જવું પડતું હતું. હવે વિવિધ પ્રવેશ પરીક્ષાઓ આપવા ભુજ મધ્યે સુવિધા પ્રાપ્ત થશે. આ સંબંધી કચ્છ યુનિવર્સિટીના કુલપતિના માર્ગદર્શન હેઠળ યુનિવર્સિટીના સીસીડીસીના પૂર્વ અને હાલના કો-ઓર્ડિનેટરના પ્રયાસોથી આખરે યુનિવર્સિટીને નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ)નું કેન્દ્ર મેળવવા તાજેતરમાં સફળતા મળી છે. આથી વિવિધ પ્રવેશ પરીક્ષાઓ અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ સ્થાનિક યુનિવર્સિટી ખાતે લેવામાં આવશે.

• **ભુજમાં મહાકાલી માતાજીનો ૩૭૯મો પાટોત્સવ ઉજવાયો**

ભુજ મારુ સોની કંસારા જ્ઞાતિના કુળદેવી મહાકાલી માતાનો ૩૭૯મો પાટોત્સવ તાજેતરમાં ભુજ ખાતે ઉજવાયો હતો. સરકારની ગાઈડલાઇન પ્રમાણે માત્ર હોમહવન અને પ્રસાદ અને સાંજે મહા આરતીનું આયોજન કરાયું હતું. હાલની પરિસ્થિતિ પ્રમાણે મહાપ્રસાદનું આયોજન મુલત્વી રાખવામાં આવ્યું હતું.

## થયું છે

છંદ બંધારણ : લગાગા – લગાગા – લગાગા – લગાગા

છલોછલ તિજોરી, ઘણું ધન થયું છે,
પરંતુ વિષાદી વધુ મન થયું છે.

બધા સામસામા ઉછાળે છે કાદવ,
થયાં ભ્રષ્ટ લોકો કે શાસન થયું છે?

પ્રસાધન ઘણાં, વૈભવી ઠાઠ તો પણ;
વદન મ્લાન, નિસ્તેજ કાં તન થયું છે?

નકર કોઈ સંતાન આવું કરે ના,
જરૂર કંઈક ખોટું જ પાલન થયું છે,

વિજય પાંડવોને મળ્યો, શું નવાઈ,
ચપળ ચક્રધારીનું ચાલન થયું છે.

ફળી પ્રાર્થના એટલે, ના અમારી;
કે મનમાં મલીન કૈંક લાંછન થયું છે.

ખરો પ્રશ્ન આ મૂંઝવે છે કે શાને–
મરણ કેરો પર્યાય જીવન થયું છે?

*ડૉ. નટુભાઈ પંડ્યા - ભાવનગર*
*મો. ૯૪૨૭૫ ૫૮૦૫૩*

## આધાર પાકા નથી

છંદ બંધારણ : ગાગાલગા, ગાગાગાલ, ગાગાલગા

કેવળ શબ્દના આધાર પાકા નથી,
શાયદ તણખલા છે, એ તરાપા નથી.

આપી શકે તો આશ્વાસનો આપજે,
ભારે વચનમાં કોઈ ઇરાદા નથી.

પાછળ રહેલાંનો સાદ સાંભળ કદી,
કોઈની સાથે કાયમ વિધાતા નથી.

કારણ વિના શાને દોડતા હાંફતો?
આ શ્વાસ તારા છે કંઈ પરાયા નથી!

વિતરાગ લાગે રાગી-વિરાગી ભલે,
એની તરજના આલાપ કાચા નથી.

નોખા હિસાબો છે ભાગ્યના ચોપડે,
ને સુખના ખાતે નિયમિત હવાલા નથી.

તું 'કીર્તિ' આગળ આવી ખુલાસા ન કર,
કે, 'પીઠ પાછળના બોલ તારા નથી.'

*કીર્તિકાંત પુરોહિત - વડોદરા*
*મો. ૯૮૭૯૧ ૧૪૨૯૮*

## દુવાના હોય છે

છંદ બંધારણ : ગાલગાગા, ગાલગાગા, ગાલગા

જે ભળી જળમાં જવાના હોય છે,
એ જ પરપોટા હવાના હોય છે.

આપણે તો પર્ણ પર ઝાકળ સમા,
ત્યાં ન મહેલો બાંધવાના હોય છે.

માત્ર એક જ તીર આપ્યું છે મને,
લક્ષ્ય લાખો વીંધવાના હોય છે!

જખ્મ લીધા મૂલ્ય ઊંચું ચૂકવી,
સાચવીને રાખવાના હોય છે.

રત્નમંડિત વસ્ત્ર જે તન પર હતાં,
તે કફનથી ઢાંકવાના હોય છે!

એક ઊઠે હાથ તો હિંસા કરે,
બે ઊઠે તો એ દુવાના હોય છે.

*આબિદ ભટ્ટ - હિંમતનગર*
*મો. ૯૪૦૯૦ ૨૨૧૩૦*

## વાંસળી (ગીત)

તારી વાંસળી સુણીને ભરમાણી
કાનુડા હું તો મનમાં ને મનમાં શરમાણી
ઓલી વેરણના વહાલમાં ભીંજાણી
કાનુડા તારી વાંસળી સુણીને લોભાણી,
કાનુડા તારી વાંસળી સુણીને ભરમાણી.
વીંધેલી વાંસળીએ વીંધ્યું આ તન મારું,
એની સૂરાવલિએ મોહ્યું આ મન મારું,
એના કામણથી કાળજડે કોરાણી
કાનુડા તારી વાંસળી સુણીને લોભાણી,
કાનુડા તારી વાંસળી સુણીને ભરમાણી.
ગોકુળની ગલીઓમાં આવી તું મથુરાથી
ઓળંગી પૂર, સૂર લાવી તું મથુરાથી
તે દિ', ઉછળી'તી યમુના મહારાણી
કાનુડા તારી વાંસળી સુણીને લોભાણી,
કાનુડા તારી વાંસળી સુણીને ભરમાણી.
આથમતા રંગની ને ઊડતા તરંગની,
તારી આ માયા ને છાયા કદંબની,
હું તો કાલિન્દીને કાંઠે અટવાણી.
કાનુડા તારી વાંસળી સુણીને લોભાણી,
કાનુડા તારી વાંસળી સુણીને ભરમાણી.

*જયેશ ઠક્કર - વડોદરા*
*મો. ૯૮૨૪૮ ૭૭૫૮૫*

## ખંડેર જેવો માનવી

આ ખંડેર જેવા માનવીનો ભવ્ય એક ભૂતકાળ હતો,
હડહડ કરો છો આજ જેને યુગ એક ગત ભવ્ય હતો.

મહેલ જેવી ય કૈંક ઈમારત કાળક્રમે ખખડધજ થતી,
એમ ઘણી વ્યક્તિઓ પણ હોય ભવ્ય, જે અભવ્ય થતી.

તમારો છે વર્તમાન જેવો, એવો જ એનો ભૂત હતો,
ભવ્ય બન્યા કે બની રહ્યા છો, એક સમો એ ભવ્ય હતો.

અડીખમ હતો એક કાળ જેનો, આજ હડહડ એ થઈ રહ્યો,
ધાક હતી વળી હાક હતી, 'આરસી' એ છે વિલાઈ રહ્યો.

હિંમતભર્યાં કંઈ કાર્યો એનાં, કિંવદંતી જ બની રહ્યાં,
આદરભરી એ દષ્ટિઓ ક્યાં? આજમાં ક્યાં ભૂલાઈ ગયો?

વિશાળ વડનું થડ હતું તે વડવાઈઓથી વિંટળાઈ ગયો,
વડવાઈ આજે થડ ગણાઇ ને ભડ એ વિસરાઈ ગયો.


સિદ્ધિઓ એની કાળક્રમે ભલેને નગણ્ય લાગી રહી,
અંકુર હતું - ફણગો હતો જે, ફળશ્રુતિને નિહાળો એની.

*'આરસી' શાહ - અમદાવાદ*
*ફોન : (૦૭૯) ૨૭૪૩૮૧૬૩*

## લઘુ કાવ્યો

અહીં માત્ર
મત લેવાનો
વહેવાર છે,
ખુરશી મળી
એ તહેવાર છે.
પૂછીએ જરા
ક્યારે આવશે
દેશપ્રેમ?
નિર્લેપતાથી કહેશે
હજુ વાર છે!

હવે
કૃષ્ણને ચીર પૂરવા
લાંબી લચ્ચ
સાડી નહીં જોઈએ
હવે તો,
નારીએ જ
ઘટાડી નાખ્યો છે
વસ્ત્રોનો ભાર.



ઉદાસીને
આવ જરા
ખંખેરી નાખીએ
ભરેલા આંસુઓને
વેરી નાખીએ...
નાની જિંદગી
લાંબો રસ્તો
હાથ મિલાવ
ચાલી નાખીએ.

*અરુણા અરુણ ઠક્કર 'માધવી'*
*ભુજ, કચ્છ*
*મો. ૯૮૭૯૫ ૩૯૧૭૮*

## વિવેચક (ગઝલ)

વિચારી લખું છું,
વિવેચક બનું છું.

કહો તે કરું છું,
તને હું ગમું છું!

દીપક હોલવાતા,
ચિતાએ બળું છું.

પીધું ઝેર કાતિલ...
છતાં હું જીવું છું!

સમયને પકડવા,
યુગોથી મથું છું!

રમું બાળ સંગે,
ઝઘડતો રહું છું!

*રમેશ પટેલ - સુરત ● મો. ૯૮૨૫૧ ૦૦૨૫૫*

## સ્ત્રી છું, હું પણ એક જીવ છું

હા, પોતાની પહેલા બીજાની ખુશીઓને માન આપવાની ભાવના રાખું છું.
ત્યાગની દેવી નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, પોતાના સંતાનોને ખુદથી પણ વધારે પ્રેમ કરું છું,
મમતાની મૂરત નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, આજે પિતાની તો કાલે પતિના ઘરની રોનક છું,
કોઈ ઢીંગલી નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, પોતાનાઓ પ્રત્યે સમર્પણની ભાવના ધરાવું છું,
કોઈ કઠપૂતળી નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, પોતાનાઓને છોડીને પારકાને પોતાના બનાવું છું,
કોઈ ગુલામ નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, પોતાનાઓ પર પ્રેમ ન્યોચ્છાવર કરવાની આદિ છું,
કોઈની જાયદાદ નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

હા, સદા ચોવીસ કલાક દોડતી રહું છું,
કોઈ મશીન નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

***હા, પ્રેમના બદલામાં પ્રેમ અને સન્માનના બદલામાં સન્માન મેળવવાની આશા રાખું છું,***
કેમકે હું કોઈ વસ્તુ નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

ન બાંધ, એ દુનિયા મને આ બંધનોના બિરૂદમાં,
કોઈ બંદી નથી, સ્ત્રી છું, હું પણ એક જીવ છું.

*જાગૃતિ તન્ના "જાનકી" - મોરબી*
*મો. ૯૯૨૪૨ ૧૫૦૪૦*

## શબ્દની આરપાર જીવ્યો છું, હું બહુ ધારદાર જીવ્યો છું....

*– અમૃત 'ઘાયલ'*

અમૃત ઘાયલના જીવન અને ગઝલો વિશે વાત કરીએ તો, ગુજરાતી ગઝલ સાહિત્યમાં અમૃત ઘાયલનું મહત્ત્વનું પ્રદાન રહ્યું છે. અમૃત ઘાયલ સાદી અને સરળ ભાષામાં હૃદયના ભાવને ગઝલ સ્વરૂપે રજૂ કરતા હતા. કવિ કલાપીના સમાધિના દર્શન પછી અમૃત ઘાયલે ગઝલ લખવાની શરૂઆત કરી હતી. તેમના વતન સરધારમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યા પછી રાજકોટમાં બી.એ.નો અભ્યાસ કર્યો હતો. ૧૯૪૯થી ૧૯૭૩ સુધી જાહેર બાંધકામ ખાતામાં વિભાગીય હિસાબનીશ તરીકે ફરજ બજાવી હતી. ત્યારબાદ નિવૃત્તનું જીવન રાજકોટમાં પસાર કર્યું હતું. અમૃત ઘાયલ વિરહની વેદનાની સાથે આતુરતાને ગઝલમાં એક અલગ અંદાજમાં અભિવ્યક્ત કરતા હતા. અમૃત ઘાયલની ગઝલોમાં સૂફી રહસ્યવાદનો સ્પર્શ છે. બાળપણથી જ સાહિત્ય રસપાન કરીને ગઝલમાં જીવનને સમર્પિત કર્યું હતું. અમૃત ઘાયલની 'આવી પહોંચી સવારી ઘાયલની' જાણીતી ગઝલ છે.

### પ્રસ્તુત ગઝલના અંશો

*શબ્દની આરપાર જીવ્યો છું*
*હું બહુ ધારદાર જીવ્યો છું...*

*જો કાલ આવતું હોય તો, આજ આવે ઘાયલ,*
*એવા મરણની પરવા, મારી બલા કરે છે.*

*પ્રતિબિંબને પણ એ નમણો ચહેરો ગમી ગયો,*
*ઘુંઘટ ખસ્યો ને અરીસો નમી ગયો.*

*કસમ ઘેલછાના જીવનમાં કદાપિ*
*નથી પાછી પાની કરી કોઈ પંથે,*
*મહોબત કહો તો મહોબત કરી છે*
*બગાવત કહો તો બગાવત કરી છે*

*વિચારું છું કે મહોબ્બત તજી દઉં*
*કિન્તુ - ફરી ફરી અહીં માનવ જીવન નથી મળતા.*

## એક નજર...

જિંદગીને વધારે જીવવાની જીજીવિષા જાગી છે
કોઈ આપે તો વ્યાજે અમારે 'શ્વાસો' લેવા છે.

★

કિસીકે હિજ્રમેં પૂરે આંસુ બહા ન દે
મિલન મેં ભી ઉનકી જરૂરત હોતી હૈ.

**મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ**

## સામાન્ય મનુષ્યના પ્રેમી – હમદર્દી કવિ મિરઝા ગાલિબ

મોગલ સંસ્કૃતિએ વિશ્વને ત્રણ અજોડ ભેટ આપી : તાજમહાલ, અદબ તેહજીબ - મુલાયમ - વિનય - મધુર ઉર્દૂ ભાષા અને સામાન્ય મનુષ્ય હૃદયના પ્રેમી - હમદર્દી કવિ મિરઝા ગાલિબ. મિર્ઝા ગાલિબનો જન્મ ૨૭-૧૨-૧૭૯૭માં આગ્રામાં થયો. તેઓ ઈરાનની પૂર્વ દિશામાં આવેલા તુરાન પ્રદેશના તુર્ક હતા.

તેમના પિતા અલવરના રાજાના લશ્કરમાં જોડાઈને યુદ્ધમાં અવસાન પામ્યા. તે વખતે ગાલિબની ઉંમર માત્ર પાંચ વર્ષની હતી.

બહુ નાની ઉંમરથી જ ગાલિબે જીવનની લીલી સૂકી જોઈ. જે દર્દદીલિ-હમદર્દી એમની કવિતામાં આવી. મોગલ શહેનશાહ બહાદુરશાહ ઝફરના દરબારમાં એમને રાજકીય રાજકવિ તરીકે સન્માનિય સ્થાન મળ્યું.

'દીવાને ગાલિબ' તેમનો મશહૂર કાવ્યસંગ્રહ છે.

ગાલિબ સ્વભાવે બુદ્ધિજીવી, માનવતાપ્રેમી, બિનસાંપ્રદાયિક, અત્યંત સ્વમાની, સૂફી મિજાજના કવિ હતા. ગાલિબની કવિતા માનવ જીવનની વિવિધ અનુભૂતિઓ અને વિવિધ વિષયો વિચારોથી મહેકે છે. સૂફી વિચાર એમની કવિતાને નવું સ્વરૂપ આપે છે.

ગાલિબે ગઝલમાં નવા પ્રયોગો - નવા વિષયો લાવી તેને હુસ્ન-ઈશ્ક-વારાંગના-તવાયફથી બહાર લાવી સામાન્ય માનવ વિચાર-સમાજમાં લાવી ગૌરવ આપ્યું.

ગાલિબનું વ્યક્તિત્વ આકર્ષક, જાજરમાન, ઉમદા હતું. તેઓ કોઈપણ ધાર્મિક, વિચાર તત્ત્વજ્ઞાનના સીમાડામાં બંધાયા નહીં. દુનિયાના ખૂણેખૂણાના માણસને સ્પર્શે - કલેશ વેદનાથી મુક્ત કરે તેવી તેમની કવિતાઓ વંચાઈ ગવાઈ. તેમની કવિતા માણસના મનને ઉપર ઉઠાવતી, સેંકડો પુસ્તકો, નાટકો, ફિલ્મો, સ્મારકોથી ગાલિબ શોભે છે.

કલાપીની જેમ ગાલિબનું હૃદય આરઝુઓથી વ્યાકુળ હતું. પણ જીવનમાં એ ધખધખતા રણની જેમ તડપતા રહ્યા. તા. ૧૫-૨-૧૮૬૯ના રોજ તેમનું અવસાન થયું.

*(અખબાર પર આધારિત)*

### હાઇકુ

કવિતા એ છે
કવિ દુઃખ વ્યક્ત
કરતી વાત.

સંસ્કારના
આભૂષણથી દીપે
હવે માનવી!

**દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ**
**મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮**

## NanoNine® શબ્દ રમત-૧૬૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | | ■ | ૬ | | ૭ |
| ૮ | | ■ | ૯ | | ૧૦ | | ■ | ■ | | ■ | |
| | ■ | ૧૧ | ■ | ૧૨ | | ■ | ■ | ૧૩ | ■ | ■ | ■ |
| ૧૪ | ૧૫ | | | ■ | | ■ | ૧૬ | | | ૧૭ | ૧૮ |
| ■ | ૧૯ | | ■ | ૨૦ | ■ | ૨૧ | ■ | | ■ | ૨૨ | |
| ૨૩ | | ■ | ■ | ૨૪ | ૨૫ | ■ | ■ | | ■ | ૨૬ | |
| ૨૭ | | ૨૮ | ■ | ■ | | ■ | ૨૯ | | | ■ | ■ |
| | ■ | | ■ | ૩૦ | | | ■ | ■ | ■ | ■ | ૩૧ |
| | ■ | ૩૨ | | ■ | ૩૩ | | ■ | ૩૪ | ૩૫ | ૩૬ | |
| ■ | ૩૭ | | ■ | ■ | ૩૮ | ■ | ૩૯ | ■ | ૪૦ | | |
| ૪૧ | | | ■ | ૪૨ | | | | | ■ | | ■ |
| ■ | | ■ | ૪૩ | | ■ | ૪૪ | | ■ | ૪૫ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલાવવા વિનંતી.*

### આડી ચાવીઓ

૧. ભારતના હાલના વડાપ્રધાન (૫)
૫. કાગડો (૨)
૬. મુસલમાન વૈદ (૩)
૮. જંગલ, અરણ્ય, રાન (૨)
૯. છીંકણી (૪)
૧૨. બાલદી (૨)
૧૪. છબી, ચિત્ર (૪)
૧૬. માથાનો ભાગ, આબરૂ (૫)
૧૯. જીભથી માલૂમ પડતો સ્વાદ, આનંદ (૨)
૨૧. પવન, વાયુ (૧)
૨૨. તપસ્યા, ઈંદ્રિય દમન (૨)
૨૩. હાસ્ય, નિસાસો (૨)
૨૪. છેડો, દિશા, અંત (૨)
૨૬. રાજા, આચાર્ય વગેરેની પ્રશસ્તિનો પોકારતો પાઠ, નેકી (૨)
૨૭. યોગ્ય કિંમત કરવી તે (૩)
૨૯. કળી, અણખિલેલું ફૂલ (૩)
૩૦. ભૂલ ભરેલું, જુઠ્ઠું (૩)
૩૨. પોઠનો બળદ, વણઝારો (૨)
૩૩. પ્રવાસી માટે સાધન સામગ્રીનો થેલો (ઈં) (૨)
૩૪. એક જાતનું તેલી બી (૪)
૩૭. વેશ ભજવનાર, દોરડી પર નાચનાર (૨)
૪૦. પ્રવાસ (૩)
૪૧. મેઘ ધનુષ્યના સાત રંગનો પ્રથમ રંગ (૩)
૪૨. આરબ લોકોનો દેશ (૫)
૪૩. કમ, ઓછું, ઊણું (૨)
૪૪. પરેજી, કરી (૨)
૪૫. નિરાશ, નાસીપાસ (૩)

### ઊભી ચાવીઓ

૧. માખણ (૫)
૨. રાત, રેણ (૨)
૩. મૃત્યુ, મરણ (૨)
૪. વાઘની જાતનું શરીરે મોટા ટપકાવાળું વન્ય પ્રાણી (૨)
૫. મોટર (અં.) (૨)
૬. સીમા, મર્યાદા (૨)
૭. બુધ્ધિ, મતિ (૨)
૧૦. ફાલવું, વિકસવું (૩)
૧૧. એક જાતનું ભૂતપ્રેત (૩)
૧૩. કહેવતો / કથાઓનો સંગ્રહ (૫)
૧૫. સીમા, સીમાડો (૪)
૧૭. મૂળ ગામ કે દેશ (૩)
૧૮. સોનેરી કે રૂપેરી ટપકી (૩)
૨૦. પિતા, દાદા (૨)
૨૧. પવન, વાયુ (૧)
૨૩. મોહક, ખેંચાણ કરે તેવું (૪)
૨૫. શ્રીકૃષ્ણ અને બળદેવ (૬)
૨૮. અરણીકાષ્ઠ અને સરસવ રાખની પોટલી કાંડે બાંધવાનો અભિમંત્રિત દોરો (૫)
૩૧. રાજકુમાર, પુત્ર (૩)
૩૬. સફળતા, ફતેહમંદી (૪)
૩૭. અશક્ત, કમજોર (૩)
૩૯. બહોળા કુટુંબવાળું (૩)
૪૨. અમૃત, મીઠાશ, કૃપા (૨)

### કીચનમાં A.C.

*કોઈ વિદેશી ભારતમાં આવી પોતાના મિત્રના ઘરે રોકાયો. તેણે જરૂરી નિરીક્ષણ કરી પૂછ્યું કે આટલી ગરમીમાં જેમની પત્ની કીચનમાં રસોઈ કરે છે, તો તેમના માટે કિચનમાં A.C. કેમ લગાવવામાં આવતું નથી?*

*મિત્રે જવાબ આપ્યો : 'જેમની પત્ની કીચનમાં ખાવાનું બનાવે છે તેઓ કીચનમાં એ.સી. લગાવવાનો ખર્ચ નથી ઉઠાવી શકતા અને કીચનમાં A.C. લગાવવાનો ખર્ચ ઉઠાવી શકે છે, તેમની પત્ની કીચનમાં ખાવાનું નથી બનાવતી.*

## NanoNine® શબ્દ રમત-૧૬૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ફા | સ | લો | | પા | ટી | વા | ળો | | પ | ર | બ |
| ર્મ | | ટ | પા | લ | | ળ | | શો | ર | | કા |
| સી | મ | | રો | ન | ક | | ર | | મ | દા | રી |
| | હા | ક | | | થા | પ | ણ | | પ | દ | |
| કા | ર | ણ | ભૂ | ત | | રી | | સા | દ | | સો |
| ર | જ | | | સ | સ્તુ | | ના | થ | | મ | મ |
| તુ | સ | | યા | ર | | ક | રા | | | ક | ર |
| સ | | બ | દ | | તા | | જ | ઠ | ર | ર | સ |
| | ભો | ર | | ભા | વ | ના | | | વિ | | |
| ર | મ | ત | વા | ત | | ત | પા | સ | | જ | સ |
| મ | | ર | ન | | તા | | વ | ર | ખ | | ર |
| ત | ર | ફ | | અ | ન | શ | ન | | ફા | જ | લ |

*માસ જાન્યુઆરી-૨૦૨૧ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૬૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ – અમદાવાદ
૨. પ્રવીણ દંડ – અમદાવાદ
૩. કલ્પના પાલાણી – અમદાવાદ
૪. કલ્પના શાહ – અમદાવાદ
૫. વંદના શાહ – અમદાવાદ
૬. દમયંતી દંડ – અમદાવાદ
૭. પ્રિયંકા શાહ – અમદાવાદ
૮. તૃપ્તિ સાવલા – અમદાવાદ
૯. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૧૦. ચંદ્રકાંત લોડાયા – અમદાવાદ
૧૧. કુલીન મહેશ્વરી – અમદાવાદ
૧૨. સ્મિતા શાહ – અમદાવાદ
૧૩. વર્ષા પારેખ – અમદાવાદ
૧૪. ચંદ્રા શાહ – અમદાવાદ
૧૫. લક્ષ્મી ખત્રી – અમદાવાદ
૧૬. જ્યોતિ ગડા – અમદાવાદ
૧૭. હસ્તી ઠાકર – ભુજ
૧૮. કંચનબેન મોરબિયા – ભુજ
૧૯. જ્યોતિ પારેખ – સિકંદ્રાબાદ
૨૦. સાવિત્રી જેસરાણી – મુંબઈ
૨૧. નગીન શાહ – નાગપુર

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

વંદના શાહ – અમદાવાદ

**શબ્દ રમત-૧૬૬ : સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારના નામ**

૧. વર્ષા પારેખ – અમદાવાદ
૨. ચંદ્રા શાહ – અમદાવાદ
૩. સ્મિતા શાહ – અમદાવાદ

## પરિણય મિલન

### BIO DATA



**NAME** : **CHINTAN DIPAK SHAH**
Father's Name : Dipak Harilal Shah
Mother's Name : Heena Dipak Shah
Birth Date : 13-02-1986
Birth Place : Calicut
Birth Time : 08.10 a.m.
Height : 5'4"
Weight : 55 Kg.
Complexion : Fair
Education : Secondary School Examination (NIOS) Delhi Board
Hobby : Cricker, Movies
Occupation : Service (Bharti Airtel Ltd., Ahmedabad)
Annual Income : 3.5 Lacs + Incentive
Gnati : Kutchhi Jain Gurjar Visa Oswal
Native Place : Bhuj (Kutchh)
Grand Father : Lt. Harilal Popatlal Shah
Nana : Lt. Vadilal Nensi Vora
Brothers : None
Sisters : One (Married)
Residence : Own Flat
Contact Add. : Dipak Harilal Shah
C-701, Riverside Park,
Opp. APMC Market,
Nr. Vaishali Township, Vasna,
Ahmedabad-380 007.
Phone : (079) 4890 4189
Mobile : 90514 99374 / 80171 33267
E-mail : dipakshah146@gmail.com
Other Contacts : Sunil J. Shah - Mumbai (98202 21922)
Mayur J. Shah - Mumbai (9820198028)
Bharatbhai Devchand Shah - Bangalore (9342861353)
Hiren V. Vora - Ahmedabad (98250 18123)
Preference : Simple, Caring & Affectionate

*<u>નોંધ</u> : સમાજ પરિવારજનમાંથી લગ્નોત્સુક કોઈ ઉમેદવારની ઉપર મુજબ વ્યવસ્થિત રીતે વિગત મળશે તો અનુકૂળતાએ મુખપત્ર 'મંગલ મંદિર'માં પ્રસારિત કરવામાં આવશે.*

*– તંત્રી મંડળ*

## NanoNine® Sudoku

**જાન્યુઆરી-૨૦૨૧ ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૧૨૫ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ**

૧. ઈન્દુબેન પટેલ – અમદાવાદ
૨. અવંતી દંડ – અમદાવાદ
૩. પ્રિયંકા શાહ – અમદાવાદ
૪. કલ્પના પાલાણી – અમદાવાદ
૫. સ્મિતા શાહ – અમદાવાદ
૬. ઉષ્મા શાહ – અમદાવાદ
૭. ચંદ્રા શાહ – અમદાવાદ
૮. નગીન શાહ – નાગપુર

*ઉત્તર મોકલાવનારમાંથી લક્કી ડ્રૉ અનુસાર વિજેતાના નામ નીચે પ્રમાણે છે.*

ઈન્દુબેન પટેલ – અમદાવાદ

**સુડોકુ-૧૧૨૪ : સમય વિતી ગયા પછી ઉત્તર મોકલાવનારના નામ**

૧. ઉષ્મા શાહ – અમદાવાદ
૨. સ્મિતા શાહ – અમદાવાદ
૩. ચંદ્રા શાહ – અમદાવાદ

### પ્રકાશ પ્રસરાવો

*અસત્ય લાંબો સમય ટકતું નથી.*

*લોકોની ખોટી ટીકા તરફ ધ્યાન ન આપો. સાચી ટીકા માટે તેમનો આભાર માનો (ભલે મનમાં).*

*તમારી સાથે ગેરવર્તન કરનાર માટે પણ સારું બોલીને તેને શિકસ્ત આપો.*

*અંધકાર હટાવવાનો ઉત્તમ ઉપાય પ્રકાશ પ્રસરાવવાનો છે.*

## NanoNine® Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૧૨૭ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૦૩-૨૦૨૧ સુધીમાં મોકલી આપવા વિનંતી.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૧૨૭

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | | | | | | 8 | 9 | 7 |
| | | | | | 6 | | | |
| | | 4 | 9 | 1 | | | | 5 |
| 4 | 7 | 8 | 1 | | | | | |
| | | 3 | | 8 | | 4 | | |
| | | | | | 3 | 5 | 8 | 6 |
| 9 | | | | 2 | 1 | 3 | | |
| | | | 7 | | | | | |
| 2 | 1 | 5 | | | | | | 4 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 1 | 8 | | 6 |
| 6 | | | | 9 | | 7 | | |
| | 7 | | 8 | 6 | | 4 | | |
| | 2 | | 3 | | 6 | | 1 | |
| | 3 | 6 | | | | 5 | 8 | |
| | 1 | | 5 | | 7 | | 6 | |
| | | 1 | | 7 | 9 | | 4 | |
| | | 7 | | 3 | | | | 8 |
| 5 | | 9 | 1 | | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | 3 | 4 | | | | 7 | 6 |
| | | 9 | 1 | | 8 | | 3 | |
| 5 | 6 | | | 7 | | | | 4 |
| 3 | | | | | | 1 | | |
| | | | 9 | 5 | 6 | | | |
| | | 6 | | | | | | 7 |
| 6 | | | | 3 | | | 5 | 2 |
| | 3 | | 5 | | 4 | 6 | | |
| 2 | 8 | | | | 7 | 4 | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | | | | | | | 9 | 4 |
| | 4 | | | 9 | | 2 | | |
| | | 8 | 4 | | 2 | 1 | | |
| | 2 | 3 | | | 6 | | | 8 |
| | 6 | | | 5 | | | 1 | |
| 5 | | | 8 | | | 3 | 2 | |
| | | 6 | 7 | | 9 | 4 | | |
| | | 5 | | 6 | | | 7 | |
| 2 | 7 | | | | | | | 1 |

**ઉકેલ : ક્રમાંક - ૧૧૨૬**

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 4 | 1 | 3 | 8 | 9 | 2 | 6 | 7 | 5 |
| 7 | 8 | 5 | 4 | 6 | 1 | 3 | 9 | 2 |
| 2 | 9 | 6 | 5 | 3 | 7 | 8 | 1 | 4 |
| 3 | 7 | 2 | 1 | 8 | 6 | 5 | 4 | 9 |
| 1 | 5 | 8 | 9 | 4 | 3 | 2 | 6 | 7 |
| 6 | 4 | 9 | 2 | 7 | 5 | 1 | 3 | 8 |
| 8 | 3 | 1 | 7 | 2 | 4 | 9 | 5 | 6 |
| 5 | 2 | 4 | 6 | 1 | 9 | 7 | 8 | 3 |
| 9 | 6 | 7 | 3 | 5 | 8 | 4 | 2 | 1 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 7 | 6 | 8 | 9 | 2 | 3 | 5 | 4 | 1 |
| 1 | 9 | 4 | 8 | 6 | 5 | 3 | 7 | 2 |
| 3 | 5 | 2 | 4 | 7 | 1 | 6 | 8 | 9 |
| 9 | 4 | 6 | 1 | 8 | 7 | 2 | 3 | 5 |
| 5 | 8 | 3 | 2 | 4 | 6 | 9 | 1 | 7 |
| 2 | 7 | 1 | 3 | 5 | 9 | 8 | 6 | 4 |
| 8 | 1 | 7 | 5 | 3 | 2 | 4 | 9 | 6 |
| 6 | 3 | 5 | 7 | 9 | 4 | 1 | 2 | 8 |
| 4 | 2 | 9 | 6 | 1 | 8 | 7 | 5 | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | 2 | 1 | 4 | 7 | 8 | 6 | 5 | 3 |
| 8 | 5 | 6 | 2 | 9 | 3 | 1 | 4 | 7 |
| 7 | 4 | 3 | 5 | 6 | 1 | 2 | 9 | 8 |
| 4 | 9 | 2 | 6 | 8 | 5 | 7 | 3 | 1 |
| 6 | 7 | 5 | 3 | 1 | 2 | 4 | 8 | 9 |
| 1 | 3 | 8 | 7 | 4 | 9 | 5 | 2 | 6 |
| 3 | 1 | 7 | 9 | 5 | 4 | 8 | 6 | 2 |
| 5 | 6 | 9 | 8 | 2 | 7 | 3 | 1 | 4 |
| 2 | 8 | 4 | 1 | 3 | 6 | 9 | 7 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 9 | 7 | 6 | 5 | 3 | 8 | 4 | 1 |
| 3 | 1 | 5 | 7 | 8 | 4 | 6 | 2 | 9 |
| 8 | 6 | 4 | 2 | 9 | 1 | 5 | 7 | 3 |
| 7 | 5 | 2 | 4 | 1 | 9 | 3 | 6 | 8 |
| 6 | 8 | 1 | 3 | 2 | 5 | 7 | 9 | 4 |
| 9 | 4 | 3 | 8 | 7 | 6 | 1 | 5 | 2 |
| 5 | 3 | 9 | 1 | 6 | 2 | 4 | 8 | 7 |
| 1 | 2 | 8 | 5 | 4 | 7 | 9 | 3 | 6 |
| 4 | 7 | 6 | 9 | 3 | 8 | 2 | 1 | 5 |



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પુત્તર બચુડા, તોકે ડૉક્ટર ભનણું આય સે ત ખાસી ગાલ આય પણ તોકે ચમડીજે રોગજો જ સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર કુલા ભનણું આય?

બચુડો : અધા... ચામડીજા સ્પેશિયાલિસ્ટ ડૉક્ટર ભનેજા મુખ્ય ત્રે લાભ આંઇ. હકડો ત ચામડી જે રોગજો રોગી ચમડીજે રોગથી કડેં મરે નતો. અતરે પાંકે અપજશ મલે ન. બ્યો... હી રોગજો રોગી અડધી રાતજો પાંકે જગાડે ને હેરાન કંઇયે નતા. અને ત્યો કારણ ઇ આય ક ચમડી જા રોગ સામાન્ય રીતે જીવનભર મટધા નતા વે. દર્દી લગભગ આજીવન ઘરાક થે વેનેતો.

અધા : વાહ પુત્તર, તોજો જવાબ ત સમજાજે એડો આય!!

## ખિલજા મ ભલા

ગાંડાલાલ : (કચરાલાલને) તમને ખબર છે કે એ માણસ દુનિયાનો સૌથી મૂરખ માણસ છે, જે પોતાની વાત બીજાને સમજાવી શકતો નથી?

કચરાલાલ : એટલે...? હું કાંઈ સમજ્યો નહીં.

☺ ☺ ☺ ☺ ☺

મોટુમલ : આપણો નોકર નટુ બજારમાંથી હજુ આવ્યો નથી. મને તો હવે ઊંઘ આવી રહી છે.

છોટુમલ : પણ તમે એને શું ખરીદવા મોકલ્યો હતો?

મોટુમલ : ઊંઘની ગોળી.

☺ ☺ ☺ ☺ ☺

જગુ : યાર મગુ, મને પાંચસો રૂપિયા ઉધાર આપને...

મગુ : હું કોઈને ઉધાર આપતો નથી.

જગુ : કાંઈ વાંધો નહીં... તું મને રોકડા આપીશ તો પણ ચાલશે!

☺ ☺ ☺ ☺ ☺

માસ્તર છગનલાલ : સાચો ઈન્સાન એ જ કહેવાય, જે એકબીજાના કામમાં આવે.

ગટુ : પણ માસ્તર સાહેબ, પરીક્ષા વખતે નતો તમે અમારા કામમાં આવો છો કે ન તો બીજાને અમારા કામમાં આવા દો છો... એનું શું?

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : મનિયા, તારા અક્ષર એટલા બધા ખરાબ છે કે વંચાતા પણ નથી. આગળ જઈને તારી શું હાલત થશે?

મનિયો : સાહેબ, તમે એની ચિંતા ન કરો. આમેય મારા પપ્પા મને ડૉક્ટર જ બનાવવા માંગે છે.

☺ ☺ ☺ ☺ ☺

પત્ની : સાંભળો છો?.. ફર્નિચરનો હપ્તો લેવાવાળો આવ્યો છે.

પતિ : એમાં બૂમો શું કામ પાડે છે? એક ખુરશી આપી દે.

☺ ☺ ☺ ☺ ☺

છગન : શું વાત છે... આજકાલ તું દેખાતો નથી?

મગન : શું કહું યાર, મારા પિતાજી મને ઘરમાંથી બહાર નીકળવા દેતા નથી.

છગન : અને મારા પિતાજી મને ઘરમાં આવવા દેતા નથી.

☺ ☺ ☺ ☺ ☺

દાદા : બેટા હું એંસી વરસનો થયો. મને યાદ નથી આવતું કે હું ક્યારેય ખોટું બોલ્યો હોઉં.

પૌત્ર : દાદા, એમાં તમારો વાંક નથી. આમેય ઘડપણમાં યાદશક્તિ ઓછી થઈ જતી હોય છે!

☺ ☺ ☺ ☺ ☺

વેઈટર : સાહેબ, ખાવાનું જરા ધ્યાનથી ખાજો.

ગ્રાહક : કેમ? શું ખાવાનું સારું નથી?

વેઈટર : ના, ના સાહેબ... એવી વાત નથી. હકીકતમાં અમારો રસોઈયો સવારથી એના નકલી દાંત શોધી રહ્યો છે. એટલે કદાચ....

☺ ☺ ☺ ☺ ☺

ડૉક્ટર : (પતિ-પત્નીને) તમારા બંને વચ્ચે ખૂબ પ્રેમ હોય એવું લાગે છે.

પતિ : કયા આધારે એવું કહો છો?

ડૉક્ટર : તમારા બંનેનું બ્લડગ્રુપ એક જ છે.

પતિ : હોય જ ને... છેલ્લા ૨૦ વર્ષથી એ રોજ મારું જ લોહી પીએ છે!

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*માણસ તો દરેક ઘરમાં પેદા થાય છે,*
*બસ માણસાઈ ક્યાંક ક્યાંક જ જન્મ લે છે.*

## સમાજ દર્પણ

### સરનામા ફેરફાર

- **શરદભાઈ જયંતિલાલ મહેતા**
  ૪૦૨, આંગી રેસિડેન્સી, તેજપાલ સોસાયટી પાછળ,
  ફતેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
- **હાર્દિક ભૂપેન્દ્રભાઈ મોરબિયા**
  ૧૦૩, મનોર ઈમ્પેરિયા, લોટસ સ્કૂલ પાસે,
  જોધપુર ગામ, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.
- **નીતિન મગનલાલ દેઢિયા**
  સી-૧૦૧, વાઈબ્રન્ટ સિલ્વર-૨, ૧લો માળ,
  જૈન દેરાસર પાસે, બાલેશ્વર બંગ્લોઝની બાજુમાં,
  બોપલ-ઘૂમા રોડ, બોપલ
  અમદાવાદ-૩૮૦ ૦૫૮. મો. ૯૯૨૦૫ ૧૬૩૭૩
- **વિશાલ હરખચંદ કુંવરજી ગોસર**
  ડી-૬૦૩/૬૦૪, રાજયશ રીવેરા,
  એ.એમ. પમ્પિંગ સ્ટેશનની સામે,
  જી.બી. શાહ કૉલેજની પાછળ, ન્યુ વાસણા,
  શાહવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
  મો. ૯૨૭૪૭ ૯૨૭૪૬

### શરણાઈ

- **તા. ૧૯-૧૨-૨૦૨૦**
  ચિ. દ્રવ્યા ખુશાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - અમદાવાદ)
  ચિ. સિધ્ધાર્થ હસમુખ કુંવરજી વોરા (પત્રી)
  (માંડવી - અમદાવાદ)

### પુત્રી જન્મ

- **તા. ૧૭-૧૦-૨૦૨૦**
  ચિ. તનીષા ઉષ્મા વિવેક જયેશ શાહ (માંડવી - અમદાવાદ)

### અવસાન નોંધ – પુષ્પાંજલિ

- **તા. ૧૧-૦૧-૨૦૨૧**
  નિર્મળાબેન ઠાકોરલાલ ગોવિંદલાલ શાહ
  (ફતેહગઢ - અમદાવાદ) "ગૂર્જર પરિવાર"
- **તા. ૧૮-૦૧-૨૦૨૧**
  લક્ષ્મીચંદ કાનજી ગાલા (વાંઢ - અમદાવાદ) (ઉં.વ.-૭૨)

*સદ્‌ગતશ્રીઓના આત્માના શ્રેયાર્થે પ્રાર્થના.*

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

| | |
|---|---|
| રૂા. ૨૫,૦૦૦/- | સ્વ. પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહ (માંડવી - અમદાવાદ)ની ચતુર્થ પુણ્યતિથિ નિમિત્તે હ. દક્ષાબેન ધનસુખલાલ શાહ પરિવાર તરફથી વૈયાવચ્ચ ખાતે |
| રૂા. ૫,૦૦૦/- | શ્રી પૃથ્વીભાઈ નરેન્દ્રભાઈ શાહ - ગાંધીનગર તરફથી સાધર્મિક સહાય ખાતે |
| રૂા. ૨,૫૦૦/- | શ્રી શાંતિલાલ સોમચંદ મહેતા પરિવાર તરફથી સ્વ. પ્રેમીલાબેન શાંતિલાલ મહેતાની પ્રથમ પુણ્યતિથિ નિમિત્તે ભેટ (રૂા. ૧૦૦૦ : વૈયાવચ્ચ, રૂા. ૧૦૦૦ : જલારામ અન્નક્ષેત્ર, રૂા. ૫૦૦ : સાધર્મિક સહાય ખાતે) |
| રૂા. ૧,૦૦૧/- | શ્રી ખુશાલ મગનલાલ ગડા (નાના ભાડિયા - અમદાવાદ) તરફથી પુત્રી ચિ. દ્રવ્યાના શુભ લગ્ન નિમિત્તે તબીબી સહાય ખાતે. |
| રૂા. ૫૦૦/- | શ્રી જયેશ નાગજી શાહ પરિવાર (માંડવી - અમદાવાદ) તરફથી પૌત્રી ચિ. તનીષાના જન્મ નિમિત્તે |
| રૂા. ૬,૩૦૦/- | શ્રીમતી ઊર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા - અમદાવાદ તરફથી (રૂા. ૨૧૦૦ : વૈયાવચ્ચ ખાતે, રૂા. ૨૧૦૦ : જલારામ અન્નક્ષેત્ર ખાતે, રૂા. ૨૧૦૦ : ડાયાલિસિસ સેન્ટર ખાતે) |
| રૂા. ૫૦૦/- | શ્રીમતી રતનબેન પદમશી ગોસર (ઈંદોર) તરફથી જલારામ અન્નક્ષેત્ર ખાતે |

*ઉપરોક્ત અનુદાન / ભેટ માટે સંસ્થા દરેકનો ખૂબ ખૂબ આભાર માને છે.*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

### માસિક મુખપત્ર "મંગલ મંદિર" : લવાજમની વિગત

| | | |
|---|---|---|
| ■ ૧ વર્ષના | : | રૂા. ૧૫૦/- |
| ■ ૩ વર્ષના | : | રૂા. ૪૦૦/- |
| ■ ૫ વર્ષના | : | રૂા. ૬૦૦/- |
| ■ આજીવન (૧૫ વર્ષના) | : | રૂા. ૧,૫૦૦/- |

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો જોગ

## સંપૂર્ણ બોડી ચેક-અપ કાર્યક્રમ

સંસ્થા દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના મેડિકલ કાર્ડ ધારક સભ્ય પરિવારમાં સંપૂર્ણ બોડી ચેક-અપ વર્ષમાં એક વખત (૧લી એપ્રિલથી ૩૧મી માર્ચ સુધી) ૩૦થી ઉપરની વયના સભ્યોને સંપૂર્ણ નિઃશુલ્ક કરી આપવામાં આવે છે. પરંતુ વર્ષ દરમિયાન કચ્છી જૈન સભ્યો સંપૂર્ણ બોડી ચેક-અપનો ખૂબ જ નહિવત્ સંખ્યામાં લાભ લઈ રહ્યા છે. સંસ્થા દ્વારા આવો અમૂલ્ય લાભ જો મળતો હોય તો કેમ ન લેવો જોઈએ? સભ્યોએ તથા તેમના પરિવારજનોએ પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ થવું જ જોઈએ. આથી સંસ્થા દ્વારા ઉપરોક્ત બાબતે તા. ૦૧-૦૪-૨૦૨૧થી દરરોજ ૧૦થી ૨૦ સભ્યોના બોડી ચેક-અપ કરાવવાનું એક સુંદર આયોજન કરવામાં આવનાર છે કે જેમાં ફક્ત અમદાવાદ - ગાંધીનગર સ્થિત ૩૦થી ઉપરની વયના તમામ સભ્યોને આવરી લેવાનું આયોજન કરવામાં આવનાર છે.

આથી સંસ્થાને એવી આશા છે કે સભ્યો પોતાના સ્વાસ્થ્ય માટે સજાગ રહી ઉપરોક્ત આયોજનમાં પૂરો સહકાર આપશે.

**પ્રતાપ નારાણજી દંડ**
**મેનેજિંગ ટ્રસ્ટી તથા પ્રમુખ**

**પ્રદીપ સૂરજલાલ મહેતા**
**માનદ્ મંત્રી**

***નોંધ*** : *૧. આવનાર સભ્યોએ સંસ્થા દ્વારા આપવામાં આવેલ મેડિકલ કાર્ડ સાથે લાવવું જરૂરી રહેશે.*
*૨. આવનાર સભ્યોએ આગલા દિવસે રાત્રીના ૧૧.૦૦ વાગ્યા પછી કોઈપણ જાતનો ખોરાક, ચા-પાણી લેવા નહીં.*

## હેલ્થ ચેક-અપ : કોણે અને શા માટે?

હેલ્થ ચેક-અપ : કેમ, ક્યારે અને કોણે? આ પ્રશ્ન દરેકને સતાવે છે. હું સ્વસ્થ છું, હું ઉંમરમાં નાની / નાનો છું, હું દોડી શકું છું તો હેલ્થ ચેક-અપ કેમ કરાવવું?

*આ પ્રશ્નનો ઉત્તર એક જ છે :* **"પહેલું સુખ તે જાતે નર્યા" – "Health is Wealth"**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત મેડિકલ સેન્ટરે બોડી ચેક-અપ વિભાગની શરૂઆત વર્ષ ૧૯૯૯માં કરેલ હતી. જેની જવાબદારી મને સોંપવામાં આવી હતી. ૧ બોડી ચેક-અપથી કરીને આજે આપણે રોજના ૩૦થી ૪૦ બોડી ચેક-અપ કરીએ છીએ. પણ દુઃખની વાત તો એ છે કે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોનો ફાળો એમાં ઓછો જોવા મળે છે. વિસ્તારથી જણાવું તો બોડી ચેક-અપ એક મશીન નથી, જેમાં તમને મૂક્યા અને રીપોર્ટ મળી ગયા. અહીં આપણે બોડી ચેક-અપની અલગ અલગ સ્કીમો દ્વારા

(૧) લોહીની તપાસ
(૨) સોનોગ્રાફી
(૩) છાતીનો એક્સ-રે
(૪) હૃદયનું ECG
(૫) હૃદયની સોનોગ્રાફી (2D Echo Heart)
(૬) ટી.એમ.ટી. (હૃદયની ધમની માટે થતો ટેસ્ટ)
(૭) પેપ્સ સ્મિઅર – Pep's Smear (ગર્ભાશયના કેન્સરની તપાસ) કરીએ છીએ.

***આ સિવાય નિષ્ણાત ડૉક્ટર્સની સેવાનો લાભ તો ખરો જ...***

આ બધું જ એક જ સ્થળે, એક જ દિવસમાં થઈ શકે છે. હેલ્થ ચેક-અપ કરાવીને તમે તમારા બોડીનું સ્ક્રીનિંગ કરો છો. જેનાથી ઘણા રોગોનું નિદાન પહેલીવાર થાય છે. જેમ કે :

(૧) ડાયાબિટીસ
(૨) બ્લડ પ્રેશર
(૩) થાઈરોઈડ
(૪) હૃદયની તકલીફ
(૫) ફેફસાંની તકલીફ
(૬) કેન્સર જેવા મોટા રોગો
(૭) સંધિવા

શરૂઆતમાં જો આ રોગોનું નિદાન થાય તો તમે બીજા અવયવો જેમ કે કિડની, હૃદય અને ફેફસાને બચાવી શકો છો. એવું કહેવાય કે "શૂળીનો ઘા સોયથી ટળે."

જરૂર પડે તો ડૉક્ટર એડવાન્સ ટેસ્ટ જેમ કે મેમોગ્રાફી, સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. – આવા ટેસ્ટની પણ સલાહ આપે છે, જે આપણે ત્યાંથી રાહત દરે થાય છે.

આજકાલની ભાગદોડભરી જિંદગીમાં ૨૫-૩૦ વર્ષે પણ બી.પી., ડાયાબિટીસ, વિટામિન-બી૧૨ અને વિટામિન-ડી ની ઉણપ, થાઈરોઈડ જોવા મળે છે. જો તમે આ રોગોનું નિદાન સમયસર કરાવી લો અને એની દવા કરો તો એના થકી થતાં કોમ્પ્લિકેશન્સ અટકાવી શકો છો.

૫૦ વર્ષની ઉંમરવાળા વ્યક્તિઓએ તો હેલ્થ ચેક-અપનો લાભ લેવો જ જોઈએ. મહિલાઓને આ ઉંમરે મેનોપોઝની તકલીફ હેરાન કરે છે અને પુરુષોને પ્રોસ્ટેટની તકલીફ શરૂ થાય છે. પ્રોસ્ટેટ, ગર્ભાશય તથા સ્તન કેન્સરથી બચવું જરૂરી છે. જેમાં સોનોગ્રાફી, S.PSA મેમોગ્રાફી, પેપ્સ સ્મિઅર મદદરૂપ થઈ શકે છે. હૃદયના રોગ જે પહેલાં ૬૦ વર્ષ પછી થતા હતા, તે હવે ૪૦-૫૦ વર્ષે થાય છે. તો TMT તથા 2D Echo થી આપણે એનું સમયસર નિદાન કરી શકીએ છીએ.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પોતાના સભ્યોનો ખ્યાલ રાખે છે, તો શું તમે તમારો ખ્યાલ ના રાખી શકો?

આવો, પોતાના માટે પ્રેમ બતાવો અને સમયસર દર વર્ષે બોડી ચેક-અપનો લાભ લો. "તમે સુખી તો તમારો પરિવાર સુખી."

***સમાજ તરફથી નીચેની સેવા નિઃશુલ્ક આપવામાં આવે છે.***

| | | | |
|---|---|---|---|
| (૧) | ૩૦-૪૦ વર્ષ | રૂા. ૭૫૦.૦૦ | નું બોડી ચેક-અપ |
| (૨) | ૪૦-૫૦ વર્ષ | રૂા. ૧,૫૦૦.૦૦ | નું બોડી ચેક-અપ |
| (૩) | ૫૦ વર્ષ કે તેથી વધુ | રૂા. ૨,૩૦૦.૦૦ | નું બોડી ચેક-અપ |

તો જરૂર શ્રી કચ્છી જૈન મેડિકલ સેન્ટરનો લાભ લેવા પધારો.

***ડૉ. નીતુ પરીખ, એમ.ડી. ફિઝિશિયન***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## યોગ સેમિનાર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની ગૃહ ઉદ્યોગ સમિતિ અને વયસ્ક સમિતિના સંયુક્ત ઉપક્રમે યોગના એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં કોઈપણ ભાઈ-બહેન ભાગ લઈ શકે છે.

ભાગ લેનાર વ્યક્તિઓએ સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાં પોતાના નામ અને ટેલીફોન નંબર નોંધાવવા જરૂરી છે.

***સંપર્ક નંબર : (૦૭૯)*** *૪૮૯૦ ૬૦૦૧, ૪૮૯૦ ૬૦૦૨, ૪૮૯૦ ૬૦૦૩, ૪૮૯૦ ૬૦૦૪, ૪૮૯૦ ૬૦૦૫, ૪૮૯૦ ૬૦૦૬*

***સેમિનારની તારીખ*** : તા. ૧૭-૦૩-૨૦૨૧

***સ્થળ*** : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી (બેઝમેન્ટમાં)

***સમય*** : સવારે ૬.૩૦ થી ૭.૩૦

***સેમિનારનું સંચાલન*** : શ્રીમતી શાહેદા રંગવાલા (ન્યુટ્રિશિયન એડવાઈઝર)

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## મેરેજ બ્યુરો સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની સંબંધિત સમિતિ દ્વારા લગ્નોત્સુક ભાઈ-બહેનો માટે મેરેજ બ્યુરો ચલાવવામાં આવે છે. જેની વિગત 'KJSS Jain Whatspp Group' પર નિયમિત પ્રસારિત કરવામાં આવે છે. તેમાં રજિસ્ટર્ડ થયેલા બે લગ્નોત્સુક ભાઈ-બહેનની તથા અન્ય બે યુવક-યુવતીની બીજા ગ્રુપ દ્વારા સગાઈ નક્કી થઈ છે. આ સંબંધી સમિતિમાં તથા તેના ઉપક્રમે વૉટ્સએપ ગ્રુપની કામગીરી ખૂબ સરસ અને વ્યવસ્થિત રીતે ચાલી રહી છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના પરિવારજનોમાંથી લગ્નોત્સુક યુવક-યુવતીઓ ઉપરોક્ત ગ્રુપમાં પોતાનું નામ રજિસ્ટર્ડ કરાવી શકે છે.

***વધુ વિગત માટે સંપર્ક :***

અમી શાહ : મો. ૯૯૭૯૬ ૫૧૯૨૯
ગિરીશભાઈ દેઢિયા : મો. ૯૩૨૦૩ ૧૬૮૬૮
વીણાબેન સંઘવી : મો. ૮૦૦૦૭ ૩૯૬૯૮

***અમી નીતિન શાહ : મેરેજ બ્યુરો સમિતિ***

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## યુવા વિકાસ સમિતિ

### ધૂળેટીનો કાર્યક્રમ

યુવા વિકાસ સમિતિ દ્વારા ધૂળેટીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ દિવસે માત્ર ગુલાલનો ઉપયોગ જ કરવાનો રહેશે. ગુલાલ કે કેમિકલ રંગો ઘરેથી લાવવા નહીં. ગુલાલ યુવા વિકાસ સમિતિ દ્વારા જ આપવામાં આવશે, જેનો ખાસ ખ્યાલ રાખવા વિનંતી.

ધૂળેટીમાં રમવા આવનાર, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યો હોવા જરૂરી છે અને આવવા ઇચ્છતા સભ્યોએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી કાર્યાલયમાં પોતાના નામ તથા ફોન નંબર તા. ૨૭-૦૩-૨૦૨૧ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા સુધી અચૂક લખાવવાના રહેશે. ત્યારબાદ નામ લખાવનાર સભ્યોને આ કાર્યક્રમમાં ધૂળેટી રમવાનો આનંદ જરૂરથી મળી શકશે, પરંતુ બપોરના ભોજનનો લાભ નહીં મળી શકે જેની ખાસ નોંધ લેવા વિનંતી (વ્યવસ્થા માટે).

*કાર્યક્રમ સંબંધી વિગત નીચે મુજબ છે :*

*તારીખ : સોમવાર, તા. ૨૯-૩-૨૦૨૧*
*સમય : સવારે ૧૦.૦૦થી બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી.*
*સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*

*વધુ માહિતી માટે સંપર્ક :*
*ડૉ. કેતન આઈ. શાહ : ૯૮૨૫૬ ૮૭૭૪૧*
*અમીબેન નીતિનભાઈ શાહ : ૯૯૭૯૯ ૬૧૯૨૯*

*ડૉ. કેતન શાહ, કન્વીનર - યુવા વિકાસ સમિતિ*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## વયસ્ક સમિતિ

### નિઃશુલ્ક ઓડિયોગ્રામ

સમાજના ૬૦ વર્ષથી ઉપરની વયના વડીલોને ઓડિયોગ્રામ કરાવવો હોય તો "સાઉન્ડ લાઇફ" (Sound Life)ની પ્રહલાદ નગર, સેટેલાઇટ તથા મણિનગરની બ્રાંચ ખાતે કોઈપણ ચાર્જ વગર કરી આપવામાં આવશે.

*વધુ વિગત માટે*
*રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧) નો સંપર્ક કરવો.*

*કન્વીનર - વયસ્ક સમિતિ*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**

## સભ્યપદ સમિતિ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના તમામ સભ્ય પરિવારોને જણાવવાનું કે કોઈ પરિવારમાં મુખ્ય સભ્ય કે જેના નામથી જ સમાજના સભ્યપદની નોંધણી કરવામાં આવેલ હોય તે સભ્ય પોતે અવસાન પામે તો તેમના પરિવારમાંથી અન્ય કોઈ સભ્ય (પુત્ર / પત્ની)એ સભ્યપદ ચાલુ રાખવા માટે જે-તે પરિવારના સભ્યના અવસાનથી છ માસની અંદર નવેસરથી અરજી કરવાની રહેશે. આ પ્રમાણે સભ્યપદ તરીકે નામમાં ફેરફાર થશે નહીં તો તેવા પરિવારોને સમાજ તરફથી મળતા તમામ લાભ બંધ કરવામાં આવશે જેની નોંધ લેવી.

*રમણિકલાલ કુંવરજી ગોસર*
*કન્વીનર - સભ્યપદ / મેડિકલ કાર્ડ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંસ્થાએ પોતાની અનેક સેવાકીય પ્રવૃત્તિઓ અંતર્ગત વર્ષ ૨૦૧૪માં સમાજના નોંધાયેલા સભ્યો માટે 'શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ'ની સ્થાપના કરેલ છે. રૂા. ૧૦/-ની કિંમતના ૧૦ શેર લઇ શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના નોંધાયેલ સભ્યો તથા આ સંસ્થાના સ્ટાફ સભ્યો ક્રેડિટ સોસાયટીના સભ્ય બની શકે છે. ક્રેડિટ સોસાયટીના સભ્ય બનેલા સભ્યોને નાના-મોટા ધંધા તથા અન્ય સામાજિક, ધાર્મિક કે કૌટુંબિક જરૂરિયાત માટે (અમુક મર્યાદામાં) ક્રેડિટ સોસાયટીના બનેલ સભ્યોને વાર્ષિક ૧૦ ટકાના વ્યાજે (હાલમાં) લોન આપવામાં આવે છે. જે ૧૨, ૨૪ કે ૩૬ હપ્તાઓમાં પરત આપવાની હોય છે. આ પ્રકારની લોન માટે ક્રેડિટ સોસાયટીના બનેલા સભ્યો પૈકી બે જામીનદારોની ભલામણ જરૂરી છે. ક્રેડિટ સોસાયટીના બચત ખાતાઓમાં જમા રકમ ઉપર ૪ ટકા વાર્ષિક વ્યાજ આપવામાં આવે છે. ફંડની જરૂર પડે ત્યારે સભ્યો પાસેથી ફિક્સ ડિપોઝિટ ૭ ટકા વ્યાજે (હાલમાં) લેવામાં આવે છે.

ક્રેડિટ સોસાયટી અપીલ કરે છે કે સમાજના જે સભ્યો ક્રેડિટ સોસાયટીના સભ્ય બનેલ નથી, એ વહેલી તકે ક્રેડિટ સોસાયટીના સભ્ય બની જાય અને જે કોઈને પણ પોતાના નાના-મોટા ધંધા રોજગાર તથા અન્ય પ્રસંગ માટે લોન જોઈતી હોય તેઓએ સમાજ પર આવી ક્રેડિટ સોસાયટીના હોદ્દેદારોને મળી લોન અંગેના નીતિ-નિયમોની જાણકારી મેળવી લેવા વિનંતી છે.

લોન સમિતિ, નિયમ મુજબ લોન અરજીની ચકાસણી કરશે અને યોગ્ય નિર્ણય જણાવશે.

*ચેરમેન, શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ

### વાર્ષિક સાધારણ સભા

શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદની વાર્ષિક સાધારણ સભા રવિવાર, તા. ૧૪-૦૩-૨૦૨૧ના રોજ સવારે ૯.૩૦ કલાકે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી, અમદાવાદ ખાતે મળશે. તો સોસાયટીમાં નોંધાયેલ સભ્યોએ હાજર રહેવા વિનંતી.

સાધારણ સભામાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું ડિવીડન્ડ જાહેર કરવામાં આવશે.

***ખાસ નોંધ :*** સાધારણ સભામાં આવનાર સભ્યોએ કોવિડ-૧૯ના નીતિ-નિયમોનું પાલન કરવું અનિવાર્ય છે. માસ્ક વગર એન્ટ્રી મળશે નહીં.

*મંત્રી, શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ*

## શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ

*શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*નોંધણી નંબર : નધણ/એએચએમ/સે (શ) ૪૧૧૮૧ સને ૨૦૧૩*

### તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજ પૂરા થતા વર્ષનું નફા-નુકસાન ખાતું

| ખર્ચાઓ | રકમ (રૂા.) | આવક | રકમ (રૂા.) |
|---|---|---|---|
| **કુલ નુકસાન :** | | **વ્યાજની આવક :** | |
| કુલ નુકસાન | — | ફિક્સ ડિપોઝિટ વ્યાજ | ૨૧,૨૬૬.૦૦ |
| | | જાત જમીન લોન વ્યાજ | ૧,૪૩,૮૧૪.૦૦ |
| **એડમિનિસ્ટ્રેટીવ ખર્ચ :** | | બેંક સેવિંગ ખાતાનું વ્યાજ | ૭,૨૭૪.૦૦ |
| પગાર ખર્ચ ખાતે | ૧૮,૦૦૦.૦૦ | | |
| સોફ્ટવેર મેઈન્ટેનન્સ ખર્ચ | ૫,૦૦૦.૦૦ | | |
| **વ્યાજ ખર્ચ ખાતે :** | | | |
| વ્યાજ - ફરજિયાત બચત ખાતે | ૩૮,૫૬૭.૦૦ | | |
| વ્યાજ - ફિક્સ ડિપોઝિટ ખાતે | ૨૫,૧૬૪.૦૦ | | |
| **અન્ય ખર્ચાઓ :** | | | |
| મીટિંગ ખર્ચ | ૮,૦૦૦.૦૦ | | |
| **કુલ નફો સી/એફ :** | | | |
| કુલ નફો (બેલેન્સ શીટમાં લઈ ગયા) | ૭૭,૬૨૩.૦૦ | | |
| **કુલ રકમ...** | **૧,૭૨,૩૫૪.૦૦** | **કુલ રકમ...** | **૧,૭૨,૩૫૪.૦૦** |

# શ્રી કચ્છી જૈન સમાજ કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટી લિમિટેડ - અમદાવાદ

*શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલની સામે,*
*પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*નોંધણી નંબર : નધણ/એએચએમ/સે (શ) ૪૧૧૮૧ સને ૨૦૧૩*

## તા. ૩૧-૦૩-૨૦૨૦ના રોજનું પાકુ સરવૈયું

| જવાબદારીઓ | રકમ (રૂા.) | મિલ્કતો | રકમ (રૂા.) |
|---|---|---|---|
| **કુલ નફો :** | | **બચત અને એફ.ડી. :** | |
| નફો (નફા - નુકસાન ખાતે લઇ ગયા) | ૭૭,૬૨૩.૦૦ | બેંક ફિક્સ ડિપોઝિટ ઇન્વેસ્ટમેન્ટ | ૧,૫૦,૦૦૦.૦૦ |
| **શેર કેપીટલ :** | | **કેશ (રોકડ) ખાતે :** | |
| સભ્ય એકાઉન્ટ | ૧૦,૯૩,૫૦૦.૦૦ | કેશ (રોકડ) ખાતે | ૩,૮૯૪.૦૦ |
| **બચત અને ફંડ :** | | **બેંક ખાતે :** | |
| નફા-નુકસાન ખાતે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ | ૩૨,૨૬૧.૦૦ | અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો.ઓ. બેંક લિ. | ૨,૪૫,૦૫૯.૦૦ |
| નફા-નુકસાન ખાતે વર્ષ ૨૦૧૭-૨૦૧૮ | ૨૩,૦૯૪.૦૦ | | |
| નફા-નુકસાન ખાતે વર્ષ ૨૦૧૮-૨૦૧૯ | ૩૨,૨૫૨.૦૦ | **ચાલુ મિલ્કતો :** | |
| નફા-નુકસાન ખાતે વર્ષ ૨૦૧૫-૨૦૧૬ | ૫,૮૫૫.૦૦ | નફા-નુકસાન વર્ષ ૨૦૧૪-૧૫ | ૫,૩૩૩.૦૦ |
| રિઝર્વ ફંડ | ૩,૨૮૫.૦૦ | સોફ્ટવેર ખરીદ ખાતે | ૩૫,૫૦૦.૦૦ |
| **ડિપોઝીટ અને અન્ય ખાતે :** | | **લોન અને એડવાન્સ :** | |
| કમ્પલસરી સેવિંગ્સ | ૩,૪૨,૦૧૬.૦૦ | જાત જમીન લોન ખાતે | ૧૬,૩૦,૬૪૬.૦૦ |
| ફિક્સ ડિપોઝિટ | ૩,૫૮,૮૨૬.૦૦ | | |
| **ચાલુ જવાબદારીઓ :** | | | |
| ડિવીડન્ડ | ૧,૭૨૦.૦૦ | | |
| શ્રી કચ્છી જૈન સેવા સમાજ | ૧,૦૦,૦૦૦.૦૦ | | |
| **કુલ રકમ...** | **૨૦,૭૦,૪૩૨.૦૦** | **કુલ રકમ...** | **૨૦,૭૦,૪૩૨.૦૦** |

★ *માર્ચ-૨૦૧૯ના રોજ શેર કેપીટલ રૂા. ૪,૩૨,૦૦૦/- હતી. આ વર્ષે વધીને રૂા. ૧૦,૯૩,૫૦૦/- છે.*

★ *સોસાયટીના સભ્યોની સંખ્યા હાલમાં ૨૧૨ છે.*

★ *ગત વર્ષે રૂા. ૬,૬૬,૦૫૭/-ની લોન આપવામાં આવી હતી. આ વર્ષે રૂા. ૧૪,૫૨,૬૩૭/- લોન આપવામાં આવેલ છે.*

★ *ગત વર્ષે નફો રૂા. ૬૬,૮૧૨/- હતો. આ વર્ષે રૂા. ૭૭,૬૨૩/- છે.*

★ *વર્ષ ૨૦૨૦-૨૦૨૧ માટે કોરોનાના કારણે નિયમિત હપ્તા ભરનાર પાસેથી વ્યાજનો દર ૧૧ ટકાને ઘટાડીને ૯ ટકા છ માસ માટે કરવામાં આવેલ હતો.*

## ચતુર્થ વાર્ષિક પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**જન્મ**
તા. ૩૧-૦૩-૧૯૪૧
રંગૂન

**અરિહંત શરણ**
તા. ૨૦-૦૩-૨૦૧૭
અમદાવાદ

# સ્વ. પ્રો. ધનસુખલાલ મોતીલાલ શાહ

(માંડવી - કચ્છ)

*સદ્કાર્યોની જ્યોત તમે પ્રગટાવી ગયા*
*પુણ્યની કેડી કંડારી ગયા*
*સરળ, નિરાભિમાની ને લાગણીશીલ સ્વભાવને જીવી ગયા*

*પિતા તરીકેની ઉમદા છત્રછાયામાં*
*હૂંફ અને સાથ સદાય આપતા રહ્યા*
*સ્વમાન હંમેશાં જાળવીને રહ્યા*
*એ રાહ તમે સૌને દેખાડી ગયા.*

*અન્યને મદદરૂપ થવાનો સ્વભાવ આપનો*
*આદર સહ અમારું શીશ ઝુકાવી ગયો.*

**● હૃદયાંજલિ અર્પતો પરિવાર ●**

**દક્ષાબેન ધનસુખલાલ શાહ (ધર્મપત્ની)**

| | | | |
|---|---|---|---|
| હિરેન ધનસુખલાલ શાહ | (સુપુત્ર) | ડૉ. લીના હિરેન શાહ | (પુત્રવધૂ) |
| નિશા મિલન સતિયા | (સુપુત્રી) | ડૉ. મિલન સી. સતિયા | (જમાઈ) |
| અલ્પા મેહુલ શાહ | (સુપુત્રી) | મેહુલ ડી. શાહ | (જમાઇ) |

**મૈત્રેયી, કાંચી, અંશુલ, વિશુ, આર્જવ**

**દક્ષાબેન શાહ : મો. ૯૮૭૯૭ ૩૧૭૧૬**

"Mangal Mandir" - Regd. under Postal Registration No. GAMC-315/2021-2023 Valid upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month.
R.N.I. No. of RNP is 33266/1978 ● Published on 1st of Every Month

આ પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાન

# ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ,
અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લેન્ડમાર્ક બિલ્ડિંગ,
ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે,
સીમા હૉલની સામે, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

## કલાને વફાદાર ચિત્રકાર, ફિલ્મનિર્માતા, સંગીતકાર અને સાહિત્યકાર

# સત્યજિત રાયનું રસ-રહસ્યસભર કથાસાહિત્ય



ભારતરત્ન સત્યજિત રાય [1921-1992] કલાને વફાદાર ચિત્રકાર, ફિલ્મનિર્માતા, સંગીતકાર અને સાહિત્યકાર હતા. માત્ર છ વર્ષની વયે પિતાનું છત્ર ગુમાવ્યા પછી, પારાવાર સંઘર્ષો સામે ઝઝૂમીને જગત સમક્ષ પોતાની પ્રતિભા એમણે પુરવાર કરી હતી. કલાસર્જનમાં ક્યાંય કોમ્પ્રોમાઈઝ નહિ કરવાની એમની પ્રકૃતિએ જ એમને વિવિધ ક્ષેત્રે સર્વોચ્ચસ્થાને પહોંચાડ્યા હતા.

સત્યજિતરાયની રહસ્યકથાઓ તો ખૂબ વખણાઈ છે, એ જ રીતે એમની વિજ્ઞાનકથાઓ પણ પોંખાઈ છે તથા પુરસ્કૃત પણ થઈ છે. ગુજરાતી નવી પેઢીને તેમની કથાઓનો લાભ મળે તે હેતુથી, અન્ય ભાષાઓમાં થયા છે તેમ, ગુજરાતીમાં પણ એના કેટલાક અનુવાદો થયા છે આ અનુવાદો સત્યજિતરાયની સર્જકપ્રતિભાનો સ્પર્શ કરાવશે.

## સત્યજિત રાયની રહસ્યકથાઓ

(ભાગ 1થી 4) કિંમત ₹ 480

*1. જય બાબા ફેલુનાથ અને અન્ય કથાઓ*
*2. જમ્બૂકદેવની મૂર્તિ અને અન્ય કથાઓ*
*3. ટિનટોરેટોનો ઈશુ ખ્રિસ્ત અને અન્ય કથાઓ*
*4. એટેચીની અદલાબદલી અને અન્ય કથાઓ*

'કુમાર'માં પ્રકાશિત રહસ્યકથાઓની આ ગ્રંથશ્રેણી ગુજરાતી અનૂદિત સાહિત્યના ગૌરવ સમાન છે.

**સોનાનો કિલ્લો :** રાજસ્થાનના રણમાં જોયેલા એક ભવ્ય કિલ્લાના ખ્વાબમાંથી કંડારેલી કાલ્પનિક રહસ્યકથા. કિંમત ₹ 150

**ગંગટોકમાં ગરબડ :** સિક્કિમના હિમાલય-પ્રદેશમાં પાંગરેલી અદ્ભુત રહસ્યકથા. કિંમત ₹ 150

**કાઠમંડુમાં હાહાકાર :** એક સરખા ચહેરા-મહોરાવાળા બે આદમીઓની, નેપાળની પાર્શ્વભૂમિમાં આકાર પામેલી રહસ્યકથા. કિંમત ₹ 150

**સત્યજિત રાયની વિજ્ઞાનકથાઓ :** પ્રો. શંકુ અને અન્ય પાત્રો વચ્ચે ગૂંથાતી, વિજ્ઞાનનાં ભેદી રહસ્યોની રોમાંચક સફર. કિંમત ₹ 180




*If undelivered please return to :*

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
નવચેતન હાઈસ્કૂલની સામે, પાલડી - એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨, ૨૬૫૮ ૧૫૦૧

**To,**